પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૧-૪-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૩૮

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
સરખામણી વ્યકિતની
મહેનત સાથે કરવી,
એના મોજ શોખ સાથે નહીં...

અપ્પુ ચણાદાળ
હોમ ડીલીવરી મળશે
દયાલ દાલ મો.98242 00970
હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ
મો.9429189105

### જેન-ઝીએ 'ટ્રમ્પવાળી' કરી

# રૂ.૧૦૦થી વધુની ભારતીય વસ્તુ પર ૫ થી ૮૦ ટકા સુધીની ડ્યુટી લાદતું નેપાળ

## નેપાળ સરકારના કડક કસ્ટમ નિયમોથી સરહદી બજારોમાં વેપાર ઠપ્પ, ૧૭૫૦ કિમી બોર્ડર પર વિરોધઃ નાના વેપારીઓ અને સામાન્ય નાગરિકો પરેશાન

**કસ્ટમ ડ્યૂટીનો નવો નિયમ શું છે?**
બાલેન્દ્ર શાહના નેતૃત્વવાળી નેપાળ સરકાર હવે ભારતીય બજારમાંથી ૧૦૦ રૂપિયાથી વધુની ખરીદી પર ૫% થી ૮૦% સુધીનો ભારે ટેક્સ વસૂલી રહી છે. આ નિયમ આમ તો નવો નથી, પરંતુ ગયા સપ્તાહે નેપાળી નવા વર્ષથી તેનો અમલ અત્યંત કડક બનાવી દેવામાં આવ્યો છે, જેથી પર્સનલ ઉપયોગ માટે પણ સામાન લઈ જવો મુશ્કેલ બન્યો છે.

**રાજકીય પક્ષો અને આગેવાનોનો વિરોધ**
નેપાળના વિપક્ષોએ આ નિર્ણયને 'અઘોષિત નાકાબંધી' ગણાવ્યો છે. રાજીવ ઝા અને બિનય યાદવ જેવા નેતાઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે ભારત-નેપાળ વચ્ચે સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો છે, જો આ નિયમ તાત્કાલિક ધોરણે પાછો નહીં ખેંચાય તો બોર્ડર પર મોટા પાયે જનઆંદોલન કરવામાં આવશે.

**ભારતીય વેપારીઓની આર્થિક મુશ્કેલી**
બનબસા, ધારચુલા, સોનૌલી, જોગબની અને રક્સૌલ જેવા બજારોમાં વેપાર લગભગ ઠપ થઈ ગયો છે. હાલમાં લગ્નની સિઝન ચાલી રહી હોવા છતાં, કસ્ટમ ડ્યૂટીની કડકાઈના કારણે નેપાળી ગ્રાહકોએ ભારત આવવાનું ટાળી રહ્યા છે અથવા તો માત્ર ખૂબ જ જરૂરી વસ્તુઓ જ ખરીદી રહ્યા છે.

**સામાન્ય નાગરિકો પર સીધી અસર**
આ કડક નિર્ણયથી સૌથી વધુ અસર રોજિંદી અને સસ્તી વસ્તુઓ ખરીદવા આવતા સામાન્ય અને ગરીબ લોકોને થઈ છે. ૧૦૦ રૂપિયાની મર્યાદા એટલી ઓછી છે કે થોડું કરિયાણું ખરીદવા પર પણ કલાકો સુધી કસ્ટમની લાઈનમાં ઊભા રહેવું પડે છે, જેનાથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**નેપાળ-ભારત વચ્ચે દુરી બનાવવાનો પ્રયાસ?**
નેપાળ અને ભારત લાંબા સમયથી અલગ દેશની જેમ વર્તતા નથી. નેપાળ જાણે ભારત સાથે જોડાયેલું હોય તે રીતે જ ત્યાં પાસપોર્ટ વગર અવર જવર કરવાની છૂટ છે. ઉપરાંત નેપાળના લોકો સરળતાથી ભારતમાં કામધંધા અર્થે વસે છે. તેઓ ભારતમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયેલા છે. પરંતુ નવી સરકારની આવી હરકતથી હવે ભારત અને નેપાળ વચ્ચે દુરી બને તેવી શકયતા સેવાઈ રહી છે.

**અબતક, નવી દિલ્હી**
નેપાળની બાલેન્દ્ર શાહ સરકાર દ્વારા ભારતીય બજારોમાંથી ખરીદેલી નેપાળી ૧૦૦ રૂપિયા (ભારતીય ૬૩ રૂપિયા) થી વધુની કિંમતની વસ્તુઓ પર ૮૦% સુધીની કસ્ટમ ડ્યૂટીની કડક અમલવારી શરૂ કરવામાં આવી છે. આ નિર્ણયને કારણે ધારચુલાથી દાર્જિલિંગ સુધીના સરહદી બજારોમાં નેપાળી ગ્રાહકોની સંખ્યામાં ભારે ઘટાડો નોંધાયો છે, જેનાથી ભારતીય વેપારીઓની આવક ઘટી છે અને સરહદી જિલ્લાઓમાં રહેતા નેપાળી પરિવારો માટે રોજિંદી ખરીદી અત્યંત મોંઘી બની ગઈ છે. દાયકાઓથી નેપાળી પરિવારો કરિયાણું, દવાઓ, કપડાં, વાસણો અને લગ્નનો સામાન ખરીદવા માટે ભારત આવતા હતા. પરંતુ હવે ૧૭૫૦ કિલોમીટર લાંબી ખુલ્લી સરહદ પર તણાવ અને વિરોધ શરૂ થઈ ગયો છે. નેપાળી સુરક્ષાકર્મીઓ બોર્ડર પર લાઉડસ્પીકર દ્વારા સતત જાહેરાત કરી રહ્યા છે કે કોઈ પણ નાગરિક, સરકારી કર્મચારી કે એનજીઓ કાર્યકરને છૂટ આપવામાં આવશે નહીં. દરેક વ્યક્તિએ ૧૦૦ રૂપિયાથી વધુના ભારતીય સમાન પર ડ્યૂટી ચૂકવવી પડશે, જે વસ્તુના પ્રકારના આધારે ૫% થી (અનુ. આઠમા પાને)

### 'ઈલુ ઈલુ' નહીં કાયમી ઘર માંડવું હોય તો ઈરાનની તૈયારી

# 'ધમકી આપશો તો સમાધાન ભૂલી જજો': પાકમાં અમેરિકા સાથેની બેઠકમાં ઈરાન જોડાશે?

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઈરાનની નાકાબંધી અને અમેરિકા દ્વારા કાર્ગો જહાજની જપ્તીથી ઈરાને ડ્રોન હુમલાની આપી ચેતવણી



**અબતક, રાજકોટ**
પશ્ચિમ એશિયામાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ખેંચતાણ હવે નિર્ણાયક વળાંક પર આવી પહોંચી છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં 'ઈલુ ઈલુ' જેવી ક્ષણિક નરમાશને બદલે જો કાયમી શાંતિનું 'ઘર માંડવું' હોય, તો ઈરાને હવે કડક વલણ સાથે પોતાની તૈયારી દર્શાવી છે. પાકિસ્તાનની મધ્યસ્થી હેઠળ યોજાનારી આ હાઈ-પ્રોફાઈલ બેઠકમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ હાજર રહેવાના છે, પરંતુ બેઠક પહેલા જ ઈરાને સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે કે જો ધમકીનું રાજકારણ ચાલશે તો સમાધાનની આશા છોડી દેવી.

ઈસ્લામાબાદ દ્વારા કરવામાં આવેલા સતત પ્રયાસો બાદ હવે ઈરાન મંત્રણાના ટેબલ પર આવવા તૈયાર થયું છે. જોકે, ઈરાનના વરિષ્ઠ અધિકારીઓએ રોયટર્સને જણાવ્યું છે કે તેઓ હજુ પણ બેઠકમાં ભાગ લેવા અંગે ગંભીરતાથી વિચારણા કરી રહ્યા છે.

અમેરિકાએ ઈરાનના બંદરો પર જે રીતે નાકાબંધી કરી છે અને તાજેતરમાં ઈરાની કાર્ગો જહાજ જપ્ત કર્યું છે, તેનાથી તેહરાન લાલચોળ છે. ઈરાનનું કહેવું છે કે એકતરફ તમે આર્થિક રસ્તો રોકો છો અને બીજી તરફ શાંતિની વાત કરો છો, તે બંને સાથે ન ચાલે.ઈરાને દુનિયાના સૌથી વ્યસ્ત તેલ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ને ફરીથી બંધ કરી દીધો છે. આ પગલું અમેરિકા પર દબાણ લાવવાની રણનીતિ માનવામાં આવે છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ આજે પાકિસ્તાન પહોંચશે ત્યારે આખી દુનિયાની નજર આ બેઠક પર હશે. શું અમેરિકા નરમ પડીને નાકાબંધી હટાવશે? કે પછી ઈરાન પોતાની શરતો પર મક્કમ રહીને આ શાંતિ પ્રયાસોને ફગાવી દેશે? તે જોવાનું રહેશે. અત્યારે તો સ્થિતિ એવી છે કે જો કાયમી ઉકેલ જોઈતો હોય તો બંને પક્ષે નમવું પડશે, નહીંતર ખાડીમાં યુદ્ધના વાદળો વધુ ઘેરા બનશે.

હાલમાં ચાલી રહેલો બે અઠવાડિયાનો યુદ્ધવિરામ આ અઠવાડિયે પૂર્ણ થઈ રહ્યો છે. જો આ વાટાઘાટો નિષ્ફળ જશે, તો આ સંઘર્ષ લાંબો ખેંચાઈ શકે છે તેવી ભીતિ નિષ્ણાતો સેવી રહ્યા છે.

**ઈરાનમાંથી યુરેનિયમ મેળવવું હવે 'લોઢાના ચણા' ચાવવા જેવું મુશ્કેલઃ ટ્રમ્પ**
ટ્રમ્પે સોમવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે, ગયા વર્ષે ઈરાનના પરમાણુ મથકો પર અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ત્યાંથી યુરેનિયમ મેળવવાની પ્રક્રિયા ''લાંબી અને મુશ્કેલ'' હશે. વધુમાં કહ્યું હતું કે ઓપરેશન મિડનાઈટ હેમરએ ઈરાનના પરમાણુ સ્થળોનો સંપૂર્ણ અને સર્વનાશ હતો. તેથી, હવે તે કાટમાળમાંથી સામગ્રી બહાર કાઢવી એ લાંબી અને કપરું પ્રક્રિયા બની રહેશે.''



### અનાજના ભંડારો છલકાયા

# ૨૫ લાખ ટન ઘઉં નિકાસ કરવાનું સરકારે મન બનાવ્યું

## રવિ સિઝન ૨૦૨૬માં ઘઉંનું વાવેતર ૩૩૪ લાખ હેક્ટરને પાર, દેશમાં ૧૨૦૨ લાખ મેટ્રિક ટન ઉત્પાદનનો અંદાજ

**અત્યાર સુધીમાં કુલ કેટલી નિકાસને મંજૂરી અપાઈ?**
અગાઉ આ વર્ષની શરૂઆતમાં જાન્યુઆરી મહિનામાં સરકારે ૫ લાખ મેટ્રિક ટન ઘઉંની બનાવટોની નિકાસને મંજૂરી આપી હતી. ત્યારબાદ ફેબ્રુઆરીમાં વધારાના ૫ લાખ મેટ્રિક ટન ઘઉંની બનાવટો અને ૨૫ લાખ મેટ્રિક ટન ઘઉંની નિકાસને મંજૂરી આપવામાં આવી હતી. હવે લેવાયેલા આ નવીનતમ નિર્ણય સાથે, દેશમાંથી કુલ ૫૦ લાખ મેટ્રિક ટન ઘઉં અને ૧૦ લાખ મેટ્રિક ટન ઘઉંની બનાવટોની નિકાસને પરવાનગી આપવામાં આવી ચૂકી છે.



**અબતક, નવી દિલ્હી**
ખેડૂતોને ટેકો આપવા અને સ્થાનિક બજારોમાં સ્થિરતા જાળવી રાખવાના હેતુથી કેન્દ્ર સરકારે વધુ ૨૫ લાખ મેટ્રિક ટન ઘઉંની નિકાસને મંજૂરી આપી છે. ઉત્પાદન અંદાજ, સ્ટોકની ઉપલબ્ધતા અને ભાવના વલણોની સમીક્ષા કર્યા બાદ સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે રવિ ૨૦૨૬ ની સિઝન દરમિયાન ઘઉંના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગયા વર્ષે ૩૨૮ લાખ હેક્ટરની સરખામણીએ આ વર્ષે વાવેતર ૩૩૪ લાખ હેક્ટરને પાર કરી ગયું છે. આ વધારો ખેડૂતોના વધતા આત્મવિશ્વાસને દર્શાવે છે, જેને સરકારના ખાતરીપૂર્વકના લઘુત્તમ ટેકાના ભાવ અને મજબૂત ખરીદી પ્રણાલીનું પીઠબળ મળેલું છે.

ગયા મહિનાની ૧૦ તારીખે બહાર પાડવામાં આવેલા બીજા એડવાન્સ એસ્ટિમેટ મુજબ, ૨૦૨૫-૨૬ ના પાક વર્ષ માટે ઘઉંનું ઉત્પાદન ૧૨૦૨ લાખ મેટ્રિક ટન રહેવાનો અંદાજ છે, જે દેશમાં ઘઉંના પુરવઠાની એકદમ આરામદાયક સ્થિતિ દર્શાવે છે. સરકારે ઉમેર્યું હતું કે તે ખેડૂતો અને ગ્રાહકોના હિતોને સંતુલિત કરવા અને કૃષિ ક્ષેત્રમાં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે સમયસર અને સંતુલિત પગલાં લેવાનું ચાલુ રાખશે.

**નિકાસના નિર્ણયથી માર્કેટ અને ખેડૂતોને શું ફાયદો થશે?**
મંત્રાલયના જણાવ્યા અનુસાર આ પગલાંથી બજારમાં તરલતામાં સુધારો થવાની અને સ્ટોક મેનેજમેન્ટ વધુ કાર્યક્ષમ બનવાની અપેક્ષા છે. આ નિર્ણયના અન્ય મુખ્ય ફાયદાઓ જોઈએ તો પીક અરાઈવલ સિઝન (જ્યારે બજારમાં માલની આવક સૌથી વધુ હોય) દરમિયાન ખેડૂતોને મજબૂરીમાં નીચા ભાવે પાક વેચતા અટકાવી શકાશે. સ્થાનિક બજારમાં ઘઉંના ભાવ સ્થિર કરવામાં મદદ મળશે. ખેડૂતોની આવકમાં સીધો વધારો થશે. દેશની ખાદ્ય સુરક્ષાનું પણ યોગ્ય રીતે રક્ષણ થશે.

### ગુજરાત કી હવા મેં ધંધા હૈ...

# છેલ્લા દશકામાં ૮ ગણા રોકાણકારો અને ૬ ગણા ટર્નઓવર સાથે શેરબજારમાં ગુજરાતવાસીઓનો ડંકો

## સુરત અને અમદાવાદ દેશના ટોચના શહેરોમાં સામેલ, ગુજરાતના વ્યક્તિગત રોકાણકારોનું ટર્નઓવર ૧૮.૫ લાખ કરોડને પાર

**અબતક, નવી દિલ્હી**
છેલ્લા એક દાયકામાં શેરબજારમાં રોકાણ કરવા બાબતે ગુજરાતીઓનો ક્રેઝ નોંધપાત્ર રીતે વધ્યો છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા શેરબજારમાં રિટેલ ભાગીદારીને ટ્રેક કરતા એક રિપોર્ટ અનુસાર, છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતના વ્યકિતગત રોકાણકારોના ઈક્વિટી ટર્નઓવરમાં લગભગ ૬ ગણો વધારો નોંધાયો છે. આ સાથે જ રાજ્યમાં શેરબજારમાં સક્રિય રોકાણકારોની સંખ્યામાં પણ ૮ ગણો માતબર ઉછાળો જોવા મળ્યો છે.

એનએસઈના આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૧૬ ના અંતે ગુજરાતમાં ૬.૧ લાખ સક્રિય વ્યક્તિગત રોકાણકારો હતા, જે આંકડો નાણાકીય વર્ષ ૨૦૨૬ ના અંત સુધીમાં રોકેટ ગતિએ વધીને ૪૬.૧ લાખ પર પહોંચી ગયો છે. જો ટર્નઓવરની વાત કરવામાં આવે તો, ગુજરાતમાં વ્યક્તિગત રોકાણકારોનું ઈક્વિટી ટર્નઓવર નાણાકીય વર્ષ ૨૦૧૬ માં ૩.૫ લાખ કરોડ રૂપિયા હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૬ માં વધીને ૧૮.૫ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. આ આંકડા રાજ્યભરમાં રિટેલ ટ્રેડિંગ પ્રવૃત્તિમાં થયેલો તીવ્ર વધારો દર્શાવે છે.

સમગ્ર દેશના જિલ્લાઓની વાત કરીએ તો અમદાવાદ દેશના સૌથી મોટા રિટેલ ટ્રેડિંગ સેન્ટર્સ પૈકીના એક તરીકે ઉભરી આવ્યું છે. ટર્નઓવરની દ્રષ્ટિએ (અનુ. આઠમા પાને)



**જો ૪ કરોડ SIP અટકી પડે તો શેરબજારનું આવી બને?**
ભારતીય શેરબજાર અત્યારે જે ઊંચાઈ પર છે, તેનો આખો શ્રેય દેશના સામાન્ય રોકાણકારોને જાય છે. પરંતુ હવે એક મોટો પ્રશ્ન ઊભો થઈ રહ્યો છેઃ જો આ ૪ કરોડ SIP ધારકો અચાનક રોકાણ કરવાનું બંધ કરી દે, તો શું ભારતીય શેરબજાર પત્તાના મહેલની જેમ તૂટી પડશે? છેલ્લા કેટલાક સમયથી વિદેશી રોકાણકારો સતત નાણાં પાછા ખેંચી રહ્યા છે, છતાં ભારતીય બજાર ટકી રહ્યું છે. તેનું એકમાત્ર કારણ દર મહિને આવતી આશરે ₹૩૨,૦૦૦ કરોડની SIP છે. જો આ પ્રવાહ અટકે, તો બજારને ટેકો આપનાર કોઈ મોટી શક્તિ બચશે નહીં.જો રોકાણકારો SIP બંધ કરે અને સાથે-સાથે પોતાના નાણાં પાછા ખેંચવાનું શરૂ કરે, તો મ્યુચ્યુઅલ ફંડ હાઉસિસ પર દબાણ વધશે. તેમણે રોકાણકારોને પૈસા ચૂકવવા માટે ફરજિયાત શેર વેચવા પડશે, જે બજારમાં 'ડોમિનો ઈફેક્ટ' (સતત ઘટાડો) સર્જી શકે છે.માર્કેટ એક્સપર્ટ્સ ચેતવણી આપી રહ્યા છે કે રિટેલ રોકાણકાર ત્યાં સુધી જ ટકી રહેશે જ્યાં સુધી તેને પોર્ટફોલિયોમાં 'લીલો રંગ' એટલે કે નફો દેખાશે. જો આગામી ૧.૫ વર્ષ (૧૮ મહિના) સુધી બજારમાં વળતર શૂન્ય કે નેગેટિવ રહેશે, તો મધ્યમ વર્ગનો રોકાણકાર હિંમત હારી શકે છે અત્યારે મેરઠ, ગોરખપુર અને રાજકોટ જેવા શહેરોમાંથી નાના રોકાણકારો શિસ્તબદ્ધ રીતે પૈસા લગાવી રહ્યા છે. જો બજાર લાંબો સમય સાઈડવેઝ (સ્થિર) રહે અથવા સતત ઘટે, તો આ નવા રોકાણકારોમાં ગભરાટ ફેલાઈ શકે છે.



## સૌરાષ્ટ્રની સુગંધ અને કેસર કેરીનો સ્વાદ

# સૌરાષ્ટ્રની માટી, ગુજરાતીઓનું દિલ અને કાઠીયાવાડની કેરીનો "મીઠો" મિલાપ

## ભારતમાં થતી ૧૫૦૦ જેટલી જાતો પૈકી એક હજાર કેરીની જાતો વ્યવાસાયિક રીતે સામેલ છેઃ દર વર્ષે આપણો દેશ ૨૦ કરોડ ટન કેરીનું ઉત્પાદન કરે છેઃ વિશ્વમાં સૌથી વધુ કેરીનું ઉત્પાદન ભારતમાં થાય છેઃ વિશ્વના ૪૪ થી વધુ દેશોમાં કેરીની નિકાસ આપણો દેશ કરે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

કેસર હોય કે હાફૂસ, ગુજરાતી પરિવારોનો ઉનાળો કેરી વગર અધુરો ગણાય છે. સૌરાષ્ટ્રભરમાં કેરીનું આગમન થઈ ગયું છે, ત્યારે આપણા રસોડાની શાન સમી આ કેરી બપોરે અને સાંજે ભોજનની પ્રથમ પસંદ બને છે. રસ પૂરીનું જમણ રાજા સ્વાદ આપે છે. કેરી લગભગ ભારતના બધા રાજ્યોમાં થાય છે. કાચુ ફળ ખાટુંને પાકી જાય પછી મધમધતી સુગંધ સાથે મીઠીને ટેસ્ટી બની જાય છે. આ ફળને ચૂસીને, કાપીને કે તેનો રસ કાઢીને ખાય શકાય છે. આંબાનો સૌથી વધુ પાક યુ.પી.માં થાય છે, લગભગ સવા લાખ એકરમાં તેનું વાવેતર જોવા મળે છે. બિહાર, બંગાળ, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેનો પાક વધુ થાય છે. આજે તો બારે માસ કેરી મળે છે, પણ તેનો અસલ સ્વાદ તો અત્યારે જ મળે છે. સૌરાષ્ટ્ર કે આપણાં કાઠિયાવાડમાં જૂનાગઢની કેસર કેરીની બોલબાલા છે પણ ભાવનગર, મોરબી, જામનગર, ભાવનગર જેવા જીલ્લામાં પણ તેનો પાક થાય છે. આપણે તો જૂનાગઢની કેરીની પ્રથમ પસંદગી હોય છે. મહારાષ્ટ્રની અલફાન્ઝો અને પાયરી જેવી કેરી વેપારીની દ્રષ્ટિએ ઉત્તમ ગણાય છે. કેરી આપણાં દેશનું રાષ્ટ્રીય ફળ છે. વૈજ્ઞાનિક વર્ગીકરણમાં તે સપુષ્પ વનસ્પતિની વ્યાખ્યામાં આવે છે. તેના ગોટલામાંથી ગોટલી કાઢીને તેની ચીરીઓ કે નાના કટકા કરી તેમાં મીઠું અને લીંબુનો રસ લગાડીને મુખવાસ તરીકે પણ કાઠિયાવાડી લોકો ખાય છે. આ ગોટલી તૂરી હોય પણ ઉલ્ટી કે ડાયેરીઆ મટાડે છે. ઘણા તેમાં આંબળાનો ભૂકો અને કાંટાળા માપુનો ભુક્કો સાથે લવિંગનો ભૂક્કો નાખી દંત મંજન પણ બનાવે છે. વિજ્ઞાનની દ્રષ્ટિએ કેરીમાં કેલરી અને કાર્બોહાઈટ્રેડ નું પ્રમાણ વધુ હોવાથી તે તમારા વજનમાં વધારો કરી શકે છે, જો વજન વધારવું જ હોય તો પાકી કેરીનું સેવન કરવું. તેમાં લોહતત્વ (આયર્ન)નું પ્રમાણ વધુ હોવાથી એનેમિક વ્યક્તિએ જરૂરથી કેરી ખાવી. કેરીમાં વિટામીન-ઈનું પ્રમાણ વધારે હોવાથી હોર્મન સીસ્ટમને સીધી અસર કરે છે. સૌથી અગત્યની વાત બેક્ટેરિયલ ઈન્ફેક્શન, કબજિયાત, ડાયેરીયા, આંખોની મુશ્કેલી, વાળ ખરવા, હ્રદયરોગનો હુમલો, લીવરની સમસ્યા, મોર્નિંગ સિકનેશ, પાઈલ્સ, અળાઈ વિગેરેમાં તે રાહત આપે છે. આપણો દેશ દુનિયાના કુલ ઉત્પાદનના ૪૦ ટકાથી વધુ ઉત્પાદન કરે છે. આપણાં પછી ચિન અને પાકિસ્તાનનો ઉત્પાદનમાં નંબર આવે છે. દુનિયાના ટોપ-૧૦ કેરી ઉત્પાદક કરતા દેશોમાં ભારત, ચીન, પાકિસ્તાન, મેકિસકો, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, બ્રાઝિલ, ફિલિપાઈન્સ, નાઈજેરીયા અને વિયેટનામ જેવા દેશો છે. પ્રાચિનકાળમાં એકલા જૂનાગઢ જીલ્લામાં ૧૦૦ જાતની કેરીનું ઉત્પાદન કરવામાં આવતું હતું, તેમાં આંબો નામની એક કેરીની જાત હતી. બાદમાં માંગરોળમાં નવી જાતની પાતળી રેશા વિનાની કેરીની જાત વિકસાવી હતી. આ કેરી એટલી બધી મીઠી હોવાથી તેનું નામ 'આંબડી' કેરી રાખ્યું હતું. આજે કચ્છની કેરી પણ બહુ



જ મીઠી આવે છે. કેરી ભારત સાથે પાકિસ્તાન અને ફિલિપાઈન્સનું રાષ્ટ્રીય ફળ છે. વિશ્વમાં ત્રીજા નંબરનો ફળાઉ પાક કેરી છે અને સમગ્ર વિશ્વને કેરીની ભેટ આપણા દેશ ભારતે જ આપી છે. મુઘલ બાદશાહ તો કેરીને ઘોળી-ઘોળી ખાતા હતા. વિશ્વમાં કેરીઓને વિવિધ વેપારમાં સામેલ કરવાનો શ્રેય પોર્ટુગીઝને જાય છે. હિન્દુ ધર્મના દરેક ગ્રંથોમાં કેરીનો ઉલ્લેખ કર્યો છે. વરાહ પુરાણમાં પણ તેનો ઉલ્લેખ સાથે બુધ્ધને જ્ઞાન આંબા નીચે જ થયેલ હતું. જૈન દેવી અંબિકાનું આસન પણ આંબા નીચે જ હતું. શુભ પ્રસંગોએ આંબાના તોરણ બંધાતા હતા.ભારતમાં થતી ૧૫૦૦૦ જેટલી જાતો પૈકી એક હજાર જાતો વ્યવસાયિક રીતે સામેલ છે. બધી કેરીઓ નામ અને સ્વાદ જુદા છે. ભારતમાં દર વર્ષે ૨૦ કરોડ ટન કેરીનું ઉત્પાદન થાય છે. દેશ અને વિદેશોમાં તેની જોરદાર માંગ રહે છે. ભારત વિશ્વનાં ૪૦ થી વધુ દેશોમાં કેરીની નિકાસ કરે છે. લંગડો કેરી લગભગ ૩૦૦ વર્ષ જૂની છે. ગ્રીષ્મ ઋતુઓમાં અનેક રોગોને દૂર કરી સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખનાર ફળ કેરી એક જ છે. કેરીનું લેટીન નામ મેન્જીફેરા ઈન્ડીકા છે. કેરી ફળોના રાજા સાથે તેનો રસાળરસ, કલ્પવૃક્ષ, મધુદૂત અને કોયલનું પ્રિયવૃત્તિ છે. અમૃત ફળ સમી કેરી હોય તો તેની લિજ્જત જલ્વો પાડી દે છે. કેરી સ્વાદે મીઠી, તાસીરે ઠંડી, પચવામાં ભારે, ચીકળી, મળભેદક, અગ્નિદીપક, પિત્તનાશક અને કફકારક છે. કેરી વિર્યવર્ધક, બાળવર્ધક, સુખકારક અને શરીરનો રંગ બદલનાર ફળ છે. કેરીના અલગ-અલગ નામો કેવી રીતે પડ્યા તેનો પણ એક ઈતિહાસ છે, જેમ કે બનારસના શિવમંદિરમાં લંગડા પૂજારીએ આંબો વાવ્યોને તેમા જે કેરી આવી તેને લોકોએ લંગડા કેરી નામ આપી દીધુ હતું. એક કેરી ખૂબ જ વજનદાર હોવાથી તેનું નામ 'હાથીજુલ' કેરી પાડ્યું હતું. તાલાળાગીરની કેસર કેરીની વિશેષતાને કારણે તે બીજી કેરીથી અલગ પડે છે. કેરી પૃથ્વી પરનું સૌથી પ્રિય અને અમૃત ફળ છે. કેસર હોય કે હાફૂસ ગુજરાતી પરિવારનો કેરી વગર ઉનાળો અધૂરો ગણાય છે.

### ભારતમાં છ હજાર વર્ષોથી આંબાનું વાવેતર

આપણા દેશમાં કેરીની ૧૫૦૦ થી વધુ જાતો છે, અને તેનું વાવેતર છ હજાર વર્ષ પહેલા શરૂ થયું હતું. આપણા દરેક ધર્મગ્રંથમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચિનકાળમાં એકલા જૂનાગઢ જિલ્લામાં ૧૦૦થી વધુ જાતની કેરીનું ઉત્પાદન થતું હતું. કેરીને વેપારમાં સામેલ કરવાનો શ્રેય પોર્ટુગીઝ લોકો ફાળે જાય છે. કેરી ભારત ઉપરાંત પાકિસ્તાન અને ફિલિપાઈન્સનું રાષ્ટ્રીય ફળ છે. દુનિયાના અંદાજે ૫૦ દેશોમાં આપણી કેરીની નિકાસ થાય છે.

હિન્દુધર્મના દરેક ગ્રંથમાં કેરીનો ઉલ્લેખ જોવા મળે છે. ભારત વિશ્વનાં ૪૪ થી વધુ દેશોમાં કેરીની નિકાશ કરે છે. એક આંબો ૫૦ વર્ષ સુધી ફળ આપે તો હાફૂસ ૨૦૦ વર્ષ સુધી ફળ આપે છે. દુનિયાના કુલ ઉત્પાદનના ૪૦ ટકાથી વધુ કેરી ઉત્પાદન ભારત કરે છે. આપણે તેમાં ટોચના સ્થાને છીએ. આપણા પછી પાકિસ્તાન અને ચીનનો નંબર આવે છે. કેરી આરોગ્ય રીતે ઘણી બધી ગુણકારક છે પણ તે ખાવાથી વજન વધી શકે છે. જૂનાગઢમાં કેસર કેરીના પ્રદર્શનમાં જૂનાગઢની કેસર કેરીનો 'ગોલ્ડ મેડલ' પણ મળ્યો હતો.એક કેરીની જાત બહુ જ વજનદાર હોવાથી તેનું નામ 'હાથીજુલ' પાડવામાં આવ્યું હતું. તાલાળા ગીરની કેરી તેની વિશેષતાને કારણે બીજી કેરીથી અલગ પડે છે. કેરી વિશ્વનો ત્રીજા નંબરનો ફળાઉ પાક છે. સમય જતાં ગીરનારની આબોહવામાં બદલાવ આવતા કેરીની લીલાશમાં વધારો થયો અને કેરીનો અંદરનો ભાગ કેસરી થવા લાગ્યો અને તેનું નામ 'કેસર' પડી ગયું. ૧૯૩૨ માં અહીં કેસર કેરી અંગેનો વિચાર ગોષ્ઠિનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ૧૯૫૫ માં મુંબઈ ખાતે કેરીના પ્રદર્શનમાં જૂનાગઢની કેસર કેરીને ગોલ્ડ મેડલ મળ્યો હતો. આજે પણ કેસર કેરીનો સ્વાદ વિશ્વભરમાં વખણાય છે. આપણાં દેશમાં છ હજારથી વધુ વર્ષોથી આંબાનું વાવેતર થાય છે. દર વર્ષે ૧૫૦૦ થી વધુ કેરીઓની જાત ભારતમાં ઉત્પન થાય છે. એક આંબો વાવ્યા બાદ પાંચ વર્ષ પછી ફળ આપતો હોય છે. સામાન્ય રીતે ૫૦ વર્ષ સુધી આંબો ફળ આપે છે પણ હાફૂસ ૨૦૦ વર્ષ સુધી ફળ આપતો રહે છે.

**મહારાષ્ટ્રની અલફાન્ઝો અને પાયરી જેવી કેરી વેપારીની દ્રષ્ટિએ ઉત્તમ ગણાય છેઃ કાઠિયાવાડના લોકોની પસંદ કેસર અને હાફૂસ છેઃ કેરીને ફળોનો રાજા કહેવાય છેઃ ભારતનું રાષ્ટ્રીય ફળ 'કેરી' છેઃ ભારતમાં તામિલનાડું, બિહાર, બંગાળ, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાતમાં કેરીનો પાક થાય છેઃ સૌરાષ્ટ્રના જૂનાગઢ, ભાવનગર, જામનગર અને મોરબી જિલ્લામાં પણ કેરી થાય છે**

# સુરેન્દ્રનગર સરકારી ગાંધી હોસ્પિટલમાં કલેકટર સોલંકીની સરપ્રાઈઝ વીઝીટઃ તંત્ર થયું દોડતુ

## તમામ વોર્ડની કામગીરીનું નિરીક્ષણ દર્દીઓની સારી સારવાર માટે અધિકારીઓને તાકીદ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાની મુખ્ય સરકારી ગાંધી હોસ્પિટલની જીલ્લા કલેક્ટર જી.એચ.સોલંકીએ સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી અને મુખ્ય જીલ્લા તબીબી અધિકારી અને સિવિલ સર્જન સાથે વિસ્તૃત ચર્ચા કરી હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્યલક્ષી સુવિધાઓની જાણકારી મેળવી હતી. તેમજ હોસ્પિટલના વિવિધ વિભાગોની જાત તપાસ કરી દર્દીઓને અપાતી સેવાઓનું પણ નિરીક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત કલેક્ટરએ સેમ્પલ કલેક્શન રૂમ, ઓપરેશન થિયેટર, નવજાત શિશુ સારવાર કેન્દ્ર, મિડવાઈફરી લીડ કેર યુનિટ, સર્જિકલ



વોર્ડ, મેલ વોર્ડ અને આઈ ની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમજ હોસ્પિટલના રજીસ્ટરની ચકાસણી કરી હતી અને વોર્ડમાં દાખલ દર્દીઓ સાથે સંવાદ કરી તેમને મળતી સારવાર અંગેનો પ્રતિભાવ મેળવ્યો હતો. હોસ્પિટલ સ્ટાફની કામગીરી, ઈન્ડોર પેશન્ટ ડિપાર્ટમેન્ટ અને બેડ ઓક્યુપન્સી રેટ જેવી બાબતોની પણ સમીક્ષા કરી હતી. આ સિવાય પોસ્ટમોર્ટમ, મેડિકો-લીગલ કેસ, બાળકોને અપાતી તમામ રસીઓ, , એન્ટી-રેબીસ ક્લિનિક, ન્યુટ્રીશન રિહેબિલિટેશન સેન્ટર, ક્લિનિક અને એચઆઈબી ટ્રેન્ડ, અને ક્લિનિક જેવી સેવાઓની પણ સમીક્ષા કરી હતી અને હોસ્પિટલના માળખાગત વિકાસ પર ભાર મુકતા પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા અને પાવર બેકઅપ માટે જનરેટર જેવી પાયાની જરૂરિયાતો અંગે તંત્રને જરૂરી સૂચનો આપ્યા હતા.

# જૂનાગઢનો દામોદર કુંડ આજથી બે દિવસ સફાઈ અને મેઈન્ટેનન્સ કામ માટે બંધ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જૂનાગઢના ગિરનારના સાનિધ્યમાં ભવનાથ શ્રેત્રમાં આવેલ પાવન પવિત્ર દામોદર કુંડ આજે તા.૨૧ અને ૨૨ એપ્રિલના રોજ કુંડમાં સ્વચ્છતા અને મેન્ટેનન્સના કામકાજ માટે બંધ રહેશે. જેથી શ્રદ્ધાળુ, ભાવિકોએ આ બે દિવસ દરમિયાન ધાર્મિક વિધિ માટે દામોદર કુંડ ખાતે ના આવવા વિનંતી કરવામાં આવી છે.

દામોદર કુંડ તીર્થગોર સમિતિના પ્રમુખ નિલેશ પુરોહિત દ્વારા આ જણાવાયું છે કે, ચૈત્ર માસ પૂર્ણ થયા બાદ યાત્રિકોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને, કુંડમાં સ્વચ્છતા અને મેન્ટેનન્સના કામકાજ માટે આગામી તારીખો ૨૧ ને ૨૨ એપ્રિલ એમ બે દિવસ દામોદર કુંડ કામચલાઉ ધોરણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. અને તા. ૨૩ એપ્રિલ ગુરુવારથી દામોદર કુંડ ઘાટ રાબેતા મુજબ કાર્યરત થઈ જશે. જે તમામ યાત્રિકો અને શ્રદ્ધાળુઓએ નોંધ લેવી.

# સુત્રાપાડા સ્વ. ડો. ભરતભાઈ બારડની ૩૯મા જન્મદિન નિમિત્તે ભાવભીની પૂષ્પાંજલિ અર્પણ કરાઈ

## સ્વ. ડો. ભરતભાઈને અંજલી માટે સામાજીક રાજકીય આગેવાનો રહ્યા હાજર

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ શ્રી જશાભાઈ બારડના પુત્ર સ્વ. ડો. ભરતભાઈ બારડની ૩૯મી જન્મજયંતી નિમિત્તે તા. ૨૦ એપ્રિલના રોજ સુત્રાપાડા સ્થિત 'ડો. ભરત બારડ શૈક્ષણિક સંકુલ' ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ અને ગીતા પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૦-૦૪-૧૯૮૭ના રોજ જન્મેલા ડો. ભરતભાઈએ રાજકુમાર કોલેજ રાજકોટથી વિજ્ઞાન પ્રવાહમાં શ્રેષ્ઠ દેખાવ કર્યા બાદ મુંબઈની વિખ્યાત ડી.વાય. પાટીલ મેડિકલ કોલેજમાં એમબીબીએસમાં પ્રવેશ મેળવ્યો હતો. અભ્યાસ દરમિયાન વર્ષ ૨૦૦૮માં એક અકસ્માતને કારણે તેઓનું અકાળે અવસાન થયું હતું. તેમના આ વિખરાયેલા સપનાને પિતા જશાભાઈ બારડ, માતા ઉજિબેન અને સમગ્ર બારડ પરિવારે 'શિક્ષણ અને સેવા'ના માધ્યમથી જીવંત રાખ્યું છે.

આજે તેમના નામે ચાલતું આ શૈક્ષણિક સંકુલ કે.જી. થી લઈને પી.જી. સુધીના વિવિધ અભ્યાસક્રમો જેવા કે પ્રાઈમરી



ઈંગ્લિશ મીડિયમ, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ), બી.એ., બી.કોમ., બી.એસસી., એમ.એસસી., બી.એડ., એમ.એડ., બી.સી.એ., પી.જી.ડી.સી.એ., બી.એસ.ડબલ્યુ., પી.ટી.સી. અને આઈ.ટી.આઈ. દ્વારા સમગ્ર પંથકમાં શિક્ષણની જ્યોત જલાવી રહ્યું છે.

ચૂંટણીની આચારસંહિતા અમલી હોવાથી આ વર્ષે કોઈ ભવ્ય જાહેર કાર્યક્રમો રાખવામાં આવ્યા ન હતા. આ નિમિત્તે પિતા જશાભાઈ બારડ સહિત શૈક્ષણિક સંકુલના તમામ સ્ટાફગણ, વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તેમજ ગામના વિવિધ સમાજના આગેવાનો દ્વારા ડો. ભરતભાઈની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સાથે જ પુણ્યાત્માની શાંતિ અર્થે શ્રીમદ ભગવદ ગીતાજીના પવિત્ર અધ્યાયોનું પઠન કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, આગામી તા. ૨૦/૦૭/૨૦૨૬ના રોજ તેઓની પુણ્યતિથિ નિમિત્તે વિવિધ સેવાકીય અને ભવ્ય કાર્યક્રમોનું આયોજન પરિવાર દ્વારા કરવામાં આવશે.

આ પ્રસંગે અજયભાઈ બારડ, સુરેશભાઈ મોરી, જેસંગભાઈ બારડ, ડો. રામભાઈ ચૌહાણ, હરેશભાઈ મોરી, ગટુરભાઈ કાછેલા, રામસિંહભાઈ મોરી, મસરીભાઈ પટેલ, કાળાભાઈ બારડ, આરસીભાઈ બારડ, મહિપાલભાઈ બારડ,કોળી સમાજના રામભાઈ પટેલ, મસરીભાઈ અરસીભાઈ, રામભાઈ વાણવી, જાદવભાઈ વાણવી, મૂળજીભાઈ વણવી, જેસિંગભાઈ મોરી તથા સંકુલના મેનેજર બહાદુરભાઈ સહિતના આગેવાનો અને વિશાળ સંખ્યામાં સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૨.૪.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ છઠ, આર્દ્રા નક્ષત્ર, અતિ, યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ)** : પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન (ક,છ,ઘ)** : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.

**કર્ક (ડ,હ)** : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.

**સિંહ (મ,ટ)** : નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**કન્યા (પ,ઠ,ણ)** : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.

**તુલા (ર,ત)** : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્ય માં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય)** : જીવનમાં પરિવર્તનની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો, પોઝિટિવ વિચારોથી લાભ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો,દિવસ સફળ રહે.

**મકર (ખ,જ)** : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.

**કુંભ (ગ,સ,શ)** : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ)** : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

## સૂડોકુ -૧૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | | ૪ | | | | |
| | ૩ | ૪ | ૭ | | ૯ | | | |
| ૬ | | | | | ૮ | | ૯ | ૪ |
| | | ૫ | | ૩ | | | ૮ | |
| ૪ | ૮ | | ૯ | ૭ | | | | ૨ |
| | ૬ | ૩ | | | ૧ | | ૭ | ૫ |
| | | | | | ૩ | ૧ | | |
| | ૯ | ૬ | | ૧ | | ૮ | | |
| ૧ | ૪ | | | | ૭ | ૨ | | ૯ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૩ | ૯ | ૪ | ૬ | ૮ | ૭ | ૨ |
| ૭ | ૮ | ૬ | ૧ | ૨ | ૫ | ૩ | ૪ | ૯ |
| ૯ | ૨ | ૪ | ૮ | ૭ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૧ | ૭ | ૮ | ૨ | ૫ | ૯ | ૪ | ૬ | ૩ |
| ૬ | ૫ | ૯ | ૪ | ૩ | ૮ | ૭ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૨ | ૭ | ૬ | ૧ | ૫ | ૯ | ૮ |
| ૮ | ૬ | ૧ | ૫ | ૯ | ૭ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૮ | ૪ | ૬ | ૧ | ૭ |
| ૩ | ૪ | ૭ | ૬ | ૧ | ૨ | ૯ | ૮ | ૫ |

## અબતક પંચાગ

**તા.૨૨-૪-૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ છઠ
**નક્ષત્ર** આદ્રે
**યોગ** અતિગંડ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૬.૨૩ **સુર્યાસ્તઃ** ૭.૦૯
**ચંદ્ર રાશી** મિથુન
**રાશિ અક્ષર** ક.છ.ઘ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૧ થી ૧.૧૨

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૧-૦૪-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચણીયા ટોળી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બોમ્બે સ્ટાઈલ પાઉંભાજી)+ (ક્રીમી માયો સેન્ડવીચ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૧૦ ગુજરાતી નાટક (જેનું ખીસું ગરમ એની સામે સૌ નરમ)
૦૭:૧૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૨-૦૪-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# રાજકોટ જિલ્લા પંચાયતની પડધરી અને સરપદડ બેઠક પર કેસરિયો માહોલ

## વિકાસની ગતિને વધુ વેગવાન બનાવવા મતદારો મક્કમઃ રાજકોટ જિલ્લા પંચાયતની પડધરી બેઠક પરથી રાધિકાબા ભવ્યરાજસિંહ જાડેજા અને સરપદડ બેઠક પરથી જગદીશભાઈ પરમારને વિજેતા બનાવવા સ્વયંભૂ ઉત્સાહ



## સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા અને ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાની ઉપસ્થિતિમાં મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન સાથે જ એકતરફી માહોલ બની ગયો







**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

રાજકોટ જિલ્લા પંચાયતની પડધરી અને સરપદડ બેઠક પર કેસરિયો માહોલ રચાય ગયો છે. જિલ્લા પંચાયતની પડધરી બેઠકના ભાજપના ઉમેદવાર રાધિકાબા ભવ્યરાજસિંહ જાડેજા અને સરપદડ બેઠકના ભાજપના ઉમેદવાર જગદીશભાઈ પરમાર તરફી માહોલ બની ગયો છે. મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન સાથે જ મતદારોએ ભાજપના ઉમેદવારોને વિજેતા બનાવવા સ્વયંભૂ મન બનાવી લીધું છે.

પડધરી ભાજપના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠકોના ઉમેદવારોના મોવૈયા સર્કલે ખાતે આ કાર્યાલય શરૂ થયા છે. આ કાર્યાલય રાજકીય ગતિવિધિઓ અને વિકાસના કાર્યોના સંકલ્પન માટે મહત્વની ભૂમિકા ભજવશે.

કાર્યાલય ઉદ્‌ઘાટન પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, પડધરી ટંકારાના ધારાસભ્ય દુલભજીભાઈ દેથરીયા, પડધરી તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ નિલેશભાઈ ડોડીયા, સહિત અનેક અગ્રણીઓ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા રાજકોટ જિલ્લા ભાજપ અગ્રણી કાર્યકર્તાઓ, રાજકોટ જિલ્લા પંચાયતના ઉમેદવારો તેમજ તાલુકા પંચાયતના ઉમેદવારો, તથા પડધરી તાલુકાના સંગઠન કાર્યકર્તાઓ બોહડી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉદ્‌ઘાટન આગામી કાર્યક્રમો અને ચૂંટણી લક્ષી રણનીતિના આયોજન માટે એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે કાર્યકર્તાઓમાં આ પ્રસંગે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓ જેમાં જિલ્લા અને તાલુકા પંચાયતનો સમાવેશ થાય છે તેને લઈ રાજકીય ગરમાવો તે જ બન્યો છે આ માહોલ વચ્ચે ભારતીય જનતા પાર્ટી દ્વારા પડધરી રેલવે સ્ટેશન પાસે એક વિશાળ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સભામાં ભાજપ દિગ્ગજ નેતાઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત ઉપસ્થિત રહ્યા હતા જેમાં રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા,પડધરી ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, પડધરી તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ નિલેશભાઈ ડોડીયા, તાલુકા ભાજપ મહામંત્રીઓ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સભાને સંબોધતા પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે પંચાયતથી લઈ પાર્લામેન્ટ સુધી ભાજપ સરકાર છે ત્યારે વિકાસની ગતીને અટકાવા દેવાની નથી તેમણે ઉમેર્યું કે પડધરીમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૦૦ કરોડથી વધુ રકમના વિકાસના કામો થયા છે આ વિકાસને વધુ એક આપવા માટે ભાજપના ઉમેદવારોને વિજય બનાવીએ.

પરસોત્તમ રૂપાલાએ મતદારોને અપીલ કરવામાં આવી ૨૬ તારીખે કમળના બટન ઉપર મત આપી ઉમેદવારોને જીતાડો જેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથ મજબૂત થાય અને તેમની પીઠ થાબડી શકાય.

કોંગ્રેસ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે ચૂંટણી આવતા જ કોંગ્રેસ બહાર નીકળ્યા છે પરંતુ પ્રજા એ વિકાસના કામો જોઈને પોતાનો કિંમતી મત આપવો જોઈએ. આ સભામાં પડધરી તાલુકાના દૂર દૂરથી ગામોમાંથી બોડી સંખ્યામાં આશરે બે હજારથી વધારે લોકો જાહેર સભામાં ઉપસ્થિત રહ્યા હતા.










**અબતક, અંકુર મહેતા, પાલિતાણા**

# શિવ સંકલ્પ એ પરમાર્થનું હાર્દિક તત્ત્વ છેઃ પૂ મોરારીબાપુ

## પાલિતાણા સગાપરા ધાર ખાતે માનસ શિવ સંકલ્પ રામકથાના ત્રીજા દિવસે બાપુએ પાઠ્યપુસ્તકોની સાથે સદ-સાહિત્ય વાંચવાની યુવાનોને શીખ આપી





ગોહિલવાડની પવિત્ર ધરતી પાલિતાણા પાસે આવેલ કૈલાસ ટેકરી, સગાપરા ધાર ખાતે પૂજ્ય મોરારિબાપુના વ્યાસાસને ચાલી રહેલી રામકથા 'માનસ શિવ સંકલ્પ'ના ત્રીજા દિવસે ભાવિકોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. કથાના પ્રવાહમાં ચિંતન રજૂ કરતા પૂજ્ય બાપુએ જીવ અને શિવના સંકલ્પ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, જીવના સંકલ્પમાં ક્યાંક સ્વાર્થ છુપાયેલો હોઈ શકે છે, પરંતુ શિવ સંકલ્પ હંમેશા પરમાર્થ એટલે કે બીજાના ભલા માટે જ હોય છે. આ તત્ત્વ બૌદ્ધિક નથી પણ હાર્દિક છે.

બાપુએ આ ક્ષેત્રને ત્રિવેણી વૈચારિક ભૂમિ ગણાવીને સૌરાષ્ટ્રના ત્રણ મહાન સંતો હરિરામબાપા ગોદડિયા, બજરંગદાસબાપા અને રણછોડદાસજીબાપાને સત્યમ્, શિવમ્? અને સુન્દરમ્? તરીકે નવાજી વંદના કરી હતી. આ સાથે જ પાલિતાણાની જૈન પરંપરા અને ભૈરવનાથ સ્થાનનો મહિમા પણ વર્ણવ્યો હતો.

વિશેષમાં, યુવાન વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા બાપુએ ટકોર કરી હતી કે, પાઠ્યપુસ્તકો તમને પરીક્ષામાં પાસ કરાવશે, પરંતુ સદ-સાહિત્ય તમને પરમ તત્ત્વની પ્રતીક્ષામાં મદદરૂપ થશે. 'વિદ્યા તીર્થે જગતી વિભૂતા...' શ્લોક દ્વારા તેમણે જીવનમાં થતા અપરાધો સામે પસ્તાવો કરવાની ભાવનાને પણ મહત્ત્વની ગણાવી હતી.

લાલગિરીબાપુના નેતૃત્વમાં આયોજિત આ કથામાં ધોમધખતા ઉનાળાની ગરમી વચ્ચે પણ મોટી સંખ્યામાં સાધુ-સંતો અને ધર્માધિકારીઓ ઉપસ્થિત રહી કથામૃતનું પાન કરી રહ્યા છે.

# ૨૦૨૩માં પસાર થયેલું મહિલા અનામત બિલની અમલવારી કરાવોઃ મુકુલ વાસનિક

## મહિલા અનામત બિલના નામે રાજકીય લાભ લેવા અને દેશનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસઃ અમિત ચાવડા

**અબતક, રાજકોટ**



વડોદરામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, એક તરફ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો માહોલ છે અને બીજી તરફ દેશની સામાન્ય પ્રજા મોંઘવારી, બેરોજગારી અને આર્થિક મુશ્કેલીઓથી ત્રસ્ત બની ગઈ છે. આવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે સરકાર મૂળ પ્રશ્નોનો ઉકેલ લાવવા બદલે મહિલા અનામત બિલના નામે રાજકીય લાભ લેવા અને દેશનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ મહામંત્રી, ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને સાંસદ મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટપણે કહે છે કે મહિલાઓના સશક્તિકરણ માટેનો સાચો ઐતિહાસિક અને પ્રગતિશીલ પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. સરોજીની નાયડુને ૧૯૨૫માં કોંગ્રેસના અધ્યક્ષ બનાવવાથી લઈને રાજીવ ગાંધીજીના નેતૃત્વમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની શરૂઆત કરવી, તેમજ બાદમાં અનેક રાજ્યોમાં તેને ૫૦ ટકા સુધી વધારવામાં કોંગ્રેસની વિચારધારા અને પ્રતિબદ્ધતા સ્પષ્ટ થાય છે. સાંસદ મુકુલ વાસનિકજીએ વધુમાં જણાવ્યું હતું કે, મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે કોંગ્રેસ સતત સમર્થન આપતી આવી છે. પરંતુ મહિલા અનામત બિલના નામે રાજકીય ફાયદો મેળવવાનો પ્રયાસ અને તેનો અમલ ટાળવાની નીતિ સામે કોંગ્રેસે સ્પષ્ટ માગણી કરી છે કે ૨૦૨૩માં પસાર થયેલા બિલને તાત્કાલિક અમલ કરવામાં આવે અને તેમાં એસસી, એસટી અને ઓબીસી વર્ગની મહિલાઓને પણ યોગ્ય અનામત આપવામાં આવે, જેથી સાચા અર્થમાં મહિલા સશક્તિકરણ શક્ય બને.

અમિતભાઈ ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે મહિલા સશક્તિકરણ અને નારી સન્માનની સાચી અને ઐતિહાસિક શરૂઆત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે કરી છે. ૧૯૨૫માં સરોજિની નાયડુને કોંગ્રેસના અધ્યક્ષ તરીકે પસંદ કરી મહિલાઓને રાજકીય નેતૃત્વમાં સ્થાન આપવાની પરંપરા કોંગ્રેસે શરૂ કરી. ત્યારબાદ દેશને પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે ઇન્દિરા ગાંધીનું મજબૂત નેતૃત્વ મળ્યું અને પ્રતિભા પાટીલ દેશની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા. સ્વર્ગસ્થ રાજીવ ગાંધીજીના દુરંદેશી વિચારોના કારણે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત મળ્યું, જેના પરિણામે લાખો મહિલાઓ રાજકીય નેતૃત્વમાં આગળ આવી અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભાગીદાર બની.

કોંગ્રેસ પાર્ટીનું સ્પષ્ટ અને અડગ મંતવ્ય છે કે ૨૦૨૩માં પાર્લામેન્ટમાં પસાર થયેલ મહિલા અનામત બિલનો તાત્કાલિક અમલ થવો જોઈએ. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પક્ષો મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવા માટે એકજૂટ છે. પરંતુ ભાજપ સરકારે સીમાંકન અને સીટ વધારાના રાજકીય એજન્ડા સાથે આ મહત્વપૂર્ણ મુદ્દાને ગૂંચવવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટપણે માંગ કરે છે કે એસસી, એસટી અને ઓબીસી વર્ગની મહિલાઓને પણ યોગ્ય અનામત મળે અને મહિલાઓને તેમના અધિકાર, સન્માન અને સમાન ભાગીદારી મળવા માટે કોંગ્રેસની લડત પહેલા પણ હતી.

# ઈડરઃ ખેડબ્રહ્માની શાળાના વિદ્યાર્થીઓએ આપ્યો અવશ્ય મતદાનનો સંદેશ

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**



સંતશ્રી નથુરામબાપા જ્યોતિ વિદ્યાલય, ખેડબ્રહ્મા મુકામે આજરોજ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત સહી ઝુંબેશ કેમ્પેઈન યોજવામાં આવેલ. આગામી તમામ ચૂંટણીઓમાં મતદારોમાં જાગૃતિ આવે, બૃહદ સમાજમાં પણ હકારાત્મક સંદેશો જાય અને સો ટકા મતદાન થાય. જેના ભાગ સ્વરૂપે શાળાના તમામ સ્ટાફ અને બહારથી આવેલ ભાઈઓ - બહેનો દ્વારા શાળામાં મૂકવામાં આવેલ સાઈન બોર્ડ ઉપર પોતાની સહી કરી અને તમામ પ્રકારની ચૂંટણીઓમાં હોંશભેર મતદાન કરવાના અને કરાવવાના શપથ લીધા હતા. આ પ્રસંગે નોડલ અધિકારી, શાળાના ટ્રસ્ટીઓ તથા આચાર્ય અને પૂર્વ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.


## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી સર્વેને જણાવવાનું કે : રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૩૩૦/૧ તથા ૩૩૧/૧ પૈકી સનંદ નં.. ૧૫૪ પૈકીની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૩૦/૩ પૈકીની દક્ષિણ તરફની પૂર્વના એક રસ્તાવાળી જમીન ચો.વા.આ.૨૭૮-૦ બરાબર ચો.મી.આ. ૨૩૨-૪૩ ઉપર આવેલ ઔદ્યોગિક હેતુ ના કુલ - ૫ શેડ આવેલ છે જેના બિલ્ટઅપ એરિયા ચો.મી.આ. ૨૦૩-૭૫ ની ઉપર કુલ ૫(પાંચ) શેડ આવેલ તે પૈકી ગ્રાઉન્ડ ફલોર માં આવેલ શેડ નં. ૨૩ જેના કારપેટ એરીયા ચો.મી.આ. ૩૧-૫૧૨ જેના ટી.પી.સ્કીમ નં. ૫ (રાજકોટ), એફ.પી.નં. ૧૪૩ પૈકી ના સીટી સર્વે વોર્ડ નં. ૮/ ૨ શેડ આવેલ છે. જે અમો વેચનાર જોગના વેચાણ દસ્તાવેજ અનું. ૧૭૭૭, તા.૩૧-૦૩-૨૦૦૦ મે. રાજપરા હારમોનિકા વર્કસના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો સર્વશ્રી (૧) સ્વ.શ્રી લાલજીભાઈ નારણભાઈ ના કાયદેસરના વારસ શ્રી રતિલાલ લાલજીભાઈ તથા (૨) શ્રી ચુનિલાલ નારણભાઈ (૩) શ્રી સ્વ.શ્રી મોહનલાલ નારણભાઈ ના કાયદેસરના વારસ શ્રી રસીકલાલ મોહનભાઈ (૪) શ્રી પ્રાણજીવાનભાઈ નારણભાઈ (૫) શ્રી પ્રેમજીભાઈ નારણભાઈ (૬) શ્રી રમણીકલાલ નારણભાઈ તમામ ના કુલમુખત્યાર દરજજે શ્રી કિશોરભાઈ મોહનભાઈ પટેલ પાસે થી ખરીદ કરેલ ત્યારથી બાદ આ મિલ્કત ઉપર શેડ નું બાંધકામ કરવામાં આવેલ જેના ઈમ્પેક્ટ નં. ૧૪૭૦૦, તા.૧૧/૦૩/૨૦૧૫ એ રીતે સદરહુ શેડ શ્રી રેવતીબેન ભીમજીભાઈ સાવલીયા નો સુવાંગ કબજા ભોગવટા અને સ્વતંત્ર માલિકીની આવેલ છે.

સદરહું શેડ ખાલી કબજે શ્રી રેવતીબેન ભીમજીભાઈ સાવલિયા પાસેથી અમારા અસીલ શ્રીમતી માયા ગૌતમ ભારવાણી એ ખરીદ કરવાનું નકિક કરેલ છે.

ઉપરની હકિકતે સરદ હું મિલ્કત પરત્વે કોઈનો કાંઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગભાગ હોય યા વારસદાર દરજ્જેનો કોઈનો હકક હોય યા કોઈનું કાંઈપણ પ્રકારનું લેણું હોય યા ગીરો - બોજો હોય કે કોઈની જામીનગીરી સ્વીકારેલ હોય યા કોઈની પાસે કુલમુખત્યારનામું હોય યા અન્ય કોઈપણ રીતે કાંઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ કે દરદાવો હોય યા વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ ૮(આઠ) માં અમારા નીચે લખ્યા સરનામે લેખિત આધાર પુરાવા સાથે રજુઆત કરવાની રહેશે. અને જો નિયત કરેલ સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દરદાવો નહી આવે તો કોઈને વાંધો તકરાર નથી અને હોય તો જતા(વેવ) કરેલ છે એમ સમજી અમારા અસીલ શુદ્ધબુદ્ધિના ખરીદનાર દરજજે સરદહું મિલ્કત ખરીદ કરવાની કાર્યવાહી પૂર્ણ કરશે અને ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિ જેની દરેક સ્પષ્ટ નોંધ લેશો.

સ્થળઃ- રાજકોટ
તા. ૨૦/૦૪/૨૦૨૬

અમારા મારફત :
ગૌતમ જે. દવે - એડવોકેટ એન્ડ નોટરી
પ્રશાંત જી. બારોટ (દેવહિતકા) - એડવોકેટ
મેઘના જે. રાવલ - એડવોકેટ
આશિષ જે. પીઠડીયા-એડવોકેટ

શેડ ખરીદનાર
શ્રીમતી માયા ગૌતમ ભારવાણી
શેડ વેચનાર
શ્રી રેવતીબેન ભીમજીભાઈ સાવલીયા

સરનામું :- ''હરિશીખ'', બ્રહ્મસમાજ સોસાયટી, બ્રહ્મસમાજ શેરી નં ૧, રૈયા રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૨ ૧૯૬૮૩

તંત્રી લેખ

# ઈરાનની કાયમી યુદ્ધવિરામનો પ્રસ્તાવ વિશ્વ શાંતિ માટે અનિવાર્ય

ઈરાન ઈઝરાયેલ અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં વચગાળાના યુદ્ધ વિરામથી વિશ્વએ આંશિક રાહતની અનુભૂતિ કરી છે યુદ્ધથી કોઈનું ભલું થતું જ નથી આ વાત અમેરિકા ઈઝરાયેલ અને ઈરાન પોતપોતાની રીતે મૂલવી રહ્યું છે, ઈઝરાયેલ ઈરાન અને અમેરિકા ત્રણેયના દ્રષ્ટિકોણમાં યુદ્ધ માંથી પ્રાપ્ત કરવાની સિદ્ધિ અલગ અલગ છે, પરંતુ વિશ્વ માટે ઈરાન ઈઝરાયેલનું આ યુદ્ધ લાંબા ગાળાની નુકસાનીનું કારણ બની રહ્યું છે .

ઈઝરાયેલ અને અમેરિકા એ પ્રારંભિક તબક્કામાં ઈરાનમાંથી સંપૂર્ણપણે સત્તા પરિવર્તન અને અણુ હથિયારોનો ખાતમો જેવી શરતો સાથે યુદ્ધને શરૂ કર્યું હતું પરંતુ ઈરાન દુશ્મનોના ગણતરીપૂર્વકના યુદ્ધ અભ્યાસમાં અલગ શક્તિશાળી પુરવાર થયું, ઉપરાંત હોર્મુઝ ની ઈરાનની પકડ થી સમગ્ર વિશ્વ એ તેલથી લઈ અનાજ અને ખાતર સુધીની અછતનો સામનો કર્યો હતો, યુદ્ધના પ્રથમ તબક્કામાં આમ જોવા જઈએ તો ઈરાનનો હાથ ઉપર રહેવા પામ્યો છે હવે ઈરાન યુદ્ધ વિરામની શરતોમાં પણ વિશ્વ શાંતિ ને આગળ ધરી રહ્યું છે અને ઈરાન સત્તાવાળાઓએ સૌપ્રથમવાર યુદ્ધવિરામ ની શરતમાં યુદ્ધ કાયમી ધોરણે વિરામ રહે તેવો આગ્રહ રાખ્યો છે, કામ ચલાવ હંગામી શરતો નહીં કાયમી ઉકેલ ની ઈરાને વાત રાખી છેયુદ્ધ સમાપ્ત કરવા માટે કાયમી સમાધાન ની પોતાની વાત નો આગ્રહ રાખવા ની ઈરાનની જાહેરાતથી વિશ્વ આખાની યુદ્ધ અંગેની નજર બદલાઈ ગઈ છે અમેરિકા ઈરાન વચ્ચેના યુદ્ધ અને વાટાઘાટો હવે નિર્ણાયક વળાંક પર આવી છે

અમેરિકા વહીવટી તંત્ર પાકિસ્તાનમાં વાટાઘાટો માટે રાજી થયું છે બીજી તરફ ઈરાને એક વાત સ્પષ્ટ કરી દીધી છે કે કોઈપણ પ્રકારની કામ ચલાવ શરતો તેને મંજૂર નહીં, હોય ઈરાનના રાષ્ટ્રપતિ મસીદ પજેશ્કિયાએ પોતાની વાત સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે જ્યાં સુધી તમામ વિવાદોનો કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી યુદ્ધવિરામ મંજૂર નથી ઈરાનની આ વાત અત્યારે તો એક તરફી લાગે છે પરંતુ યુદ્ધ વિરામમાં પાક્કી અને લાંબાગાળાની શરતો ગ્રાહ્ય રખાવવાનું ઈરાનનું વલણ વિશ્વ શાંતિ માટે જરૂરી અને વિચારશીલ નિર્ણય બની રહેશે. ઈરાન ઈઝરાયેલ અમેરિકા નું યુદ્ધ હોય કે વિશ્વમાં કોઈપણ બે દેશ વચ્ચે ચાલતા યુદ્ધ માં સમાધાનમાં કાયમી ઉકેલ બે દેશો માટે જ નહીં સમગ્ર વિશ્વની શાંતિ માટે અનિવાર્ય બને છે ઈરાનનો આ કાયમી યુદ્ધ વિરામ અને નક્કર શરતો ના પાલન નો આગ્રહ લાંબા ગાળે વિશ્વને ફાયદો અપાવનારોજ બની રહેશે તેમાં કોઈ સંદેહ નથી

## સમાજ શ્રેષ્ઠી અને સ્મશાન ભૂમિના લડતના યોધ્ધા

# ઉપલેટા: સ્વ. તનસુખલાલ શેઠની પ્રતિમાનું અનાવરણ

## અમીતભાઈ શેઠ અને સમાજ શ્રેષ્ઠીઓ રહ્યા ઉપસ્થિત

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા હિન્દુ સમાજના શ્રેષ્ઠી અને જેમને હિન્દુસ્મશાન ભૂમી માટે વર્ષો સુધી લડત આપી વિજય મેળવનારા જુની પેઢીના સ્વ. તનસુખલાલ દલપતરામ શેઠની પ્રતિમાનું અનાવરણ વિવિધ સમાજ શ્રેષ્ઠીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતુ.



ઉપલેટા નગરપાલીકા દ્વારા ગઈકાલે જૂની પેઢીના હિન્દુ સમાજ શ્રેષ્ઠી અને હિન્દુ સ્મશાન ભૂમી માટે બે દાયકા સુધી કોર્ટ કચેરીમાં લડત કરી સ્મશાનની ભૂમી પરત મેળવનાર સ્વ. તનસુખલાલ દલપતરામ શેઠની પ્રતિમાનું અનાવરણ શહેરના નગર શેઠ અમીતભાઈ શેઠની વિશેષ ઉપસ્થિતિમાં નગરપાલીકા પ્રમુખના હસ્તે કરવામાં આવ્યું હતુ. આ તકે તનસુખભાઈ શેઠના દિકરા મનોજભાઈ શેઠ (રાજકોટ), દિકરી ચંદ્રીકાબેન ધારી, ઉર્મીલાબેન રાજકોટ, ભદ્રાબેન પંકજભાઈ લંડન, મીનાબેન રાજકોટ, પુત્રવધઉ અંજનાબેન શેઠ રાજકોટ જૈન સંઘના પ્રમુખ ઋતુરાજ શેઠ, અશોકભાઈ શેઠ કમલભાઈ શાહ, બકુલભાઈ વોરા, તરૂણભાઈ શાહ ધવલભાઈ શાહ, રાજુભાઈ શેઠ, નરસિંહભાઈ મુંગલપરા, જીજ્ઞેશભાઈ વ્યાસ, દાનભાઈ ચંદ્રવાડીયા, જે.એમ. માંગરોલીયા, દિલીપભાઈ રાડીયા, ચંદુભાઈ દેશરભાઈ ભીંભા, અસ્મીતાબેન મુરાણી, રાજુભાઈ મુંજપર કરંગીયા, સહિત વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા નગરપાલીકાના ચીફ ઓફીસર ડો. ઉદય નસિત આગેવાની નીચે નગરપાલીકાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# ચોટીલા નાયબ કલેક્ટરે રામપરા ચોબારી-દિગસર પંચાયતના દફતરની કરી સમીક્ષા

## ના.કલેક્ટર મકવાણાએ ગ્રામજનો સાથે ચર્ચા કરી યથાવત કામગીરીનું કર્યુ નિરિક્ષણ



**અબતક, રમજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા નાયબ કલેકટર એચ.ટી.મકવાણા તાલુકાના રામપરા (ચોબારી ) અને મૂળી તાલુકાના દિગસર ગામની મુલાકાત લઈ તલાટી ક્રમ મંત્રીની દફતર તપાસણી કરી સમાન્ય દફતર તપાસણી અને એપેન્ડિકસ અ ફોર્મ ભરવામાં આવેલ તેમજ ત્યાંના લોકોના પ્રશ્નો પીવાના પાણી, દબાણ, પાણી ચોરી અંગે તેમજ દિગસર તળાવની પાળ તોડી ભૂંગળા નાખવામાં આવેલ છે તે અંગે અનેક ખેડૂતોને નુકશાન અંગેના પ્રશ્નોને સાંભળી તે પ્રશ્નો પરત્વે સંબંધિત અધિકારીઓ / કર્મચારીઓને તપાસ કરી રીપોર્ટ કરવા સુચના આપવામાં આવી. સાથે સાથે ગામના ખેડુતોને મળી પ્રાકૃતિક ખેતી કરવાની શું શું ફાયદાઓ થાય છે, તે ખેતી કેવી રીતે કરવી જોઈએ અને તેનાથી કયા કયા ગંભીર રોગોથી બચી શકાય છે તે અંગે વિગતવાર માહિતગાર કરી વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક ખેતી કરે તે અંગે ખેડુતોને શિક્ષણનું મહત્વ સમજાવી ગામનો કોઈ બાળક શિક્ષણથી વંચીત ન રહે તે અંગે વાલીઓને સમજાવ્યા હતાં. ગામની જમીન, ગામની વસ્તી, ઢોર, પિયતના પાણીના સાધનો તથા અવાર નવાર થતા રોગચાળા,પહોચબુક, ગામના નકશા અંગે વિગેરે માહિતી રાખવામાં આવે છે કે કેમ ? તેમજ તલાટી ક્રમ મંત્રી ગામે નિયમિત જાય છે કે કેમ ? ડાયરી નિયમિત લખે છે કે કેમ? પંચાયતની સઘળી મિલકતની દેખરેખ રાખવામાં આવે છે કે કેમ ? વિગેરે મુદ્દાઓની ચકાસણી કરવામાં આવી હતી.

# પોરબંદરમાં કૂતરાનું ખસીકરણ કરવા કોઈ તૈયાર નથી

## સાતમી વખત ટેન્ડર પ્રક્રિયામાં એકપણ એજન્સી ન આવતા ટેન્ડરની મુદતમાં 30 દિવસનો વધારો

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદર શહેરમાં રઝળતા પશુઓ બાદ કૂતરાનો આતંક વધ્યો છે. શહેરમાં રોજ ૧૦ થી ૨૦ લોકોને રઝળતા કૂતરા કરડતા હોવાના કેશ સરકારી હોસ્પિટલમાં નોંધાઈ રહ્યા છે ત્યારે શહેરમાં રઝળતા કૂતરાના આતંકને અંકુશમાં લેવા માટે મહાનગરપાલિકા દ્વારા કૂતરાના ખસીકરણની કામગીરી માટે છેલ્લા ઘણા સમયથી ટેન્ડર હાથ ધરવામાં આવી રહ્યા છે પરંતુ આ ટેન્ડરમાં એજન્સી ન આવતા વારે વારે ટેન્ડર કરવાની ફરજ પડી રહી છે. તાજેતરમાં મનપા દ્વારા કૂતરાના ખસીકરણ માટે ટેન્ડર હાથ ધર્યું હતું અને આ ટેન્ડરમાં ૩ એજન્સીએ ભાગ પણ લીધો હતો પરંતુ ટેક્નિકલ કારણોસર આ ટેન્ડર રદ કરવાની ફરજ પડી હતી અને ફરી ૭ મી વખત મનપા દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને આ ટેન્ડર ૯ એપ્રિલ સુધીની મુદત હતી પરંતુ આ મુદત દરમ્યાન એકપણ એજન્સી ન આવતા ટેન્ડરની મુદતમાં ૩૦ દિવસનો વધારો કરી અને ૧૧ મેં સુધી મુદત કરવામાં આવી છે.

# વડિયાના ચારણ સમઢિયાળામાં પુત્ર લગ્નનું પ્રિવેડિંગ ન કરી પિતાએ બે ગામમાં બંધાવ્યા પાણીના પરબ

## ઉદ્યોગપતિ પિતા બટુકભાઈ મોવલિયાએ દેખાદેખીના ખર્ચા બંધ કરવા નવો રાહ ચિંધ્યો

**અબતક, માહીર સુમરા, વડિયા**

આજના સમયમાં જ્યારે લગ્ન માં આપણી સંસ્કૃતિના રીત રીવાજ ને નેવે મુકી બીજાને દેખાડી દેવાની હોડમાં ઉતર્યા હોય તેમ લાખો કરોડો રૂપિયા નો ધુમાડો કરી નાખે છે તેમ પણ પ્રિ વેડિંગ એટલે તમામ હદ વટાવી દે છે પરંતુ ચારણ સમઢીયાળા ના વતની એવા બટુકભાઈ મોવલીયા એ અન્ય ને દેખાડી દેવાના બદલે સમાજને શીખ આપવાનું કાર્ય કર્યું છે




સુરતના જાણીતા અગ્રણી ઉદ્યોગપતિ અને ચારણ સમઢીયાળા ગામના વતની એવા બટુકભાઈ ફુલાભાઈ મોવલીયાના સુપુત્ર ચિ.યસ કુમાર ના લગ્ન

પરબ વાવડી ગામના સરપંચ અતુલભાઈ ભુવાની પુત્રી ધ્રુપલ સાથે તા. ૨૫-૪-૨૦૨૬ ને રવિવારે પરબ વાવડી ગામે ખાતે યાજોનાર છે. ત્યારે દેખાદેખી રૂપી થતા ખર્ચને તીલાજલી આપી એ નાણાં સતકાર્ય રૂપી પોતાના સ્વર્ગસ્થ ધર્મપત્ની ના નામે સેવામાં વાપરવાં અને લોકોને ઉપયોગી ટકાવ અસ્કામતનુ નિર્માણ કર્યું છે. જેમા જેતપુર ના પીઠડીયા ખાતે અને વડિયાના ભવાની ચોક ખાતે ઠંડા પાણીના પરબ બનાવી લોકોને કાયમી શુદ્ધ પીવાનુ પાણી મળી રાહે તેવુ કાર્ય કરીને એક સેવારૂપી અનોખો રાહ ચિંધ્યો છે.

વડિયાના ભવાની ચોક ખાતે પાણીનું પરબ બનાવતા સ્થાનિક સતાધાર યુવક મંડળ દ્વારા દાતાશ્રી નો આભાર માની તેમની કામગીરી ને બિરદાવતા જોવા મળ્યા હતા.

# ગોંડલમાં પ્રતિમાની સુરક્ષા માટે લોકો એકત્ર થયા હતા

## મોવિયામાં પ્રતિમા મુદ્દે થયેલા આક્ષેપો કાર્યકરોએ ફગાવ્યા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકાના મોવિયા ગામે ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાના સ્થાપન અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે સોશિયલ મીડિયામાં આગેવાનના વાયરલ થયેલા કેટલાક વીડિયો અને આક્ષેપો સામે ગામના સામાજિક કાર્યકરો અને દલિત સમાજના આગેવાનોએ મેદાને આવી પોતાની સ્પષ્ટતા રજૂ કરી છે.

સ્થાનિક સામાજિક કાર્યકર વિજયભાઈ નાથાભાઈ સાંડપાએ જણાવ્યું કે વિડીયોમાં કરવામાં આવેલા આક્ષેપો તદ્દન ખોટા છે. તેમણે સ્પષ્ટતા કરી કે તેઓ કોઈ પણ રાજકીય સાથે સંકળાયેલા નથી. ચૂંટણીના માહોલમાં સમાજને ગુમરાહ કરવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, બસ સ્ટેન્ડ પાસે કોઈ પણ પ્રકારની તોડફોડ કરવામાં આવી નથી કે આચારસંહિતાનો ભંગ કરવામાં આવ્યો નથી. પ્રતિમાને નુકસાન થવાની અફવા ફેલાતા માત્ર તેના રક્ષણ માટે જ લોકો એકત્ર થયા હતા.

અન્ય આગેવાન નરેન્દ્રભાઈ મંગાભાઈ સાંડપાએ જણાવ્યું હતું કે, મોવિયામાં બાબાસાહેબની પ્રતિમા માટે અને પ્લોટની સુવિધા માટે તેઓ છેલ્લા ૩૫ વર્ષથી રજૂઆતો કરી રહ્યા છે, પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ યોગ્ય ઉકેલ લાવવામાં આવ્યો નથી. તેમણે મહિલાઓ વિશે કરવામાં આવેલા નિવેદનોને પણ પાયાવિહોણા ગણાવ્યા હતા.

દલિત સમાજના આગેવાનોએ જણાવ્યું કે તેઓ માત્ર બાબાસાહેબના મિશનને આગળ વધારવા માટે જ પ્રતિમા સ્થાપિત કરવા માંગે છે અને તેને કોઈ રાજકીય રંગ ન આપવો જોઈએ. ગામમાં શાંતિ જળવાઈ રહે અને સમાજની છબી ન ખરડાય તે માટે તેમણે અપીલ કરી છે.

## અન્નસેવા એજ પ્રભુસેવાના ચરિતાર્થએ

# ચાપરડા : મુક્તાનંદ બાપુ દ્વારા ટિફિન સેવાનો પ્રારંભ

## નિરાધાર તેમજ વૃદ્ધો, દિવ્યાંગ વ્યક્તિઓને ઘેર ઘેર ટિફિન પહોંચાડી જઠરાગિની ઠારશે

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

મુક્તાનંદજી બાપુ દ્વારા નિરાધાર જેવા કે ૬૫ વર્ષ કેતેથી વધારે ઉંમરના વૃદ્ધ તેમજ દિવ્યાંગ વ્યક્તિઓ માટે આજરોજ તા. ૨૦ન રોજ ઘરે ઘરે ટિફિન સુવિધાના આજથી પ્રારંભ કરવામાં આવે છે. આજે વર્ષોથી બાપુ દ્વારા નિસહાય પરિવાર માટે દર મહિને રાશન કિટ ઘરે ઘરે પહોંચાડવામાં આવે જ છે. પરંતુ મોટી ઉંમરના વૃદ્ધો જે ઘરે રસોઈ બનાવી પણ શકે તેમ નથી તેવા નિસાહ વૃદ્ધો માટે ઘરે ઘરે ગરમા ગરમ રસોઈ તૈયાર ટીફિન બપોરે સાંજે બન્ને ટાઈમ ઘરે પહોંચાડી દેવાનું અભિયાન શરૂ કરવામાં આવેલ છે. બાપુની કરુણાનો કોઈ પાર નથી જૂનાગઢ, બીલખા, વિસાવદરમાં આવી આ સેવા પ્રથમ શરૂ કરવામાં આવેલ છે. જેનું આજે બાપુએ દિપ પ્રાગટ્ય કરીને ટીફિનો રવાના કરાવેલ આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ રાઠોડ સાહેબ, અજય નટવરલાલ, ભનુભાઈ રાજગોર, વાસુદેવભાઈ જોશી, જેન્તીભાઈ તેરૈયા, મામાજી ગુરૂજી, માતાજી તેમજ ચીરાગ રાજ્યગુરુ, રાહુલ વિકમા, ધર્મેશ બારડ તેમજ બ્રહ્માનંદ ધામ અને જય અંબે હોસ્પિટલનો સ્ટાફ જોડાયેલ છે.



# જૂનાગઢ ચેમ્બરના આગેવાનોએ ગાંધીનગર બીઝનેસ એક્સપોમાં ઓદ્યોગીક વિકાસ માટે કર્યુ મંથન

## જૂનાગઢ ચેમ્બર પ્રમુખ વિજય દોમડિયા-સંજય પુરોહિતે એક્સપોગેટમાં આપી હાજરી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રમુખ વિજયભાઈ દોમડીયા, મંત્રી સંજયભાઈ પુરોહિત અને વિવિધ એસોસિએશનના આગેવાનોના માર્ગદર્શનમાં જુનાગઢના વેપાર ઉદ્યોગના ભવિષ્યને સુદ્રઢ કરવાના આશયથી જુનાગઢના યુવાન વેપારીઓ, ઉદ્યોગકારો અને નવા સ્ટાર્ટ અપ માટે યુથ વિંગની રચના કરવામાં આવી છે. અને યુથ વિંગના ૧૮ મેમ્બરો દ્વારા ગાંધીનગર ખાતે ગુજરાત ચેમ્બર દ્વારા આયોજિત ગુજરાતના સૌથી મોટા બિઝનેસ ટુ બિઝનેસ એક્સ્પો GATE 2026ની મુલાકાત લીધી હતી અને જૂનાગઢના બિઝનેસને રીપ્રેઝન્ટ કર્યા હતા.




જેમાં ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિઓ, ગુજરાત ચેમ્બરના કારોબારી મેમ્બરો સાથે એકબીજાના બિઝનેસની આપ-લે કરી હતી. તે સાથે સેલિબ્રિટી ઈન્ટરપ્રિનીયર સોનાલી બેન્દ્રેનો સેમિનાર એટેન્ડ કરવામાં આવ્યો હતો અને ગુજરાત ચેમ્બરના પ્રમુખ સંદીપ એન્જિનિયર (ઓનર ઓફ એસ્ટ્રલ પાઈપ) તથા સિનિયર વાઈસ પ્રેસિડન્ટ પ્રવેશ રાજેશ ગાંધી (ઓનર ઓફ વાડીલાલ આઈસ્ક્રીમ) એ યુથ વિંગનાના નવનિયુક્ત પ્રમુખ જીલ કીકાણી તથા આખી ટીમને શુભેચ્છા આપી હતી અને જૂનાગઢમાં વધુમાં વધુ ધંધાનો વિકાસ થાય તે અંગે માર્ગદર્શન આપ્યુ હતું. આ મુલાકાત તમામ સભ્યો માટે ખુબ યાદગાર રહેશે. અને જુનાગઢના વેપાર ઉદ્યોગને નવી દિશા તથા નવી ઊંચાઈ પર લઈ જવા તરફ નું એક મહત્વનું કદમ બની રહેશે.


# ખંભાળીયા: પરશુરામ જયંતિએ બ્રહ્મસમાજની એકતાના થયા દર્શન

**અબતક,વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયામાં ગઈકાલે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ ભગવાનની જન્મ જયંતિની ખુબજ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આગલા દિવસે પરશુરામજીની પૂજા સાથે ગાયત્રી ગરબા મંડળ દ્વારા શ્રીનાથજીની ઝાંખી સાથે ભજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પણ મોટી સંખ્યામાં બ્રાહ્મણો સપરિવાર ઉમટયા હતા. ખંભાળીયામાં નગર ગેઈટ પાસેના રામ મંદિર નજીકની ઔદિચ્ય બ્રહ્મ સમાજની વાડીએ શરગારેલા રથમાં ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા નીકલી હતી જે નગર ગેઈટ, શારદા સીનેમારોડ, નવાપરા, જોધપુર ગેઈટ, જુની પોસ્ટ ઓફીસ રોડ થઈને નગરગેઈટ પાસે ઔદિચ્ય બ્રહ્મપુરી પાસે પહોચી હતી, જયાં રથયાત્રા તથા પરશુરામનું ભવ્ય સ્વાગત થયું હતુ. તથા બ્રહ્મપુરીમાં ભગવાન પરશુરામની મહાઆરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં બ્રહ્માણ અગ્રણીઓ જોડાયા હતા.

નગરગેઈટ પાસે પણ ચોકમાં લાઈટીંગ સાથે વિશાળ કદના પરશુરામજીની આકૃતિના ફોટોગ્રાફ પણ ભારે આકર્ષણ જગાવ્યું હતુ.

સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણીઓ દ્વારા આ સમગ્ર આયોજન કરાયું હતુ. જે ખૂબજ સફળ રહ્યું હતુ. તથા મહા આરતી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં બ્રાહ્મણો જોડાયા હતા.



# દ્વારકા: પોલીસ દ્વારા ટ્રેક્ટર પર રેડિયમ રિફલેક્ટર લગાવાયા

**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

હાઈવે રોડ ઉપર રાત્રિના સમયે ટ્રેક્ટર ટ્રોલી જેવા બેક લાઈટ વગરના વાહનોના કારણે કોઈ અકસ્માત ન સર્જાય તેમજ અકસ્માત નિવારવા માટે મે.પો.અધીક્ષક જયરાજસિંહ વાળા નાઓની સુચના થયેલ હોય, જેથી ના.પો.અધિ. મીત રૂદલાલ ઈન્ચાર્જ ખંભાળીયા વિભાગ,ખંભાળીયા નાઓના સુપરવિઝન હેઠળ જિલ્લા ટ્રાફિક શાખા,દેવભૂમિ દ્વારકાના ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ. જે.બી.જાડેજાનાઓને ટ્રાફિક અવેરનેસ અંગે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ હોય, જે બાબતે પો.સબ.ઈન્સ જે.બી.જાડેજા તથા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા હાઈવે રોડ પર તેમજ ખંભાળિયા સૂકી ખેતી પાસે આવતા ખેડૂતોના ટેકટર ટોલીમાં રેડિયમ રિફલેકટર લગાવવામાં આવેલ.




# દ્વારકા : ભીમરાણાના સેન્ટ મેરી હાઈસ્કૂલનો વિદ્યાર્થી ઈન્ડિયન ટેલેન્ટ ઓલિમ્પિયાડમાં ઝળક્યો

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



મીઠાપુર નજીકના ભીમરાણા સેન્ટ મેરી હાઈસ્કૂલના તેજસ્વી વિદ્યાર્થી કુનાલ રાકેશભાઈ રોશીયાએ તાજેતરમાં ઈન્ડિન ટેલેન્ટ ઓલિમ્પિયાડ આયોજિત જનરલ નોલેજ ઈન્ટરનેશનલ ઓલિમ્પિયાડમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે વર્ગમાં પ્રથમ ક્રમાંક હાંસિલ કર્યો છે. આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં શ્રેષ્ઠતા બદલ કુનાલને મેડલ તથા મેરીટ સર્ટિફીકેટ એનાયત કરવામાં આવ્યું છે. કુનાલની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર તથા શિક્ષણ જગતના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા છે.

# ભાણવડના માનપર ગામે ૮૦ ફૂટ ઊંડા કૂવામાં ખાબકેલા શ્વાનનું એનિમલ લવર્સ દ્વારા રેસ્ક્યુ

**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

ભાણવડ તાલુકાના માનપર ગામની સીમમાં આવેલી એક વાડીના અંદાજે ૭૦ થી ૮૦ ફૂટ ઊંડા પડતર અને પાણી વગરના કૂવામાં છેલ્લા બે-ત્રણ દિવસથી એક શ્વાન પડી ગયું હતું. આ બાબતની જાણ સ્થાનિક રહેવાસી દ્વારા એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ અશોકભાઈ ભટ્ટને કરવામાં આવી હતી.



અબોલ જીવની વહારે તાત્કાલિક ધોરણે ટ્રસ્ટના અશોકભાઈ ભટ્ટ અને રેસ્ક્યુઅર મિત્રો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કૂવો અત્યંત ઊંડો હોવાથી જોખમ હોવા છતાં, સંસ્થાની અત્યાધુનિક હાઈડ્રોલિક એનિમલ એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી હતી. ટેકનોલોજી અને હિંમતના સમન્વય સાથે ટ્રસ્ટના રેસ્ક્યુઅર અરજણભાઈ રબારી કૂવામાં ઉતર્યા હતા અને બે-ત્રણ દિવસથી ભૂખ્યા-તરસ્યા શ્વાનને હેમખેમ બહાર કાઢી નવજીવન આપ્યું હતું. આ સમગ્ર ઓપરેશનને સફળ બનાવવામાં અરજણભાઈ રબારી અને વિશાલ ભરવાડનો સિંહફાળો રહ્યો હતો. એનિમલ લવર્સની આ માનવીય કામગીરીને સ્થાનિકોએ બિરદાવી હતી.

# અમરેલી: વેપારી પર સરાજાહેર છરી વડે હુમલો

## દુકાન સાથે સ્કુટર અથડાવા જેવી બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખી ત્રણ શખ્સોએ આચર્યું કૃત્ય: ઘટના સીસીટીવીમાં કેદ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી શહેરના બીનાકા ચોક વિસ્તારમાં પાનની દુકાન પાસે એક વેપારી પર સારા જાહેર છરીથી હુમલો થયાની ઘટના સામે આવી છે. હુમલામાં વેપારીને ત્રણ ઘા લાગતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે અમરેલી શહેર પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ અમરેલીના મીની કસ્બા તારવાડી વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા સિરાજભાઈ મેહબુબભાઈ કુરેશી (ઉ.વ. ૪૦) પોતાની ડીલક્સ પાનની દુકાન પર બેઠા હતા. તે દરમિયાન દાદલીમિયા રફીકમિયા સૈયદ પોતાનું સ્કૂટર ઝડપી ગતિએ ચલાવતા દુકાન સાથે અથડાવ્યું હતું. જેને લઈને સિરાજભાઈએ તેને વાહન સંભાળી ચલાવવા જણાવ્યું હતું.




આ બાબતે ઉશ્કેરાયેલા દાદલીમિયા સૈયદે ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. બાદમાં સ્કૂટરની ડેકીમાં રાખેલી છરી કાઢી સિરાજભાઈ પર હુમલો કરી ગુદાના ભાગે ઉપરાઉપરી ત્રણ ઘા ઝીંક્યા હતા. આ દરમિયાન ઈરફાન રફીકભાઈ સૈયદ અને અંજુમ રફીકમિયા સૈયદ પણ સ્થળ પર આવી સિરાજભાઈને પકડી રાખી મારપીટ કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હુમલા બાદ ત્રણેય આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

આ સમગ્ર ઘટનાના દ્રશ્યો નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. હાલ અમરેલી પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

## કાયદો અને વ્યવસ્થા સામે સવાલ !!

હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા શહેરમાં હથિયારબંધી અમલમાં મૂકવામાં આવી છે. તેમ છતાં કેટલાક લુખ્ખા તત્વો વાહનોમાં હથિયાર રાખી બેફામ ફરી રહ્યા હોવાની ઘટનાઓ સામે આવી રહી છે. જાહેરમાં છરી જેવા હથિયારો સાથે હુમલાની ઘટના બનતા શહેરની કાયદો અને વ્યવસ્થા અંગે સવાલો ઊભા થયા છે.

## અસામાજીક તત્વો સામે કડક કાર્યવાહીની માંગ

બીનાકા ચોક વિસ્તારમાં પાનની દુકાન પાસે સ્કૂટર અથડાવાની નજીવી બાબતે થયેલી બોલાચાલી બાદ ત્રણ શખ્સોએ છરીથી હુમલો કરતા સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. આ બનાવને લઈને આસપાસના વેપારીઓ અને રહેવાસીઓમાં ભયનો માહોલ ઉભો થયો છે. લોકોએ આવા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

# ઉના: ચોરીના ગુનાનો રીઢો તસ્કર રામા ગોહિલ ૨૩ વર્ષે ઝડપાયો



**અબતક, ઉના:** ઉના પોલીસ સ્ટેશનના તસ્કરીના ગુનામાં ૨૩ વર્ષથી ફરાર કોબ ગામે રહેતા આરોપી ને એસઓજી ની ટીમે કેશોદથી દબોચી લીધો હતો. સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે ગુનાખોરી અટકાવવા, નાસતા ફરતા આરોપી ને પકડી પાડવા રેન્જ આ.જી.રાજેન્દ્રસિંહ ચુડાસમા ની સૂચનાથી એસઓજી ટીમ ને ચોક્સ બાતમી મળેલ કે ઉના પોલીસ સ્ટેશનમાં ૨૦૦૩માં નોંધાયેલ ચોરીના ગુનામાં નાસતા ફરતો અને કોબ ગામે રહેતો આરોપ રામજી ટાભાભાઈ ગોહિલ કેશોદથી પકડી ને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી આ કામગીરીમાં પીઆઇ કે.જી.મોડ, પીએસઆઇ આર. જી ચુડાસમા, બી.ડી માવદીયા, હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ મોરી વગેરે રોકાયા હતા

# પોરબંદર: બિલ્ડીંગ મટિરિયલ્સના ધંધાર્થીના હુમલાખોરોનું કરાયું રિ-કન્ટ્રકશન

## પોતે અહીંના ડોન હોય રજા સિવાય કાઈ કરવાનું નહીં તેવી ધમકી આપી પાંચ શખ્સોએ બે મિત્રોને માર માર્યો'તો



**અબતક, પૂજા થાનકી, પોરબંદર**

પોરબંદરમાં બિલ્ડીંગ મટીરીયલ્સના ધંધાર્થી સહિત બે યુવાનો પર હુમલામાં ચાર શખઅસોએ ચારેય શખઅસોને ઝડપી લીધા હતાં. અને બનાવનું રિકન્ટ્રકશન કરાવ્યું હતું. પોરબંદરના રાધેશ્યામ પાર્કમાં રહેતા અને બિલ્ડીંગ મટીરીયલ્સનો વેપાર કરતા પ્રતાપ રાજસી મોઢવાડિયા, મિત્ર નયન કેશવાલા અને પ્રકાશ ગોઢાણીયા જમીને રાત્રે જમીને છાયા વિસ્તારમાં મયુર ઉર્ફે મયલો હરદાસ ઓડેદરા, વિશાલ ઉર્ફે વાકી નાગાજણ ગોરાણિયા, માલદે ઉર્ફે જગીરો રામ કુછડિયા, કિશોર સાજણ ગુરુગુટિયા, ત્યાં આવ્યા હતાં અને પ્રતાપ અને તેના મિત્રો સાથે બોલાચાલી કરી હતી અને પોતે અહીંના ડોન હોય તેમ આ એરિયો તેમનો હોવાનું જમાવી તેમની રજા સિવાય કાઈ કરવાનું નહીં તેવી ચીમકી આપી હતી અને ગાળો બોલવાની ના પાડતા તેઓ પાંચેય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતાં પ્રથાપને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતાં આથી તેનો મિત્ર નયન કેશવાલા વચ્ચે પડતા તેને પમ ધક્કા મારીને દૂર કરી દીધો હતો.

ત્યાર બાદ ધમકી ાપી હતી ત્યારે ઉદ્યોગનગર પોલીસ મથક ખાતે આવીને પાંચેય ઈસમો સામે પ્રતાપે માર માર્યાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં કારણ એવું દર્શાવ્યું હતું કે, પ્રતાપને પૂર્વ સુધરાઈ સભ્ય ભરત મૈયારીયા સાથે સારા સબંધ છે અને બંને જણા ઘણા પ્રસંગોમાં સાથે હોવાની તેનું મનદુઃખ રાખીને માર મારવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે પોલીસે ફરિયાદ નોંધાયા બાદ સાજણ સિવાય અન્ય ૪ શખ્સોને ઝડપી લઈ બનાવના સ્થળે લઈ જઈ રી કન્ટ્રકશન કરાવ્યું છે.

## સુધરાઈ સભ્ય અને પુત્રીને પણ મારી નાખવાની ધમકી

પોરબંદરના મીલપરા શેરી નં. ૧ માં રહેતા પૂર્વ સુધરાઈ સભ્ય ભરતભાઈ મૈયારીયા અમદાવાદ સ્થિત અભ્યાસ કરતી દીકરીને મયુર હરદાસ ઓડેદરા નામના શખ્સએ વોટસએપ કોલ કરીને પોતે ભરતભાઈનો મિત્ર હોવાનું જણાવ્યું હતું. પરંતુ પુત્રીએ પિતાનો જ સીધો સંપર્ક કરવા જણાવી દીધું હતું ત્યારે ઉશ્કેરાયેલા આ મયુર નામના શખ્સે બેફામ ગાળો આપીને સ્ત્રી સન્માનને ઠેસ પહોંચાડી હતી. ત્યાર બાદ રાત્રે બે વાગ્યે વોટ્સએપ કોલ કરીને ભરત મૈયારીયાને બેફામ ગાળો બોલી હતી અને હત્યાની ધમકી આપ્યા અંગેની ફરિયાદ નોંધાવી છે.

# વંથલી: મોટાકાજલીયાળા ગામે રિસામણે રહેલી પત્ની, સસરા અને સાસુ પર હુમલો

## પતિ સાથે છૂટાછેડા લેવા માંગતી હોવાનું મનદુઃખ રાખી છરી ઝીંકી

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

વંથલીના મોટા કાજલીયાળા ગામે રિસામણે ગયેલ પત્નીના મુદે રાત્રિના સસરાના ઘરમાં છુપાઈને પતિએ પત્નીની હત્યાની કોશિષ કરી, સાસુ-સસરા પર પણ છરી વડે હુમલો કર્યાની પોલીસમાં ફરિયાદ દાખલ થવા પામી છે.વંથલીના મોટા કાજલીયાળાના ૨૭ વર્ષીય પરિણીતા જયશ્રીબેન નિતિનભાઈ પરમાર એ તેના પતિ નીતિન ધનજી પરમાર સામે નોંધાવેલ ફરિયાદ મુજબ, તેમના ગામના નીતિન ધનજી પરમાર સાથે લગ્ન કર્યા હતા. પરંતુ છેલ્લા ૪ મહિનાથી તેના પિતા જીવણભાઈ મકવાણાના ઘરે રિસામણે હતા. અને તેના પતિ સાથે છૂટાછેડા લેવા માંગતા હતા. જેનું મનદુઃખ રાખી, ગત તા. ૨૦ એપ્રિલના રોજ રાત્રે ૨ વાગ્યે, તેના પતિ છૂપી રીતે ઘરમાં પ્રવેશ્યો હતો. જયશ્રીબેન જ્યારે સંતાનો સાથે ઊંઘમાં હતા ત્યારે કોઈ આવ્યાનો અવાજ થતા જાગી ગયા હતા. એવામાં પતિ નિતિન એ કબાટ આડેથી આવી આજે તને મારી નાખવી છે તેમ કહીને પોતાની પાસે રહેલી છરી વડે જયશ્રીબેનના ગુપ્ત ભાગે, સાથળ અને હાથની આંગળીઓ પર ગંભીર ઘા ઝીંક્યા હતા. દીકરીની બૂમો સાંભળીને વચ્ચે છોડાવવા પડેલા તેણીના પિતા જીવણભાઈ અને માતા શારદાબેન પર પણ શખ્સે છરીથી હુમલો કરી તેમને લોહીલુહાણ કરી નાખી, હુમલા કરી, પતિ નીતિન દિવાલ કૂદી નાસી છૂટ્યો હતો. બાદમાં ગંભીર રીતે ઘવાયેલા ત્રણેયને જૂનાગઢ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પરિણીતાની ફરિયાદ આધારે વંથલી પોલીસે તેણીના પતિ નીતિન ધનજી પરમાર સામે હત્યાની કોશિશ સહિતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# બાબરાના ખંભાળામાં સગીરાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## બહેન, માતા શાકભાજી લેવા ગયા અને પિતા સૂતા હતા ત્યારે સગીરાએ અંતિમ પગલું ભર્યું, કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

બાબરા તાલુકાના ખંભાળા ગામમાં ૧૭ વર્ષીય સગીરાએ અગમ્ય કારણોસર એસિડમાં ઝેરી દવા મિક્સ કરી પી લેતા તેનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું છે. આ બનાવને પગલે નાના એવા ખંભાળા ગામ સહિત પંથકમાં ચકચાર મચી ગઈ છે અને શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગત મુજબ, ખંભાળા ગામમાં રહેતા કિરણબેન પ્રવીણભાઈ મેર (ઉ.વ. ૧૭) ગઈકાલે રાત્રિના આશરે ૮:૩૦ વાગ્યે ગામમાં આવેલા મંદિર પાસે હતા, ત્યારે તેઓએ કોઈ અગમ્ય કારણોસર એસિડ અને ઝેરી દવા મિશ્ર કરી ગટગટાવી લીધી હતી. ઘટના સમયે કિરણબેનના પિતા ઘરે સૂતા હતા, જ્યારે માતા અને બહેન શાકભાજી લેવા માટે બહાર ગયા હતા. એસિડ પીધા બાદ સગીરા બેભાન થઈ ઢળી પડતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત તેના પિતાને જાણ કરી હતી. ગંભીર હાલતમાં સગીરાને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જોકે, ઝેરની અસર વધુ હોવાથી ફરજ પરના તબીબોના અથાગ પ્રયત્નો છતાં ચાલુ સારવાર દરમિયાન કિરણબેનનું મોત નીપજ્યું હતું.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક કિરણબેન હીરા ઘસવાનું કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા હતા. તેમના પિતા ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. કિરણબેન બે ભાઈ અને બે બહેનોમાં બીજા ક્રમે હતા. ઘરની જુવાનજોધ દીકરીના અકાળે મોતથી મેર પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. બાબરા પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી, મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. સગીરાએ કયા સંજોગોમાં આ અંતિમ પગલું ભર્યું તે દિશામાં પોલીસ તપાસ હાથ ધરી છે.

# જેતપુરના ખારચીયાની ટ્રેકટર, ટ્રોલી હંકારી જનાર શ્રમિક ઝડપાયો

## દાહોદના ખેતમજૂરે ચોરી કર્યા બાદ ટ્રોલી ગોંડલમાં કલરકામ માટે આપી: તાલુકા પોલીસે ટ્રેકટર-ટ્રોલી કબજે કરી

**અબતક,રાજકોટ**

જેતપુર તાલુકાના ખારચિયા ગામની સીમમાં વાડીએથી ટ્રેક્ટર અને ટ્રોલીની ચોરી થઈ હતી. જે ગુનાનો ભેદ જેતપુર તાલુકા પોલીસે ઉકેલી નાખ્યો છે. મૂળ દાહોદના વતની ખેતમજૂરને પોલીસે ઝડપી લઇ બાવળની જાળીમાંથી ટ્રેક્ટર અને ગોંડલમાં કલરકામ કરવા માટે આપેલ ટ્રોલી પોલીસે કબજે કરી હતી.કલ્યાણપુર તાલુકાના બાકોડી ગામે રહેતા જીતેન્દ્રભાઈ કરશનભાઈ માડમ દ્વારા ગઈ તા. ૧૪/૪/૨૦૨૬ ના જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે ફરિયાદમાં જણાવ્યું હતું કે, જેતપુર તાલુકાના ખારચિયા ગામની સીમ વિસ્તારમાંથી સાંજના સમયે લાલજીભાઈ મકવાણાની વાડીએ ખેતીનું કામ ચાલુ હોય અહીંથી ટ્રેક્ટર નંબર જીજે ૩૭ જે ૪૩૩૯ અને ટ્રોલી સહિત કુલ રૂ. ૩.૨૫ લાખની કોઈ ચોરી કરી ગયું હતું.

ચોરીના આ બનાવને લઈ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જરની સૂચના હેઠળ જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાના માર્ગદર્શનમાં જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઈ એમ.એલ. આહીરની રાહબરીમાં એએસઆઈ વિપુલભાઈ મારૂ, હેડ કોન્સ્ટેબલ અજીતભાઈ ગંભીર સહિતની સ્પેશિયલ ટીમ બનાવી ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી હતી. પોલીસે ૭૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસી તેના આધારે આરોપી સ્થાનિક રોડથી વાકેફ હોવાનું તારણ નીકળ્યું હતું બાદમાં આ દિશામાં છેલ્લા પાંચેક દિવસથી તપાસ કરતા એવી માહિતી મળી હતી કે, ખારચીયા ગામના રાજેશ ગોબરભાઈ ભુવાની વાડીએ રહેતો અરવિંદ મથુરભાઈ આમલીયા પોતાની પાસે ટ્રેક્ટર હોય અને ટ્રોલી માટે તપાસ કરતો હતો અને પોતાના માલિક તથા આજુબાજુના માણસોને પોતાનું ટ્રેક્ટર ગોંડલ બાજુ નગરપાલિકામાં મૂકવાનું હોવાનું કહેતો હોય તેમજ સીસીટીવીમાં પણ ટ્રેક્ટર ટ્રોલી સહિત ગોંડલ શહેર વિસ્તારમાં ગયેલ હોવાનું માલુમ પડ્યું હતું.બાદમાં પોલીસે વોચ ગોઠવી જેતપુર ખીરસરા રોડ પર ખીરસરા ગામ પહેલા ગાલોલિયા નદીના પુલ પાસેથી ખરાબાની જગ્યામાં બાવળની કાંટામાં ટ્રેક્ટર સંતાડેલ હોય જે ટ્રેક્ટર સાથે આરોપી અરવિંદ મથુરભાઈ દેવસીંગભાઈ આમલીયા (ઉ.વ. ૨૮ રહે. હાલ ખારચીયા, મૂળ ધાનાપુર, દાહોદ) ને ઝડપી લીધો હતો તેને ટ્રેક્ટર સાથે ચોરી કરેલ ટ્રોલી બાબતે પૂછતા તે ફર્યું ફર્યું બોલતો હતો.




બાદમાં આગવી ઢબે પૂછતાછ કરતા તેણે ટ્રોલી ક્રિષ્ના ટ્રેઈલર ગોંડલ ખાતે કલર તથા સમારકામ કરવા માટે આપી હોવાની કબુલાત આપી હતી. જેથી પોલીસે અહીં પહોંચી ટ્રોલી અને ટ્રેકટર સહિત કુલ રૂપિયા ૩.૫ લાખનો મુદ્દામાલ પર જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.


# પોક્સોના ગુનામાં સંડોવાયેલ રાજુ માંજરીયાને હદપાર કરાયો

## કોટડાસાંગાણી પોલીસ સ્ટેશનના જુગારના ગુનામાં ફરાર આરોપીને દબોચ્યો

**અબતક, રાજકોટ**

જેતપુર તાલુકા પોલીસ મથકના ચોપડે છેડતીના ગુના સંડોવાયેલો શખ્સને હદપાર અને કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનના જુગારના ગુનામાં નાસતો ફરતો આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી આ અંગે મળતી માહિતી મુજબ જેતપૂર ના સુલેકા ગામે રહેતો અને પોક્સોના ગુનામાં સંડોવાયેલ રાજેશભાઈ બદરુભાઈ માંજરીયાને રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી હદપારીનો હુકમ થયેલ અન્વયે એસ.ઓ.જી.ની ટીમના એએસઆઈ પી કે સામળા કોન્સ્ટેબલ ચિરાગ કોઠીવાડ બાતમી મળેલ કે હદપારી થયેલ આરોપી સુલતાનપુર વિસ્તારમાંથી પકડી અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી અને કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનના જુગારના ગુનામાં ત્રણેક માસથી નાસ્તો ફરતો અને જસદણ ના ખારચીયા ગામે રહેતો જયસુખ અરજણ ચોવટીયાને રૂરલ એલસીબી દ્વારા





પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી આ કામગીરીમાં એસઓજી ટીમના પી.આઈ એફ એ પારગી, પીએસઆઇ જી.જે ઝાલા, પી.બી મિશ્રા, એએસઆઈ પીકે શામળા અને એલસીબી વી વી ઓડેદરા, પી એસ આઈ પી એમ ચાવડા, એએસઆઈ બાલકૃષ્ણ ત્રિવેદી હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્ર ગોહિલ સહિતના રોકાયા હતા

# વિંછીયાના મોટી લાખવાડ ગામે કન્ટ્રકશનના ધંધાર્થીને જાનથી મારી નાખવાની ધમકી

## ટ્રેકટરના ફેરાના પૈસા બાબતે માથાકૂટ થતા ગામનાજ શખ્સે ધમકી આપ્યાનો નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

વિંછીયા તાલુકાના મોટી લાખાવાડ ગામે રહેતા કન્ટ્રકશનના ધંધાર્થીને ગામમાં જ રહેતા શખસે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ટ્રેક્ટરના ફેરાના પૈસા બાબતે ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી આપતા યુવાને ફરિયાદ નોંધાવી હતી.

વિંછીયા તાલુકાના મોટી લાખાવાડ ગામે રહેતા કન્સ્ટ્રક્શનના ધંધાર્થી ધવલભાઇ ગુણવંતભાઈ વાલાણી (ઉ.વ. ૨૬) દ્વારા વિંછીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં તેમના જ ગામમાં રહેતા મનીષ હીરાભાઈ વાલાણીનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજથી ચારેક માસ પૂર્વે તેની વાડીમાં જેસીબી તથા ટ્રેક્ટરથી ધૂળનું પુરાણનું કામકાજ કરાવેલ હતું. જેમાં આરોપી મનીષ વાલાણીના ટ્રેક્ટરના ફેરા કર્યા હતા અને તે ફેરા ના રૂ. ૮,૦૦૦ મનીષને દેવાના હતા. ટ્રેક્ટરના ફેરાના પૈસા માંગ્યા હતા. જેથી યુવાને કહ્યું હતું કે, મારે તમને ફેરાના રૂપિયા ૮૦૦૦ દેવાના છે અને તમારા મોટાભાઈ મહેશભાઈ પાસેથી રૂ. ૮,૦૦૦ લેવાના છે તો તમે બંને ભાઈઓ રૂપિયાનો હિસાબ સમજી લેજો જેથી મારે કોઈ લેવાદેવા નહીં. તેવું કહેતા મનીષ ઉશ્કેરાઇ ગયો હતો અને કહ્યું હતું કે, તું મને મારા રૂપિયા નહીં આપે તો જાનથી મારી નાખવાનો છે. જેથી યુવાને કહ્યું હતું કે, બે ત્રણ દિવસમાં તારા રૂપિયા આપી દઈશ આમ કહેતા મનીષે કહ્યું હતું કે, તારા રૂપિયા જોતા નથી તેમ કહીને જતો રહ્યો હતો. બાદમાં આ મનીષ અવારનવાર યુવાનના મિત્રોને કહેતો હતો કે આ ધવલને જાનથી મારી નાખવાનો છે જેથી અંતે યુવાને આ મામલે વિંછીયા પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાવી હતી.

# અમદાવાદની ઈસનપુર પબ્લિક સ્કૂલમાં મિત્રના ઝઘડામાં વચ્ચે પડેલા વિદ્યાર્થી પર 'પરિકર' થી હુમલો

## પરીક્ષા આપી બહાર નીકળતા જ બની ઘટના, નારોલ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો

**અબતક, રાજકોટ**

અમદાવાદના નારોલ-વટવા રોડ પર આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ઈસનપુર પબ્લિક સ્કૂલમાં હિંસક ઘટના સામે આવી છે. બે વિદ્યાર્થીઓ વચ્ચે ચાલી રહેલી બોલાચાલીમાં સમાધાન કરાવવા વચ્ચે પડેલા ધોરણ-૮ના એક વિદ્યાર્થીને અન્ય વિદ્યાર્થીએ ઉશ્કેરાઈને આંખમાં પરિકર મારી દેતા સનસનાટી મચી ગઈ છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની આંખનું ઓપરેશન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગઈકાલે ૧૧:૩૦ વાગ્યે પરીક્ષા પૂર્ણ થયા બાદ સ્કૂલ કેમ્પસમાં બે વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ૧૪ વર્ષીય ઈજાગ્રસ્ત વિદ્યાર્થી તેના મિત્રનો ઝઘડો શાંત કરાવવા માટે વચ્ચે પડ્યો હતો. આથી ઉશ્કેરાયેલા સામે પક્ષના વિદ્યાર્થીએ પોતાના કંપાસમાંથી તીક્ષ્ણ પરિકર કાઢી સીધું જ વિદ્યાર્થીની આંખમાં ઝીંકી દીધું હતું. જેમાં વિદ્યાર્થીને આંખના ઉપરના અને અંદરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. પ્રાથમિક સારવાર એલજી હોસ્પિટલમાં આપ્યા બાદ વધુ ગંભીરતા જોતા સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન કરવામાં આવ્યું છે. પ્રાથમિક રીતે છોકરી બાબતે બોલાચાલી થઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે, જોકે સત્ય પોલીસ તપાસ બાદ બહાર આવશે.

આ ઘટનાને લઈ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી ડો. એલ.ડી. દેસાઈએ જણાવ્યું હતું કે, આ મામલે ઈન્ચાર્જ આચાર્ય પાસેથી રિપોર્ટ મંગાવવામાં આવ્યો છે અને મદદનીશ શાસન અધિકારીને તપાસ સોંપવામાં આવી છે. બીજી તરફ, નારોલ પોલીસ સ્ટેશનના પીઆઈ જે.બી. અગ્રાવતે જણાવ્યું કે, ઈજાગ્રસ્ત વિદ્યાર્થીના પિતાની ફરિયાદના આધારે હુમલો કરનાર વિદ્યાર્થી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની માતાએ જણાવ્યું છે કે મારો પુત્ર તેના મિત્રનો ઝઘડો છોડાવવા ગયો હતો અને સામેવાળા વિદ્યાર્થીએ બેન્ચ પર ચડીને સીધું તેની આંખમાં પરિકર મારી દીધું. હાલ તેનું ઓપરેશન થયું છે અને અમે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# જેતપુરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો વેપારી ઝડપાયો

**અબતક રાજકોટ**

હાલમાં આઈ પી એલ ક્રિકેટની સીઝન ચાલુ છે ત્યારે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા પંટર અને બુકીઓ પર પોલીસે ધોશ બોલાવી છે. ત્યારે જેતપુર પોલીસ ની ટીમ

સ્ટેન્ડ ચોક આગળ એમ જી રોડ પર આવેલી મસ્તી મેન્સવેર તરફ પેટ્રોલિંગમાં હતી ત્યારે એક શખ્સ તેના મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો રમતો હોય એવી શંકા જતા, જેતપુર પોલીસે તેનો મોબાઈલ કબ્જે કરી ચેક કરતા મોબાઈલમાં હાલમાં આઈ પી એલ ઝ ૨૦ ક્રિકેટ મેચ પર ટાઈટન અને મુંબઈ ઈન્ડિયન વચ્ચે ચાલતા ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાનો માલુમ પડ્યું હતું. પોલીસે આસોપાલવ એપાર્ટમેન્ટ, બ્લોક નંબર ૪૦૨ માં રહેતો અને કાપડનો વેપાર કરતો યોગેશ ઉર્ફે યોગી સુરેશભાઈ મંગેશ નામના વેપારીને મોબાઈલ સાથે જેતપુર સીટી પોલીસની ટીમે ઝડપી લીધો છે.

# મોરબીમાં લેન્સકાર્ટ શોરૂમ સામે વિહિપ-બજરંગદળનો વિરોધ

## હિન્દુ ધાર્મિક ચિહ્નોને લગતા નિયમોના પરિપત્રને લઈ ઉગ્ર રજૂઆત, કાર્યકર્તાઓએ કર્મચારીઓને તિલક કરી કર્યો વિરોધ

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી સહિત દેશમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા લેન્સકાર્ટ કંપનીના માલીક દ્વારા જણાવાતા ધાર્મિક ચિહ્નોને લગતા નિયમોના પરિપત્ર સામે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. સંગઠનના કાર્યકર્તાઓએ આક્ષેપ કર્યો હતો કે કંપની દ્વારા હિન્દુ કર્મચારીઓને તિલક, શિખા, કલાવા અને મહિલાઓને બિન્દી ન લગાડવા જેવા સૂચનો સાથે પરિપત્ર બહાર પાડવામાં આવ્યું હતું, જે હિન્દુ ધર્મની લાગણીઓને ઠેસ પહોંચાડે છે. આ મુદ્દે હિન્દુ સમાજને જાગૃત કરવા અને વિરોધ દર્શાવવા મોરબી વિહિપ અને બજરંગ દળના કાર્યકર્તાઓએ મોરબી સ્થિત લેન્સકાર્ટના શોરૂમ ખાતે જઈ કર્મચારીઓને તિલક કરીને વિરોધ કર્યો હતો.




મોરબી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ મોરબી પ્રખંડ દ્વારા ગઈકાલે સાંજે રવાપર રોડ પર આવેલ લેન્સકાર્ટના શોરૂમ સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સંગઠન દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કંપનીના માલીક પિયુષ બંસલ તરફથી એવા નિયમો બનાવવામાં આવ્યા છે જેમાં તેમના શોરૂમમાં હિન્દુ કર્મચારીઓને તિલક ન કરવું, શિખા ન રાખવી, હાથમાં કલાવા ન બાંધવા તેમજ મહિલાઓને બિન્દી ન લગાડવા જેવા સૂચના સાથે પરિપત્ર બહાર પાડવામાં આવ્યું હતું. જ્યારે અન્ય ધર્મના કર્મચારીઓને હિઝાબ માટે છૂટ આપવામાં આવી છે. ત્યારે આ મુદ્દે સમગ્ર દેશમાં વિહિપ અને બજરંગ દળ દ્વારા પ્રતીકાત્મક રીતે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે મોરબીમાં પણ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ સંગઠનના કાર્યકર્તાઓએ ઉગ્ર વિરોધ વ્યક્ત કરી હિન્દુ સમાજને જાગૃત થવા આહ્વાન કર્યું હતું. આ વિરોધ કાર્યક્રમ દરમિયાન કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને રવાપર ખાતે આવેલ લેન્સકાર્ટના શોરૂમ ખાતે જઈ હિન્દુ કર્મચારીઓને તિલક કરીને પ્રતિકાત્મક રીતે વિરોધ નોંધાવ્યો હતો.

# મોરબી લોટસ સોસાયટીના મીટર બોક્સમા આગ લાગતા ફાયર ટીમે મેળવ્યો કાબુ





**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી શહેરના રવાપર-ઘુનડા રોડ પર આવેલી લોટસ ૧૫૮ સોસાયટીમાં આગ લાગવાનો બનાવ સામે આવ્યો હતો. સોસાયટીના એ-૩ એપાર્ટમેન્ટના મીટર બોક્સમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી, જેના કારણે વિસ્તારમાં થોડીવાર માટે ભયનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ મોરબી ફાયર કંટ્રોલ રૂમને બપોરે અંદાજે ૧૧.૫૦ વાગ્યે થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર સ્ટાફે ઝડપી કામગીરી હાથ ધરી આગને વધુ ફેલાય તે પહેલાં જ કાબૂમાં લઈ લીધી હતી. પ્રાથમિક તપાસ મુજબ મીટર બોક્સમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની શકયતા વ્યકત કરવામાં આવી છે.

સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ કે મોટુ મિલકતનું નુકસાન નોંધાયું નથી.

# મોરબીમાં બોલાચાલીનો ખાર રાખી યુવકને ધમકી આપી કારને ટક્કર મારી

## ભાઈ સાથેના ઝઘડાનો બદલો લેવા ફોન પર જાનથી મારવાની ધમકી, સ્કોર્પિયોથી કારને અડફેટે લીધા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના વીસીપરા વિસ્તારમાં બોલાચાલીનો ખાર રાખી એક યુવકને પહેલા ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી અને બાદમાં તેની કાર સાથે અન્ય કાર અથડાવીને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે.

મોરબીના વીસીપરા કુલીનગર-૧માં રહેતા શાહરૂખભાઈ ફીરોજભાઈ પઠાણ ઉવ.૩૨ દ્વારા આરોપી સાજીદભાઈ સાઉદીનભાઈ જેડા રહે. યમુનાનગર મોરબી વાળા સામે નોંધાવાયેલી ફરિયાદ મુજબ તા.૧૭ એપ્રિલે માળીયા ફાટક નજીક આરોપીના ભાઈ નુરમામદ સાઉદીનભાઈ જેડા સાથે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીનો ખાર રાખી, બીજા દિવસે નુરમામદના ભાઈ આરોપી સાજીદ જેડાએ ફોન કરીને ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ તા.૨૦ એપ્રિલે સાંજે ફરિયાદી શાહરૂખભાઈ પોતાના મિત્રની ક્રેટા કાર રજી.નં. જીજે-૩૬-એઆર-૪૧૪૩ લઈને વીસીપરા મેઈન રોડ પર જતા હતા ત્યારે આરોપી સાજીદ જેડા નંબર વગરની કાળી સ્કોર્પિયો લઈને આવી તેમની કાર સાથે બે-ત્રણ વખત ટક્કર મારી, ડ્રાઈવર સાઈડના દરવાજા, પાછળનો ભાગ અને આગળના બમ્પરમાં નુકસાન પહોંચાડ્યું હતું. ઘટના બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીઃ ચોરાઉ બાઈક સાથે તસ્કર પકડાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના વીસીપરા પોલીસ ચોકી સ્ટાફ તેમજ સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન મોરબી શ્રધ્ધાપાર્ક પાસે અમરેલી રોડ પર એક શંકાસ્પદ ઈસમ હિરો કંપનીનું સ્પ્લેન્ડર મોટર સાઈકલ સાથે જોવામા આવતા જે સાઈકલ નંબર પ્લેટ વગરનું હોય જેના કાગળો માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવતા હોય જેથી હાજર ઈસમની યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા, આ મોટર સાયકલ મોરબી વીસીપરા રોહિદાસપરા ગુજરાત સોસાયટી સામેથી ચોરી કરેલ હોવાનું જણાવેલ હોય જેથી મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-ઈજે-૩૫૫૯ કબ્જે કરી મોટર સાયકલ સાથે મળી આવેલ આરોપી દિલીપભાઈ ઉર્ફે ઈમરાન રાજેશભાઈ જાની રહે.મોરબી-૨ વીસીપરા રોહિદાસપરાની બાજુમા ખાડામાં મોરબી વાળાની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# મોરબીઃ પરશુરામ જન્મોત્સવ નિમિતે શોભાયાત્રા સાથે ભૂદેવની એકતાના થયા દર્શન

## વાઘપરાથી શરૂ થયેલી યાત્રા મુખ્ય માર્ગો પરથી પસાર થઈ પરશુરામ ધામે સમાપ્ત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે પરશુરામ યુવા ગ્રુપ દ્વારા ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાઘપરા વિસ્તારમાંથી શરૂ થયેલી યાત્રામાં બ્રહ્મ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને અંતે પરશુરામ ધામ ખાતે અન્નકૂટ-મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.



મોરબીમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભગવાન પરશુરામ જન્મોત્સવ ઉજવણી અંતર્ગત પરશુરામ યુવા ગ્રુપ દ્વારા ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં બ્રહ્મ સમાજના લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. શોભાયાત્રા વાઘપરા શેરી નં.૧૪ ખાતેથી પ્રારંભ થઈ શહેરના મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈ પરશુરામ ધામ સુધી પહોંચી હતી. યાત્રા દરમિયાન ભકિતમય વાતાવરણ સર્જાયું હતું અને ભક્તો દ્વારા રાસ-ગરબા, ધૂન-ભજન કરવામાં આવ્યા હતા. શોભાયાત્રાના સમાપન બાદ પરશુરામ ધામ ખાતે અન્નકૂટ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પ્રસાદનો લાભ લીધો હતો.

## મોરબીઃ ક્રિષ્ના હોસ્પિટલમાં નર્સિંગ બ્રધર્સ કોઈ પ્રવાહી પી લેતા મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીની ક્રિષ્ના હોસ્પિટલમાં કામ કરતા ૨૯ વર્ષીય નર્સિંગ સ્ટાફના યુવકે અજાણ્યા કારણોસર કોઈ પ્રવાહી પી લીધા બાદ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. ઘટનાને લઈ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.મળતી વિગતો અનુસાર, મૂળ ભાવનગર જીલ્લાના દિહોર ગામના અને હાલ મોરબીની ક્રિષ્ના હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ તરીકે કાર્યરત અરવિંદભાઈ નરણભાઈ ઘોયલ ઉવ.૨૯ એ ગત તા.૪ એપ્રિલની રાત્રે ફરજ દરમિયાન કોઈ અજાણ્યું પ્રવાહી પી લીધું હતું. ત્યારબાદ તેમને ક્રિષ્ના હોસ્પિટલમાં જ સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૦ એપ્રિલે બપોરે સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. હાલ મૃત્યુના બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મૃત્યુની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર નજીક કારનો ભયાનક અકસ્માતઃ સગીરા સહિત બે ઘાયલ

## સ્પીડે દોડતી કારનું ટાયર ફાટતા ડિવાઈડર સાથે અથડાઈ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર નજીક ભલગામ પુલ પાસે ફૂલ સ્પીડે જઈ રહેલી કારનું ટાયર ફાટતા અકસ્માત સર્જાયો હતો. કાર ડિવાઈડર સાથે અથડાતા અંદર ઘુસેલા પતરાથી ૧૬ વર્ષીય સગીરાનો પગ કપાઈ ગયો હતો, જ્યારે બીજા એક યુવકને પણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની ઘટના અંગે ઈજાગ્રસ્ત સગીરાના પિતાની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અકસ્માત અંગે પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટ જીલ્લાના બામણબોરમાં રહેતા રમેશભાઈ ઉર્ફે હકાભાઈ નારણભાઈ કડવાણીએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં સ્વીફ્ટ કારના ચાલક આરોપી રાહુલભાઈ ધરજીયા સામે ફરિયાદ નોંધાવી કે, રમેશભાઈ ઉર્ફે હકાભાઈની ૧૬ વર્ષીય દિકરી શ્રદ્ધાબેન ઉર્ફે શારદાબેન ગત તા.૧૦/૦૪ના રોજ મિત્રો સાથે સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૦૩-કેએચ-૧૬૯૬માં રાજકોટ જીલ્લાના કુચીયાદળથી મેસરીયા ગામે ગોલા ખાઈ પરત ફરી રહી હતી ત્યારે વાંકાનેર બાઉન્ડ્રી નજીક ભલગામ પુલ પાસે કારનું ટાયર ફાટતા ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. જેથી કાર ડિવાઈડર સાથે અથડાતા લોખંડનું પતરું કારમાં ઘૂસી જતા સગીરાનો જમણો પગ કપાઈ ગયો હતો અને કારમાં પાછળની સીટમાં બેઠેલ વિરાજભાઈને ઈજા પહોંચી હતી.

ઈજાગ્રસ્તોને સારવાર માટે રાજકોટ અને બાદમાં અમદાવાદ ખસેડાયા હતા. હાલ પોલીસે સમગ્ર અકસ્માતના બનાવ અંગે આરોપી કાર ચાલક રાહુલ ધરજીયા સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જૂના ઘુંટુ ગામે નજીવી બાબતે યુવક પર હુમલો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના જૂના ઘુંટુ ગામે રહેતા મુકેશભાઈ દેવજીભાઈ વોરા ઉવ.૩૪ ઉપર ગત તા.૧૮ એપ્રિલે સાંજે તેમના ઘરમાં બોલાચાલી દરમિયાન પડોશી કિશનભાઈ કમલેશભાઈ બારોટ અને સચીનભાઈ દિનેશભાઈ બારોટે હુમલો કર્યો હતો. આરોપી કિશનભાઈએ લોખંડના પાઈપથી માથામાં ઘા મારી હેમરેજ જેવી ઈજા પહોંચાડી જ્યારે સચીનભાઈએ લાકડાના ધોકાથી શરીરે ઘા મારી મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. જેથી ઈજાગ્રસ્તને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો. હાલ બનાવ અંગે પોલીસે બંન્ને આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેરઃ ભગવાન પરશુરામ જન્મોત્સવની ઉજવણીઃ યજ્ઞ અને રાસ ગરબા સાથે બ્રહ્મતેજ ઝળહળ્યું

## મહિલા મંડળો દ્વારા રાસની રમઝટ અને શાસ્ત્રોક્ત વિધિથી પૂજન; ડો. કૃષ્ણકાંત શુક્લએ ભગવાન પરશુરામના જીવન ચરિત્ર પર પ્રકાશ પાડ્યો



**અબતક લીતેશ ચંદારાણા વાંકાનેર**

ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર અને ચિરંજીવી દેવ ભગવાન પરશુરામ દાદાના જન્મોત્સવની વાંકાનેરના સમસ્ત તરવડના બ્રહ્મ સમાજ અને સનાતન હિન્દુ ધર્મના લોકો દ્વારા હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

ઉજવણીના પ્રારંભે નિર્ધારિત કાર્યક્રમ મુજબ, રામેશ્વર મંદિરના પટાંગણમાં બહેનો અને વિવિધ સોસાયટીના રહીશો દ્વારા રાસ-ગરબા રમીને ભગવાનના આગમનને વધાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. કૃષ્ણકાંતભાઈ શુકલએ પ્રેરક પ્રવચન આપતા ભગવાન પરશુરામ કોણ હતા, તેમનું અવતરણ શા માટે થયું અને તેઓ હાલ ક્યાં બિરાજમાન છે તે અંગે વિસ્તૃત સમજ આપી સૌને સંકલ્પબદ્ધ કર્યા હતા.

બીજા દિવસે સવારે પરશુરામ ધામ મંદિર ખાતે શાસ્ત્રોક્ત વિધિ સાથે યજ્ઞનું આયોજન કરાયું હતું. કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર સાથે આહુતિઓ આપવામાં આવી હતી, જેમાં ભરતભાઈ ઓઝા અને ચેતનભાઈ જાનીએ સજોડે યજમાન પદ શોભાવ્યું હતું. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શન અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# મોરબી ઈન્ડિયન ઓવરસીઝ બેંકના મેનેજર-કર્મચારીઓના ઉદ્ધત વર્તન સામે કાર્યવાહી કરવા માંગ

## સજનપરના ખેડૂતની કલેકટરને રજૂઆતઃ નો-ડ્યુ સર્ટિફિકેટ માટે બેંક તરફથી હેરાનગતિના આક્ષેપ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

ટંકારા તાલુકાના સજનપર ગામના ખેડૂત ત્રિભોવનભાઈ આંબાભાઈ અહિરવાએ મોરબી જીલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરીને મોરબી ઈન્ડિયન ઓવરસીઝ બેંકના કર્મચારીઓ અને મેનેજર દ્વારા નો-ડ્યુ સર્ટિફિકેટ આપવા મામલે હેરાનગતિ કરાતી હોવાનો આક્ષેપ કર્યો છે. ખેડૂતના જણાવ્યા મુજબ, વારંવાર ધક્કા ખવડાવવાની સાથે ભૂલભરેલા દાખલા આપવામાં આવતા હોવાથી ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

ટંકારા તાલુકાના સજનપર ગામના ખેડૂત ત્રિભોવનભાઈ આંબાભાઈ અહિરવાએ તા. ૨૦ એપ્રિલના રોજ જીલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે અગાઉ ઈન્ડિયન ઓવરસીઝ બેંક-મોરબી દ્વારા સજનપર ગામને દત્તક લઈ ખેડૂતોને ધિરાણ આપવામાં આવ્યું હતું. પરંતુ બાદમાં બેંકની અપૂરતી સુવિધાઓ અને કર્મચારીઓના વર્તનથી કંટાળીને ઘણા ખેડૂતોએ પોતાની મંડળી બદલાવી દીધી હતી. ત્યારે હાલમાં રેવન્યુ રેકોર્ડ પરથી બેંકનો બોજો દૂર કરવા માટે ખેડૂતોને નો-ડ્યુ સર્ટિફિકેટ લેવું જરૂરી બન્યું છે. પરંતુ આ સર્ટિફિકેટ મેળવવા માટે જ્યારે ખેડૂત બેંકમાં જાય છે ત્યારે તેમને ઉડાઉ જવાબો આપવામાં આવે છે, ખોટા વાયદા કરવામાં આવે છે અને વારંવાર ધક્કા ખવડાવવામાં આવે છે. વધુમાં બેંક દ્વારા આપવામાં આવતા નો-ડ્યુ સર્ટિફિકેટમાં ભૂલભરેલી વિગતો હોવાના કારણે ખેડૂતોને ફરીથી પ્રક્રિયા કરવી પડે છે.

સજનપર ગામ મોરબીથી અંદાજે ૧૮ કિમી દૂર છે અને નો-ડ્યુ મેળવવા માટે ખેડૂતોને અનેક વખત આવન-જાવન કરવું પડે છે. ત્યારબાદ આ દાખલા લઈને બોજા મુક્તિ નોંધાવવા માટે ટંકારા આશરે ૨૦ કિમી. જવું પડે છે, જ્યાં ભૂલભરેલા દાખલા કારણે ખેડૂતોને વધુ મુશ્કેલીઓ ભોગવવી પડે છે. આ મામલે બેંક મેનેજર સાથે રજૂઆત કરતા તેઓ પણ ઉદ્ધતાઈભર્યું વર્તન કરી સંતોષકારક જવાબ ન આપતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ખેડૂતોને પડી રહેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને બેંકના વર્તન સામે યોગ્ય કાર્યવાહી કરવા અને સમસ્યાનો નિકાલ લાવવા કલેકટર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

# અમરેલીમાં ધંધુકા માલધારી યુવાન હત્યા કેસના પડઘાઃ આરોપી સામે કડક પગલાંની માંગ સાથે કલેકટરને અપાયું આવેદન

## આરોપીને ફાંસીની સજા અને કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવા હિન્દુ સંગઠનોની માંગ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ધંધુકા ખાતે માલધારી સમાજના યુવક ધર્મેશ ગમારા ભરવાડની નિર્મમ હત્યાના બનાવને લઈને અમરેલીમાં આંતરરાષ્ટ્રીય હિંદૂ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ તેમજ અન્ય હિંદુ સંગઠનો અને માલધારી સમાજ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ધંધુકા યુવાનની હત્યા મામલે આરોપીઓને કડક સજા કરવાની માંગ ઉઠાવવામાં આવી હતી.



આવેદનપત્ર આપતા પહેલા નાગદેવતા મંદિરથી આશરે ૧૫૦ જેટલા લોકો રેલી સ્વરૂપે અમરેલી કલેક્ટર કચેરી સુધી પહોંચ્યા હતા. ત્યારબાદ જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારતદ્વાજને આવેદનપત્ર સોંપીને ઘટનામાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. અગાઉ પણ ધંધુકામાં કિશન ભરવાડની હત્યા જેવી ગંભીર ઘટના બની ચૂકી હોવાનું જણાવતાં આ પ્રકારની ઘટનાઓને લઈ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

માટે આ કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવી તાત્કાલિક ફાંસીની સજા આપવામાં આવે તેમજ આવા તત્વો સામે કડક કાયદાકીય પગલાં ભરવા પણ માંગણી કરવામાં આવી હતી.

સંગઠન દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકારને અપીલ કરવામાં આવી હતી કે ગુજરાત સહિત સમગ્ર દેશમાં હિંદુ સમાજને પૂરતી સુરક્ષા આપવામાં આવે અને આવી દુઃખદ ઘટનાઓ ફરી ન બને તે માટે કડક પગલાં લેવામાં આવે, અને અમરેલીના હઠીલા હનુમાન વિસ્તાર પાસે દુકાનદારો દ્વારા કરાયેલા દબાણોને કારણે વાહનચાલકો અને સ્થાનિક લોકોને પડતી મુશ્કેલીઓ અંગે પણ કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. આ તકે એ.એચ.પી. સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. જી.જે. ગજેરા જિલ્લા અધ્યક્ષ જીલુભાઈ વાળા, મજબૂતસીહ બસિયા, સુરેશભાઈ સોલંકી નગબદેવતા મંદિરના મહંત ઉદયભાઈ સહિત સંગઠનના અનેક હોદેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### રાજકોટ ગેમ ઝોન ઘટના બાદ મનોરંજનના ધંધાર્થીઓ મુશ્કેલીમાં

# જૂનાગઢના ભવનાથમાં રાઈડ સંચાલકોના ધંધા બંધ કરાવી દેતા ચકકરડી ધંધાર્થીઓનું ચક્કાજામ

## ભવનાથમાં નાના ધંધાર્થીઓને એક વર્ષથી રોજગારીના ફાફાઃ કાઈમી ઉકેલની માંગ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં ભવનાથ વિસ્તારમાં રાઈડ્સ સંચાલકોએ રવિવારે મોડી સાંજે એકાએકા રસ્તા ઉપર બેસી જઈને વિરોધ પ્રદર્શિત કરતા ભવનાથના મુખ્ય રસ્તા ઉપર બંને સાઈડમાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. બાદમાં પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને રસ્તા ઉપર બેસી ગયેલા લોકોને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા ત્યારે મામલો શાંત પડ્યો હતો.

રવિવારનો દિવસ અને ધોમધકતા ઉનાળાના દિવસોથી કંટાળી જુનાગઢ વાસીઓ ભવનાથ ક્ષેત્રના પ્રકૃતિના ખોળે મુક્ત હવા માણવા પહોંચ્યા હતા. ત્યારે ભવનાથના જિલ્લા પંચાયત ગ્રાઉન્ડમાં નાની રાઈસ અને ચકરડી ચલાવતા ધંધાર્થીઓ મહિલાઓ સાથે મોટી સંખ્યામાં લોકો ભવનાથ જતા મુખ્ય માર્ગ રોકીને પોતાનો વિરોધ પ્રદર્શન કરવા બેસી ગયા હતા. જેના કારણે ભવનાથના મુખ્ય માર્ગ ઉપર વાહનોના થપ્પા લાગી ગયા હતા. જો કે, આ અંગેની ભવનાથ પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. અને બાદમાં તમામ લોકોને પોલીસ સ્ટેશનને લઈ જવામાં આવ્યા હતા.

રવિવારે રસ્તા ઉપર બેસી ગયેલા લોકોના જણાવ્યા મુજબ, રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ થયા બાદ ભવનાથ ક્ષેત્રના જિલ્લા પંચાયત ગ્રાઉન્ડમાં ઘણા વર્ષોથી બાળકો માટે નાની ચકરડીઓ અને નાની રાઈડ્સ ચલાવી કુટુંબનું ગુજરાન કરતા નાના લોકો ના ધંધા મહાનગરપાલિકા અને પોલીસ દ્વારા બળજબરીથી બંધ કરાવવામાં આવ્યા હતા. બાદમાં ધંધો ચાલુ થાય તે માટે કલેકટર મહાનગરપાલિકા અને પોલીસ તંત્રને અનેક રજૂઆત કરવામાં આવેલ, પરંતુ છેલ્લા એક વર્ષથી અમોને ધંધો શરૂ કરવા દેવામાં આવતો નથી. અહીં અમે લાઈટ વગર બેટરીથી ચાલતા નાના રાઈડ્સ અને ચકરડિયો ચલાવી બાળકોને આનંદ આપી કુટુંબનું પેટીઓ રડીએ છીએ. પરંતુ અમારી સામે તંત્ર બેધારી નીતિ અપનાવે છે, અને અમને ધંધો કરવા દેતા નથી. અમારો પરિવાર ભૂખે ન મરે તે માટે સરકાર અને તંત્ર સુરક્ષાના નિયમો જાળવીને અમોને રાઈડ્સ તથા ચકરડી ચલાવવાની મંજૂરી આપે તેવી માંગ કરી રહ્યા હતા.

તે સાથે રસ્તા ઉપર બેસી રસ્તા રોકો આંદોલન સાથે વિરોધ પ્રદર્શન કરનાર મહિલાઓએ ગઈકાલની ઘટના અંગે પોલીસ ઉપર ગંભીર આક્ષેપો પણ કર્યા હતા અને જણાવ્યું હતું કે, પોલીસે અમારા ઉપર દબંગાઈ કરી છે, અમને ઉભા થાવ નહિતર માર ખાવો પડશે. એમ કહી ધમકી આપી હતી. અમે કોઈ ગુનો કર્યો નથી, છતાં પોલીસે અમારી સાથે યોગ્ય વર્તન કરેલ નથી. જો કે છેલ્લા એક વર્ષથી ધંધા વગર બેસી રહેલા ચકરડી અને નાની રાઈડ્સના ધારકોના પરિવાર માટે આર્થિક સંકળામણ આવ્યું છે, અને અનેક રજૂઆત છતાં તેમની માંગ ન સંતોષાતા ગઈકાલે કોઈપણ મંજૂરી લીધા વગર અચાનક જ્યારે ભવનાથ ક્ષેત્રમાં લોકોની ભીડ અને ભારે ટ્રાફિક હતો એવા સમયે રસ્તા રોકો આંદોલન કરી દેતા અહીં આવેલા હજારો પ્રવાસીઓ ટ્રાફિક જામના કારણે ફસાયા હતા તથા રવિવારની મજા બગાડી હતી. અને બાદમાં પોલીસે આવી મામલો સંભાળતા ટ્રાફિક પૂર્વવત થયો હતો.

# રૂ.૨૫૦૦ કરોડના મહાકૌભાંડમાં ખાનગી બેંક કર્મી. ત્રિપુટીની ધરપકડ


## પડધરી પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં ૩૫ પેઢી ના ૮૫ બેંક ખાતાના હિસાબો સીએ ફંફોળી રહ્યા છે



**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લાના પડધરીમાં નોંધાયેલા કરોડો રૂપિયાના સાયબર ફ્રોડના ગુનામાં તપાસનો વ્યાપ વધતા ચોંકાવનારી વિગતો બહાર આવી છે. સાયબર ક્રાઈમ પોલીસે આંતરરાજ્ય કૌભાંડમાં મદદગારી કરનાર યસ બેંકના તત્કાલીન મેનેજર સહિત ત્રણ અધિકારીઓની ધરપકડ કરી છે. શરૂઆતમાં ૧૫૦૦ કરોડ દેખાતું આ કૌભાંડ હવે ૨૫૦૦ કરોડ પર પહોંચ્યું છે. આ મહાકૌભાંડની જટિલતા જોતા પોલીસ દ્વારા ખાસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂક કરવામાં આવી છે, જેઓ ૩૫ પેઢીઓના ૮૫ બેંક ખાતાઓના હિસાબો ફંફોસી રહ્યા છે.આ અંગે માહિતી આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં એસપી વિજયસિંહ ગુર્જરે વિગતો આપતા જણાવ્યું હતું કે, આરોપી મૌલિક રામજીભાઈ કમાણી પોતે બી.બી.એ નો અભ્યાસ કરી યસ બેન્કમાં પર્સનલ બેન્કર તરીકે નોકરી કરતા હોય, તે દરમ્યાન તેઓ આ ગુન્હાના કામે અગાઉ પકડાયેલ આરોપી મનિષ કમાણી, જય નાદપરા, રૂષિત રૈયાણીતથા લાલાભાઈ ઝાલાવડીયાનાઓ સાથે સતત સંપર્કમાં રહી અને આરોપીઓ સાથે મળી. જે સાહેદોના નામે તેમની જાણ બહાર તેમના નામની પેઢીઓના પ્રોપરાઈટર તરીકેના બેન્ક એકાઉન્ટ તેની બ્રાન્ચમાં ખોલાવવામાં મદદ કરી, ત્યાર બાદ અલગ અલગ બેન્ક એકાઉન્ટ માં આરોપીઓ દ્વારાજ આ સાહેદોના એકાઉન્ટ ઓપરેટ થતાં હોય તેવું જાણવા છતાં, આ આરોપીઓને હાઈ વેલ્યૂ ટ્રાનજેક્શન કરવામાં આધારભૂત મદદ કરી, તથા જ્યારે આ લેવડ દેવડ અંગે બેન્કિંગ સિસ્ટમમાં કોઈ પણ એલર્ટ આવે ત્યારે આ આરોપી તથા તત્કાલીન બેન્ક મેનેજર આરોપી કલ્પેશ ડાંગરિયા કોઈ પણ પ્રકારની ખરાઈ કર્યા અંગેની પ્રકિયાનું પાલન કર્યા વગર બેન્કના ઉપરી અધિકારીઓને પોતાની ઓથોરિટીનો દૂરૂપયોગ કર્યો હતો.

જયારે આરોપી કલ્પેશભાઈ વીઠ્ઠલભાઈ ડાંગરીયાએ અગાઉ પકડાયેલ આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા તથા રૂષિત રૈયાણીનાઓ સાથે મળી આ કામે સાહેદોના નામે તેમની જાણ બહાર તેના નામની પેઢીઓના પ્રોપરાઈટર તરીકેના બેન્ક એકાઉન્ટ યસ બેન્કની જુદી જુદી બ્રાન્ચમાં ખોલાવવામાં આધારભુત ભુમીકા ભજવી , જેમાં અગાઉ પકડાયેલ આરોપીઓ તથા તે સીવાય પકડવાના બાકી રહેલ આરોપી યાજ્ઞિક ઉર્ફે લાલા ઝાલાવાડીયા આ બેન્ક એકાઉન્ટ ખોટી પેઢીઓ ઉભી કરી સાહેદોને ખોટુ ગૃહ ઉધોગ લગત વેપાર કરવા માટેની પેઢીમાં ભાગીદાર તરીકે રાખવાની લાલચ આપી તેના પોતાના અંગત આર્થિક લાભ મેળવવાના બાદ ઈરાદા સાથે આ બેન્ક એકાઉન્ટમાં આરોપીઓ દ્વારા સાયબર ફ્રોડતથા અન્ય છેતરપિંડીથી મેળવેલના રૂપિયાનું ટ્રાન્જેકશન કરવામાં મદદ કરેલ છે.ત્રીજા આરોપી અનુરાગ ચંદુભાઈ બાલધાએ અગાઉ પકડાયેલ આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા તથા રૂષિત રૈયાણી તથા લાલાભાઈ ઝાલાવડીયાનાઓ સાથે સંપર્કમાં હોય અને પોતે યસ બેન્કમાં જવાબદાર પર્સનલ બેન્કર તરીકે નોકરી કરતા હોય અને તેઓ આ આરોપીઓના બેન્ક એકાઉન્ટ ઓપનીંગ કરવા માટે ગયેલ ત્યારે આરોપીઓ દ્વારા જ બેન્ક અકાઉન્ટ ખોલવાના ફોર્મમાં સાહેદોની બનાવટી સહીઓ કરી આરોપીને આપેલ તથા કરંટ એકાઉન્ટ ખોલવાની રિજર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની કડક ગાઈડલાઈન હોવા છતાં આ કોઈ પણ નિયમોનું પાલન કર્યા વગર આ કામના સાહેદોના નામે તેમની જાણ બહાર તેમના નામની પેઢીઓ ખોલી આ આરોપીઓ પૈકી રૂષિત રૈયાણીનાએ પોતે પ્રોપરાઈટરની ખોટી સહી કરી હતી. તપાસ દરમિયાન ખુલ્યું છે કે ૨૫૦૦ કરોડના કુલ ટ્રાન્ઝેક્શનમાંથી ૭૪ કરોડ રૂપિયા શુદ્ધ સાયબર ફ્રોડના હતા. આ રકમ



દેશભરમાં થયેલી ૫૩૫ જેટલી સાયબર છેતરપિંડીની ફરિયાદો સાથે સંકળાયેલી છે. બાકીની રકમ ગેમિંગ અને જીએસટી ચોરીના ટ્રાન્ઝેક્શન હોવાની શંકા છે. પીઆઈ આર.જે.ગોધમની ટીમે અત્યાર સુધીમાં આ કેસમાં ૧૭ શખ્સોને જેલહવાલે કર્યા છે.

### કમિશનની કમાણીમાંથી ગિફ્ટમાં આઈફોન અને લાખોની રોકડ મેળવી

**સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવામાં મદદ કરવા બદલ બેંકના આ અધિકારીઓને મસમોટું વળતર મળતું હતું. પોલીસની પકડમાં આવેલા મૌલિક રામજી કમાણી, કલ્પેશ વિઠ્ઠલભાઈ ડાંગરીયા અને અનુરાગ ચંદુભાઈ બાલધા અગાઉ યસ બેંકમાં સાથે હતા. હાલ કલ્પેશ અને અનુરાગ અન્ય ખાનગી બેંકોમાં ફરજ બજાવી રહ્યા હતા, ત્યાંથી તેમની ધરપકડ કરાઈ છે. આરોપીઓને ફ્રોડના ટ્રાન્ઝેક્શન દીઠ નક્કી કરેલું કમિશન મળતું હતું. આઈફોન અને રોકડની 'ગિફ્ટ' તરીકે આપવામાં આવતી હતી. અત્યાર સુધીમાં તેમણે કુલ કેટલો ભ્રષ્ટાચાર કર્યો છે.**

### બેંકિંગ સેફ્ટી ફીચર્સને બાયપાસ કરી દેતા માસ્ટ રમેનેજરની 'ગેમ'

**બેંકના અધિકારીઓની ભૂમિકા એટલી શંકાસ્પદ હતી કે તેઓ બેંકિંગ સેફ્ટી ફીચર્સને પણ બાયપાસ કરી દેતા હતા. આરોપીઓ જાણીતા હોવા છતાં અન્ય વ્યક્તિઓના નામે ખોટી પેઢીઓ બનાવી બેંક ખાતા ખોલી આપતા હતા. ઘણીવાર પ્રોપરાઈટર હાજર ન હોય તો પણ મેનેજર કલ્પેશની મંજૂરીથી તેની નકલી સહીઓ કરીને ખાતા કાર્યરત કરી દેવાતા હતા. જ્યારે બેંકના સર્વરમાં હાઈ-વેલ્યુ ટ્રાન્ઝેક્શનને કારણે શંકાસ્પદ એક્ટિવિટીના એલર્ટ આવતા, ત્યારે મેનેજર કલ્પેશ પોતાની સત્તાનો ઉપયોગ કરી કોઈ પણ તપાસ વગર આ એલર્ટ હટાવી દેતો હતો, જેથી હેડ ઓફિસને શંકા ન જાય. .**

# તળાજા સોની દંપતીના મોતનો ભેદ ઉકેલવા પોલીસ અને FSL ટીમ દ્વારા તપાસનો ધમધમાટ

### પણ એવીતે કઈ રીતે આગલાગી પણ છત સુધી ધુમાડો ન પહોંચ્યો! પોલીસે શકમંદોની પૂછપરછ હાથ ધરી, ઓશિકા પાસે બ્લડ જોવા મળ્યું

**અબતક,રાજકોટ**

તળાજા શહેરમાં સોની દંપતીની ઘરમાં દાઝી ગયેલ લાશો એ સૌના મુખે એકજ સવાલ છેકે આગ એવી તે કેવી જે મર્યાદિત જગ્યા માજ પ્રસરી.એટલુંજ નહિ આગ લાગી પરંતુ તેના ધૂમડા પથારી થી માત્ર પાંચેક ફૂટ ઉપર છત મા પણ લાગ્યા નથી.આજ વસ્તુ આજે FSLની ટીમ જ્યારે તપાસ કરવા પહોંચી ત્યારે તેમની નઝરે પણ ચડી.જેને લઈ સમગ્ર ઘટના ઈન્વેસ્ટિગેશન મા જે જે ટીમ જોતરાઈ રહી છે.તળાજા મા ગોપાલ વોચ અને જય ગોપાલ જ્વેલર્સ નામે જાણીતી પેઢીના સોની વૈઠા પરિવાર ના કિશોરભાઈ વેલજીભાઈ ઉ.વ.૬૪ સાથે તેમના પત્ની રેખાબેન ઉ.વ.૬૨ ની લાશ જે રીતે સળગેલી હાલતે તેમનાજ ઘરમાંથી જે રીતે લાશો મળી એ બનાવે ઘરઘર મા ચકચાર જગાવી દીધી છે.સૌના મનમાં એકજ સવાલ છેકે આગ એવીતે કેવી રીતે લાગી કે દંપતી ના શરીર પર આગથી વ્યાપક દાઝી ગયા હોય, વાળ બળી ગયા હોય પરંતુ બાજુમાજ પડેલ મોબાઈલ, ઓશીકુ અને પથારી નો પૂરો ઓછાડ પણ ન સળગ્યો હોય?!આમ આ સમગ્ર ઘટનાને લોકો શંકા ની દ્રષ્ટિથી જોઈરહ્યા છે.

આવીજ શંકા આજે તપાસ મા ગયેલ પોલીસ અને એફ.એસ.એલ ની ટીમ ને પણ થઈરહી છે.FSL ટીમે આજે પોલીસ ને સાથે રાખી બંધ બારણે તપાસ હાથધરી હતી.તેઓની તપાસ મા પણ ચોંકાવનારી બાબત એ આવી છેકે આગ એવી તે કેવી કે છત ઉપર પણ ક્યાંય ધુમાડો ચોટયો નથી કે ઉપર અથવા તો આસપાસ ની દીવાલ મા ક્યાંય આગ કે ધૂમડાઓ થી દીવાલ કાળી થઈ હોય.આંગળી મા પણ ધુમાડો ક્યાંય ચોટયો હોય તેવું પણ એફ.એસ.એલ ની ટીમ ની સામે આવ્યું નથી.આગ કઈ રીતે લાગી એ વિષય એફ.એસ.એલ અને પોલીસ ટીમ માટે એકવખત માથું ખંજવાળવું પડે તે રીતનો છે.પડકાર રૂપ છે.સતાવાર રીતે હજુ કહી શકાયું નથી કે આગ લાગવાનું કારણ શું?.ગાદલા નો જે ભાગ બળેલો છે તે પણ મર્યાદિત જ છે અને બોડી નો જે ભાગ બળેલો છે તેપણ મર્યાદિત જ છે.આથી એવિપણ વિગત પ્રાપ્ત થઈ રહી છેકે લોહીના ડાઘ પણ પથારી માંથી મળ્યા છે.હવે તે લોહી કેમ વહયું તે પણ સવાલ ઉભા કરે છે.

બીજી તરફ ગઈકાલ અને આજેપણ દિવસ ભર પોલીસ અને મીડિયા પાસે પારિવારિક થી લઈ આર્થિક બાબતો,અંગત બાબતો ચર્ચાઓ દરમિયાન અથવા તો મોબાઈલ માધ્યમથી જાણવા અને જણાવવા મા આવી હતી.જેથી પોલીસ પાસે તપાસ ની દિશાઓ ચોક્કસ થઈ રહી છે.

### મહિલાના કમરનો નીચેનો ભાગ દાઝેલ નથી !!

**પોલીસ ઈન્વેસ્ટિગેશન મા એક બાબત એવી પણ ચોંકાવનારી આવી છેકે મૃતક રેખાબેન ના બંને હાથ શરીર ના પાછળ પીઠ ના ભાગે છે.પ્રારંભિક દ્રષ્ટિએ એવું લાગે કે બંને હાથ પાછળ કરી બાંધી દીધેલ હોય પરંતુ બાંધેલ જોવા મળ્યા ન હતા.તેની સામે બંને હાથ આગથી દાઝેલ બળેલ જોવા મળે છે ત્યારે સવાલ એ પણ થાય છેકે તો ગરદન થી લઈ કમર અને ખાસ કરીને કમર નો નીચેનો ભાગ જરીકેય દાઝેલ કે બળેલ જોવા મળતો નથી.આખું શરીર નિર્વસ્ત્ર છે.**

**FSLએ સોની દંપતીની પથારી સહિતના લીધા નમૂના, આગના ધૂમડાઓ પાંચ ફૂટ ઊંચી છતમા જોવા ન મળ્યા**

# ધોરાજીના વેપારીનું ૩૫ લાખનું મકાન વ્યાજખોરોએ પચાવી પાડ્યું

### કેન્ટીનના ધંધામાં આર્થિક જરૂરિયાતથી ધોરાજી સ્થિત જય અંબે એન્ટરપ્રાઈઝના માલીક પાસેથી રૂ.૫ લાખ વ્યાજે લીધા પ્રૌઢના પરીવારની વ્હારે પોલીસ આવી, હરપાલસિંહ ચુડાસમા સામે મનીલેન્ડ એકટ હેઠળ ગુનો નોંધયો

**અબતક રાજકોટ**

ધોરાજી શહેરના વેપારીનું ૩૫ લાખનું મકાન જામકંડોરણાના વ્યાજખોર હરપાલસિંહ ચુડાસમાએ પચાવી પાડતાં ધોરાજી પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. કેન્ટીનના ધંધામાં પૈસાની જરૂર પડતા ધોરાજી સ્ટેશન રોડ પર જય અંબે એન્ટરપ્રાઈઝના માલીક પાસેથી રૂ.૫ લાખ વ્યાજે લીધા હતાં. જેની સામે ઘરવખરી સાથેનું મકાન પડાવી લેતાં પ્રૌઢની વ્હારે પોલીસ આવી હતી.

બનાવ અંગે ધોરાજીમાં જૂનાગઢ રોડ પર આકૃતિ એપાર્ટમેન્ટમાં રહેતાં અરવિંદભાઈ દેવરાજભાઈ ચાવડા (ઉ.વ.૫૬) એ હરપાલસિંહ ચુડાસમા (રહે. જામકંડોરણા) સામે મનીલેન્ડ એક્ટ હેઠળ ધોરાજી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતુંકે, તે પીઠળીયા ટોલનાકા પાસે આવેલ "ઠાકરધણી હોટલે રહી ત્યા જ મજુરી કામ કરી ઘર પરીવારનુ ગુજરાન ચલાવે છે. સાડા ત્રણેક વર્ષ પહેલા તેઓ ધોરાજી માર્કેટ યાર્ડમાં કેન્ટીન ચલાવતાં હતાં તેમાં પૈસાની જરૂર પડતા ધોરાજી સ્ટેશન રોડ પર જય અંબે એન્ટરપ્રાઈઝ નામનો ટીવી ફ્રીજનો શો-રૂમ ધરાવતા જામકંડોરણાના હરપાલસિંહ ચુડાસમા પાસેથી ૫ લાખ ૩ ટકાના વ્યાજે લીધા હતા, તે પછી દર મહિનાનુ વ્યાજ તેમના શો રૂમે જઈને આપતાં હતાં. ૪ મહિના સુધી કુલ રૂ. ૬૦ હજાર વ્યાજ આપેલ ત્યારબાદ ચોમાસુ આવી જતા કેન્ટીનનો ધંધો ઓછો થઈ જતા છ સાત મહિના સુધી હરપાલસિંહને વ્યાજ આપી શક્યો નહી.

તે જ મહિનામાં મકાન હરપાલસિંહના નામે કરી દિધેલ અને તેની સામે તેને મકાનની ૧૧ લાખની લોન અને તેની પાસેથી વ્યાજે લીધેલ રૂ. ૫ લાખ અને છ સાત મહિનાના બાકી રહેતા વ્યાજના રૂપીયા અને અઢી લાખ રૂપીયા એમ અઢાર લાખની સામે રૂ. ૩૫ લાખનુ મકાન પડાવી તેમના નામે કરાવી લીધેલ અને ત્યારબાદ મકાન પાછુ મેળવવુ હોય જેથી ગમે તેમ કરીને છ સાત મહિના સુધી કટકે કટકે આશરે પોણા બે લાખ જેવુ વ્યાજ આપેલ ત્યારબાદ પાંચેક મહિનાનુ વ્યાજ ચુકવી શકેલ નહી અને ૧૧ મહિનાની મુદત પુરી થતા આરોપીએ ફરીયાદી અને તેમના પરીવાર પાસે વકીલ પાસે લખાણ કરાવેલ અને ત્યારબાદ પણ વ્યાજના પૈસા ના ચુકવાતા હરપાલસિંહે ઘરે આવી ધાક ધમકી આપવા લાગેલ કે, આ મારા બાપનુ મકાન છે, વ્યાજના પૈસા આપી દેજો નહીતર તારા હાથ-પગ ભાંગી રસ્તા પર લાવી દઈશ.

જેથી ડરના કારણે મકાન ખાલી કરી દિધેલ અને ત્યારે પણ હરપાલસિંહએ કહેલ કે, તારા પૈસા પુરા નથી થતા જેથી ઘરનો બધો સામાન નહી કાઢવા દઉં તેમ કહી મકાન પચાવી લીધેલ હતું. જે બાદ જમનાવડ રોડ પર પરીવાર સાથે ભાડે રહેવા જતો રહેલ. ત્યારબાદ એક દિવસ જામકંડોરણા પોલીસ સ્ટેશનથી કોર્ટની તારીખનો ફોન આવતા જાણવા મળેલ કે, હરપાલસિંહને સહી વાળા કોરા ચેક આપેલ હોય તેનો જાણ બહાર ઉપયોગ કરીને હરપાલસિંહે પહેલા દસ લાખ અને ત્યારબાદ ઝાંઝમેરના જયરાજસિંહ નામનો પાંચ લાખનો ચેક બેન્કમાં વટાવી બાઉન્સ કરાવી કોર્ટમાં કેસ કરેલ છે. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

### ધોરાજીમા કેરમ રમતી વખતે ડખો થતાં યુવક પર છરીથી હુમલો

### આરોપી ભયુ ઉર્ફે સતીષ સામે ગુનો નોંધાયો

**અબતક રાજકોટ**


ધોરાજીના નસીબ ચોકમાં કેરમ રમતી વખતે ડખો થતાં યુવક પર છરીથી હુમલો કરી શખ્સે ગાલ-હોઠ ચીરી નાંખતા યુવકને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે આરોપી ભયુ ઉર્ફે સતીષ સામે ગુનો નોંધાયો હતો.બનાવ અંગે ધોરાજીના બહારપુરામાં રહેતા કિશોરભાઈ નારણભાઈ સોલંકી (ઉ.વ. ૪૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ભયુ ઉર્ફે સતીષ શામજી પરમાર (રહે. ધોરાજી) નું નામ આપી જણાવ્યું હતું. ધોરાજીના આંબેડકરનગરમાં મીત્ર રામદાસ નરભેરામ ચૌહાણના ઘરે હતો તે વખતે મીત્ર હેંમત ચૌધરીનો ફોન આવેલ કે, તમારા ભાઈ દિલીપભાઈને નસીબ ચોકમાં ભયુ ઉર્ફે સતીષ શામજી પરમારે છરી મારી દિધી છે, અમે તેને સરકારી દવાખાને લઈને જઈ છીએ, તમે ત્યા હોસ્પીટલે આવી જાવ. જે બાદ તેઓ મીત્ર રામદાસનુ બાઈક લઈ ધોરાજી સરકારી દવાખાને આવેલ અને ત્યા જોયુ તો દિલીપભાઈની સારવાર ચાલુ હતી અને તેને મોઢામાં ગાલે મોટો ચીરો પડી ગયેલ અને હોઠ કપાઈ ગયેલ હતો. તેમજ ખુબ જ લોહી નીકળતુ હતુ, તે બેભાન હાલતમાં હતો.

વધુમાં ફરીયાદીએ બનાવના કારણ અંગે જણાવ્યું હતું કે, દિલીપભાઈ તથા ભયુ ઉર્ફે સતીષ પરમાર કેરમ રમતા હોય તે વખતે કોઈ કારણોસર ઝગડો થતા ભયુએ દિલીપભાઈને છરીના ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

### રાજુલાઃ યાદવ યુવા ગ્રુપ દ્વારા રક્તદાન કેમ્પમાં ૫૧ યુનિટ બ્લડ એકત્રિત

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

યાદવ યુવા ગ્રુપ- રાજુલા દ્વારા આહિર સમાજની વાડી ખાતે સ્વ.દિપકભાઈ જીંજાળાની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવતા ૫૧ રક્તદાતાઓએ રક્તદાન કરીને ખરા અર્થમાં માનવતા મહેકાવી હતી.



સ્વ.દીપકભાઈના પત્ની મંજુલાબેન તથા જીંજાળા પરિવાર અને સંતો મહંતો તથા ડોક્ટરો અને આહીર સમાજ અગ્રણીઓ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પને ખુલ્લો મુકવામાં આવતા રક્તદાન કેમ્પમાં યાદવ યુવા ગ્રુપના પ્રમુખ પ્રવિણભાઈ જીંજાળા, ઉપપ્રમુખ જેન્તીભાઈ વાણીયા, મંત્રી અરવિંદભાઈ વાણિયા તથા ગોપાલભાઈ, બળુભાઈ, હર્ષદભાઈ, મુકેશભાઈ, ભરતભાઈ, શૈલેષભાઈ, રાજુભાઈ, સુરેશભાઈ વગેરે તમામ સભ્યો દ્વારા ખડેપગે હાજર રહી ૫૧ યુનિટ બ્લડ એકત્રિત કરી નવકાર ચેરીટેબલ બ્લડ બેન્ક મહુવાને સમર્પિત કરી સાચા અર્થમાં તિથિની ઉજવણી કરાઈ હતી.

# ધ્રાંગધ્રા યાર્ડના વેપારીને ઉઠાવી જતી સુરત પોલીસ

### હથિયાર કેસમાં નિલેશ આહિરની પેઢીએ પોલીસ પુછપરછ કરાતા મામલો થોડીવાર તંગ બન્યો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના માર્કેટિંગ યાર્ડમાં આજે ત્યારે ચકચાર મચી હતી જ્યારે સુરત પોલીસ હથિયાર સંબંધિત ગુનામાં નામ ખુલતા એક વેપારીને પકડવા અચાનક પહોંચી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, માર્કેટિંગ યાર્ડમાં કમિશનની દુકાન ધરાવતા વેપારી નીલેશભાઈ આહીરનું નામ સુરત ખાતે નોંધાયેલા હથિયાર કેસમાં સામે આવતાં સુરત પોલીસ ટીમ ધ્રાંગધ્રા પહોંચી હતી સુરત પોલીસ સાદા વેશમાં આવી વેપારીને કસ્ટડીમાં લઈ જવા કાર્યવાહી શરૂ કરતાં યાર્ડના અન્ય વેપારીઓને જાણ થતા મોટી સંખ્યામાં વેપારીઓ ઘટના સ્થળે એકત્રિત થઈ ગયા હતા. વેપારીઓએ પોલીસ પાસે ઘટનાની વિગત અંગે પૂછપરછ કરતા થોડીવાર માટે તંગદિલીનું વાતાવરણ સર્જાયું હતું આ દરમિયાન ધ્રાંગધ્રા તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસ તરત જ ઘટના સ્થળે પહોંચી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. બાદમાં સુરત પોલીસ અને સંબંધિત વેપારીને ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા, જ્યાં વેપારીઓ પણ મોટી સંખ્યામાં પહોંચ્યા હતા અને સમગ્ર મામલે સ્પષ્ટતા માગી હતી પોલીસ દ્વારા વેપારીઓને જણાવાયું હતું કે હથિયાર સંબંધિત ગુનામાં નામ સામે આવતા નીલેશભાઈ આહીરને પૂછપરછ માટે સુરત લઈ જવામાં આવી રહ્યા છે. આથી મામલો શાંત પડ્યો હતો અને જરૂરી કાર્યવાહી બાદ સુરત પોલીસ ટીમ વેપારીને આગળની પૂછપરછ માટે સુરત લઈ જવા રવાના થઈ હતી આ ઘટનાને પગલે માર્કેટિંગ યાર્ડ વિસ્તારમાં થોડા સમય માટે ઉત્સુકતા અને ચકચારનો માહોલ જોવા મળ્યો હતો.

# ગોંડલઃ રાજવીકાળની પ્રજાવત્સલતાની સાક્ષી સમાન 'થાકલા'ને ચિત્રકારે આપ્યું નવજીવન

### શિવરાજગઢ પાસેના ઐતિહાસિક વિસામાને મુનીરભાઈ બુખારીએ તિરંગાના રંગે સજાવ્યોઃ ભગવતસિંહજીની સ્મૃતિઓ તાજી થઈ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના આંગણે આજે પણ રાજવીકાળની ભવ્યતા અને પ્રજાવત્સલતાના અનેક સ્મારકો અડીખમ ઉભા છે. ત્યારે ગોંડલના જાણીતા ચિત્રકાર મુનીરભાઈ બુખારીએ એક પ્રશંસનીય પહેલ કરી છે. તેમણે તાલુકાના શિવરાજગઢ ગામ પાસે આવેલા રાજવીકાળના ઐતિહાસિક 'થાકલા' (વિસામા)ને પોતાની પીંછીના સ્પર્શથી નવા રંગરૂપ આપી સુશોભિત કર્યો છે.



'થાકલા'નો ઈતિહાસ રસપ્રદ છે. મહારાજા સર ભગવતસિંહજી ખરા અર્થમાં પ્રજાવત્સલ રાજવી હતા. લોકવાયકા મુજબ એકવાર મહારાજા સાદા વેશમાં પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ગ્રામીણ મહિલાએ તેમને સામાન્ય વટેમાર્ગુ સમજી ઘાસનો ભારો માથે ચડાવવા મદદ માંગી હતી. મહારાજાએ હસતા મુખે મદદ કરી, પરંતુ તે ઘટનાએ તેમને વિચારતા કરી દીધા કે, "મારે પ્રજાનો ભાર વધારવાનો નહીં, પણ ઉતારવાનો હોય."

આ વિચારમાંથી 'થાકલા'નો જન્મ થયો. વટેમાર્ગુઓ માથા પરનો ભારો કોઈની મદદ વગર આ આડા પથ્થરવાળા સ્તંભ પર મૂકી આરામ કરી શકે અને ફરી જાતે જ માથે ચડાવી શકે તે હેતુથી સમગ્ર સ્ટેટમાં ઠેર-ઠેર આવા થાકલા બનાવવામાં આવ્યા હતા.

ગોંડલનાં ચિત્રકાર મુનીરભાઈ બુખારીએ આ વિસરાતી જતી વિરાસતને ફરી જીવંત કરવા શિવરાજગઢ પાસેના થાકલાનો તિરંગાના રંગો અને કલાત્મક ચિત્રોથી સજાવ્યો છે. ઉલ્લેખનીય છે કે મુનીરભાઈએ આ અગાઉ પણ ટાઉનહોલ ખાતે મહારાજા ભગવતસિંહજીનું વિશાળ પેઈન્ટિંગ બનાવ્યું છે.

ચોરડી દરવાજા પાસે રામચંદ્રજીનું ચિત્ર અંકિત કર્યું છે. મોંઘીબા સ્કૂલ પાસે 'ઓપરેશન સિંદુર'ની ઝાંખી રજૂ કરી હતી.

# દેવભૂમિ દ્વારકાઃભરણપોષણના કેસમાં ફરાર અકબર સુંભણીયા ઝડપાયો

**અબતક મહેન્દ્ર કકડ દેવભૂમિ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા ના આરંભડા ગામે રહેતો અને સજા વોરંટમાં નાસ્તો ફરતો આરોપી અકબર હસન સુભણીયા ને આરંભડા ગામે નેવિ ગેટ સામેથી એસ.ઓ.જી ની ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે


આ અંગે પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ દેવભૂમિ દ્વારકા એસઓજી પીઆઈ વી.એ.રાણા ના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા એ એસ આઈ અશોકભાઈ સવાણી, હેડ કોન્સ્ટેબલ હરદાસભાઈ મોવર ને ચોક્કસ બાતમી મળેલ કે દેવભૂમિ દ્વારકા ના આરંભડા ગામે રહેતો અને ભરણ પોષણ ના કેસમાં સજા વોરંટ માં ફરાર આરોપી અકબર હસન સુભણીયા ઉંમર વર્ષ ૩૧ વર્ષીય આરોપી આરંભડા ગામે નેવી ગેટ પાસે હોય તેને પકડી પાડી ને અને મીઠાપુર પોલીસ ને સોંપેલ હતો આ કામગીરીમાં પીઆઈ વી.એ.રાણા, પીએસઆઈ ડી.એ.વાળા, એ.એસ.આઈ અશોકભાઈ સવાણી, હેડ કોન્સ્ટેબલ હરદાસભાઈ મોવર સહિતના રોકાયા હતા

### જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં યુવાનનું મોતઃ વાલી વારસની શોધખોળ

**જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં એક અજાણ્યા યુવક ઉંમર ૪૦ નું બીમારી થી મોત નીપજતા ઘટના સ્થળે જેતપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાં સ્થળે દોડી ગયો હતો મૃતદેહના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.આ અંગે મળતી માહિતી મુજબ જેતપુર સિવિલ હોસ્પિટલ માં ગત ૧૪ ના રોજ અજાણ્યા યુવાન સારવાર અર્થે આવેલ અને વધુ સારવાર અર્થ જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં રિફર કર્યો હતો જેનું ગઈ કાલે સાંજે બીમારી થી મોત નીપજતા જેતપુર પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો અને યુવક ના વાલી વારસની શોધ ખોળ ચાલુ છે તેમજ મૃતક યુવાન ને જમણા હાથે દિલ ટ્રોફાવેલ હોય અને જાંબલી કલરનું પરવાળું ટ્રીશર્ટ પહેરેલ હોય અને હાલ મૃતદેહ ને જૂનાગઢ હોસ્પિટલ ખાતે કોલ્ડ સ્ટોરેજ માં રાખેલ છે વધુ માહિતી માટે પીએસઆઈ બી. ડી મારુ ના મો .૯૭૧૪૪ ૧૬૨૬૯ સંપર્ક કરવા જણાવ્યું હતુ**

### ધ્રાંગધ્રાઃ વૈશાખસુદ ચોથના એકદંતા ગણપતિનું મંદિર બન્યુ આસ્થા કેન્દ્ર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



વૈશાખ સુદ ચોથ આજના દિવસે લોકો ગણપતીની પૂજા અર્ચના કરવામાં આવે છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાગધ્રામાં આવેલ એકદંતા ગણપતિનું મંદિર નો વિશેષ મહિમા છે. આ મંદિરની અંદર જે ગણપતિ દાદા ની મૂર્તિ છે. તે ભારતભર માં બે જગ્યા ઉપર જ છે. એક ધ્રાંગધ્રામાં અને બીજા દક્ષિણ ભારતમાં આવેલ છે. દાદાની મૂર્તિ ની વાત કરીતો સીધી સૂંઢવાળા અને એકદંત છે. સાથે પોતાના સમગ્ર પરિવાર સાથે અહીંયા બિરાજમાન છે. અને ગણપતિએ સર્પ ની જનોઈ ધારણ કરેલ છે.અને દાદાની મૂર્તિ વિશાળ છે. આ જગ્યા ઉપર વૈશાખ સુદ ચોથના રોજ હજ્જારોની સંખ્યામાં ભક્તો દર્શને આવે છે. અને મેળા ભરાય છે.આજના દિવસે હવન પણ કરવામાં આવે છે. ત્યારે આ જગ્યા ઉપર આવેલ આ મંદિર આશરે ૨૦૦ વર્ષ જેટલું જૂનું છે. ધ્રાંગધ્રા સ્ટેટના રણમલસિંહજીએ આ મંદિરની સ્થાપના કરી હતી. આજના દિવસે પણ લોકો બાધા રાખે છે. અને લોકો ચાલીને આવે છે. તેમજ ગોળ, લાડુ નો પ્રસાદ ધરાવે છે

# ગોંડલના ભરૂડી ટોલનાકા પાસે ૯ લાખના એમ.ડી ડ્રગ્સ સાથે ધોરાજી, માંગરોળ અને વેરાવળના ચાર ઝડપાયા

## રાજસ્થાનના જોધપુરથી મોજામાં ડ્રગ્સ છુપાવ્યું ધોરાજી ડીલીવરી કરવા જતા હતા

## એસઓજીએ દરોડો પાડી ૧૫.૦૭ લાખનો મુદ્દામાલ કબજે, ડ્રગ્સ મગાવનાર ધોરાજીની મહિલા સહિત ચારની શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય એસોજીની ટીમે ગોંડલના ભરૂડી ટોલનાકા પાસે કારમાં ચાર શખસોને રૂપિયા નવ લાખના ૩૦૧ ગ્રામ એમ.ડી. સાથે ઝડપી લીધા હતા. પોલીસે ડ્રગ્સ અને કાર મોબાઈલ અને રોકડ સહિત રૂ. ૧૫.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ડ્રગ્સ રાજસ્થાનના જામજોધપુરમાં રહેતા પાસેથી લાવ્યા હતા અને ડ્રગ્સનો જથ્થો મંગાવનાર તરીકે ધોરાજીની નામચીન મહિલાનું નામ ખુલ્યું હતું. પોલીસે આ બંને સહિત ચાર શખસોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ગેરકાયદે માદક પદાર્થને લગતી પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા અને તે અંતર્ગત અસરકારક કામગીરી કરવા રાજકોટ રેન્જ આઈજીની નિર્લિપ્ત રાય અને રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા સૂચના આપવામાં આવી છે. જેને લઈ રાજકોટ એસઓજી પીઆઈ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એવી બાતમી મળી હતી કે, જોધપુરથી ચાર શખ્સો ધોરાજી જઈ રહ્યા છે અને તેઓ માદક પદાર્થની હેરફેર કરવાની ફિરાકમાં હોવાનું માલુમ પડ્યું હતું. જેથી એસોજીની અલગ અલગ ટીમ બનાવી વોચ ગોઠવી હતી. દરમિયાન ગોંડલના ભરૂડી ટોલનાકા પાસે શંકાસ્પદ કાર પસાર થતાં પોલીસે કાર અટકાવી હતી. બાદમાં પોલીસે કારમાં સવાર શખસોની અંગ જડતી લેતા આરોપીના પગમાં છુપાવેલ રૂપિયા ૯.૦૩ લાખની કિંમતનું ૩૦૧ ગ્રામ એમ.ડી ડ્રગ્સ મળી આવ્યું હતું. જેથી પોલીસે આ ચારેય



શખસોની અટક કરી હતી.

આ શખ્સોની પૂછતાછ કરતા તેના નામ મોહમ્મદ કાસીમ ઈસ્માઈલભાઈ ગરાણા (રહે. બહારપુરા, ધોરાજી), શકીલ કાદરભાઈ જેઠવા (રહે વેરાવળ), રિયાઝ કાદરભાઈ ભુવર (રહે. ફૂલવાડી રોડ ધોરાજી) અને અરમાન કામિલભાઈ સિપાઈ (રહે. માંગરોળ) હોવાનું માલુમ પડ્યું હતું. આ શખ્સોની પૂછતાછ કરતા એવી હકીકત સામે આવી હતી કે ધોરાજીમાં રહેતી રૂક્ષાના ઉર્ફે રૂકલી સરદારભાઈ કુરેશીએ માદક પદાર્થનો આ જથ્થો જોધપુરના અફઝલ મોહમ્મદભાઈ અયુબ પાસેથી મંગાવ્યો હતો જેમાં શકીલ કાદર જેઠવાએ મહિલાનો સપ્લાયર સાથે સંપર્ક કરાવ્યો હતો અને અરમાન સિપાઈ રાજસ્થાનથી માદક પદાર્થનો આ જથ્થો લાવ્યો હતો. માદક પદાર્થની હેરાફેરીમાં અન્ય આરોપીઓના પણ નામ ખુલ્યા છે જેમાં મોહનીશાશાહમદાર(રહે ધોરાજી), સિરાજ ઉર્ફે ભૂરો શાહમદાર(રહે ધોરાજી) પોલીસે એમડી ડ્રગ્સ કાર નંબર જીજે ૩ એનકે ૭૮૬૫ મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૧૫.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસે માદક પદાર્થનો જથ્થો મંગાવનાર ધોરાજીની રૂકસાના ઉર્ફે રૂકલી મોહિનીશ, સિરાજ શાહ અને રાજસ્થાનના સપ્લાયરને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

આ કામગીરીમાં એસ.ઓજી પીઆઈ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ જી.જે. ઝાલા, પી.બી મિશ્રા, એએસઆઇ વિપુલભાઈ ગુજરાતી, રૂપકભાઈ બોહરા, હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા, વિજયભાઈ વેગડ, નિમેષભાઈ મહેતા, મયુરભાઈ વિરડા, વિપુલભાઈ ગોહિલ, પૃથ્વીસિંહ ડોડીયા, વિજયગીરી ગોસ્વામી, રણજીતભાઈ ધાધલ, એએસઆઈ અમુભાઈ વિરડા, કોન્સ્ટેબલ નવદીપભાઈ બાબરીયા સાથે રહ્યા હતા.

### આરોપીઓની ક્રાઈમ કુંડળી

માદક પદાર્થની હેરાફેરીમાં ઝડપાયેલા આરોપી મોહમ્મદ કાસીમ સામે ધોરાજીમાં, મારામારીનો, શકીલ સામે વેરાવળમાં મારમારી,મેંદરડામાં એનડીપીએસનો ગુનો નોંધાઈ ચૂક્યો છે. મુખ્ય સૂત્રધાર રૂકસાના ઉર્ફે રૂકલી સામે ધોરાજીમાં મારામારી એટ્રોસિટીનો ગુનો નોંધાઈ ચૂક્યો છે.

# રાજુલા: ભગવાન પરશુરામની મહાઆરતી સાથે બ્રહ્મ ચોર્યાસી - રથયાત્રામાં હજારો ભૂદેવો થયા ધન્ય

## પરશુરામ પ્રાગટ્ય દિવસ સાથે ભૂદેવોએ એકતાના કરાવ્યા દર્શન

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા શહેર ખાતે અખાત્રીજ ના દિવસે ભગવાન પરશુરામના પ્રાગટ્ય દિવસે રાજુલા શહેર તથા રાજુલા વિસ્તાર ના બ્રહ્મસમાજ દ્વારા સાંજે ૪.૦૦ વાગ્યાથી જુના ગાયત્રી મંદિર થી ભરત નગર સમસ્ત બ્રહ્મસમાજ ની વાડી સુધી ભગવાન પરશુરામજી ની રથયાત્રા રાજુલા શહેરના રાજ માર્ગ પર નિકળી હતી. બેન્ડ વાજા અને ધાર્મિક સંગીતની સુરાવલી સાથે પીળા વસ્ત્ર પરીધાનમા તેમજ દરેક ના કંઠ મા જય પરશુરામ ના પીળા ઉપરણા થી સજ્જ ભાઈઓ બહેનો હાથ મા સનાતન ધર્મ ના ભગવા ધ્વજ અને ભગવાન પરશુરામ ના જય ઘોષ તથા સનાતન ધર્મ ના જય નાદ થી રાજુલા શહેર ભગવા રંગે રંગાઈ ગયુ હતુ. રાજુલા ની સનાતન ધર્મ પ્રેમી જનતા આ રથયાત્રા નીહાળી ને ભાવ વિભોર બની હતી.રથયાત્રા ના માર્ગ પર નારાયણ રેસ્ટોરન્ટ ના મનોજભાઈ વ્યાસ દ્વારા શરબત તથા પાણી ની વ્યવસ્થાઓ કરવામા આવી હતી.સાંજે ૭.૦૦ કલાકે રથયાત્રા ભરતનગર બ્રહ્મસમાજ વાડી ખાતે પહોચી હતી. બહેનો દ્વારા રાસ ગરબા અને ભગવાન પરશુરામ ની મહાઆરતી કરવામા આવી હતી.જેમા સમસ્ત બ્રહ્મ સમાજ જોડાયો હતો. કાર્યક્રમ ના અંતે સમૂહ ભોજન પ્રસાદ ની વ્યવસ્થા કરવામા આવી હતી. રથયાત્રા મા માજી ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર, નગરપાલિકા



પ્રતિનિધિ મયુરભાઈ દવે,. કાર્યક્રમનુ આયોજન ભરતભાઈ મહેતા મહેતા પ્રેસ, મનોજભાઈ વ્યાસ નારાયણ રેસ્ટોરન્ટ, હરેશભાઈ તૈરૈયા નીલકંઠ સ્ટુડીઓ, કનકભાઈ જાની બ્રહ્મસમાજ અગ્રણી,દિલીપભાઈ જોષી બ્રહ્મસમાજ અગ્રણી, પરાગભાઈ જોષી, ચીરાગભાઈ જોષી,સંજીવભાઈ જોષીએ કર્યુ હતુ. આ કાર્યક્રમ મા રાજુલા ના અગ્રણીઓ, ભૂપતભાઈ જોષી,ભરતભાઈ રાજ્યગુરુ, જીજ્ઞેશભાઈ જોષી,વિપુલભાઈ મહેતા, એડવોકેટશ્રી રવિભાઈ તૈરૈયા,જીતુભાઈ તૈરૈયા, ભરતભાઈ આચાર્ય, ચેતનભાઈ વ્યાસ, જગદીશભાઈ ઝાંખરા, ભાવેશભાઈ જાની, સંજયભાઈ ત્રીવેદી, પ્રવિણભાઈ, અક્ષયભાઈ જોષી, પ્રકાશભાઈ ઠાકર,પ્રફુલભાઈ રાજ્યગુરુ, નીરવભાઈ ભટ્ટ, દુષ્યંતભાઈ ભટ્ટ સહીત સમગ્ર બ્રહ્મસમાજ હાજર રહ્યો હતો.

# સોમનાથ: ભીલ સ્મૃતિ સંસ્થાન દ્વારા ૧૧ કુંડી યજ્ઞમાં વીરશહિદોને યાદ કરી અપાઈ આહુતિ

**અબતક, જયેશ પરમાર, પ્રભાસપાટણ**

સોમનાથ શહીદ વીર વેગડાજી ભીલ પ્રતિમા સ્થળે આજે કાળાજી ભીલ તથા વેગડાજી ભીલ સ્મૃતિ સંસ્થાન મહુવા દ્વારા આજે વીર શહીદોની યાદમાં ૧૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું જેમાં મહુવા તથા આસપાસના પંથકના ૫૦૦૦ થી વધારે કોળી સમાજના ભાઈઓ બહેનોએ શહીદોને શ્રધ્ધાંજલિ અર્પી યજ્ઞમાં ભાગ લીધેલો હતો વીર વેગડાજી તથા કાળાજી ભીલે પ્રાચીન કાળમાં સોમનાથ મંદિરની રક્ષણ માટે પોતાના જાનનીબાજી લગાવી મંદિરનું રક્ષણ કરતાં કરતાં શહીદ થયા હતા જેના અનુસંધાને પ્રતિ વર્ષ અખાત્રીજે તેઓના બલિદાનને યાદ કરી છે ક મહુવાથી પરિવારો સોમનાથ આવી શ્રધ્ધાંજલિ આપે છે આ કાર્યક્રમનું વીર વેગડાજી ભીલ તથા કાળાજી ભીલ સ્મૃતિ સંસ્થાન મહુવા દ્વારા સંસ્થાના શહીદોના બલિદાનને યાદ કરી તેની પ્રતિમા સોમનાથ મંદિર પટાંગણ સંકુલમાં તારીખ ૨૪ -૨ ૨-૦૧૯ ના રોજ પ્રતિમા પણ સ્થાપવામાં આવી છે

દર વર્ષ ની ફેબ્રુઆરીની ૨૪ તારીખની જેમ આવતા વર્ષ ૨૦૨૭ માં આ સ્થળે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન પણ કરવામાં આવે છે.



# અમરેલીમાં એક શામ શહીદ કે નામ અંતર્ગત ફાયર વિભાગ દ્વારા યોજાયું એક્ઝિબિશન

## ફાયર સર્વિસ ડે નિમિત્તે શહીદ જવાનોને યાદ કરી શ્રદ્ધાંજલિ અપાઈ



એક્ઝિબિશનમાં આગ લાગ્યાની સ્થિતિમાં અપનાવવાના બચાવ ઉપાયો, આગ નિવારણ માટેની તકેદારી તેમજ ફાયર વિભાગ દ્વારા ઉપયોગમાં લેવાતા આધુનિક સાધનો અંગે લોકોને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી શહેરમાં ફાયર ઈમરજન્સી સર્વિસ દ્વારા એક શામ શહીદ કે નામ કાર્યક્રમ અંતર્ગત ફાયર એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ફાયર સર્વિસ ડે નિમિત્તે યોજાયો હતો, જેમાં આગ જેવી આપત્તિઓ સામે જનજાગૃતિ લાવવાનો મુખ્ય હેતુ રાખવામાં આવ્યો હતો.

અમરેલી ફોરવર્ડ ગ્રાઉન્ડમાં યોજાયેલા આ કાર્યક્રમમાં આગ દુર્ઘટનાઓ દરમિયાન ફરજ બજાવતા શહીદ થયેલા બહાદુર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ખાસ કરીને મુંબઈ ડોક યાર્ડમાં બનેલી આગની ઘટના દરમિયાન શહીદ થયેલા ૬૬ જવાનોની યાદમાં આ કાર્યક્રમ સમર્પિત કરવામાં આવ્યો હતો.

ફાયર વિભાગ દ્વારા યોજાયેલા

જિલ્લા કલેક્ટર તથા પોલીસ અધિક્ષક પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સમગ્ર એક્ઝિબિશન નિહાળી ફાયર વિભાગની આ કામગીરીને બિરદાવી હતી.

કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે વર્ષ દરમિયાન ફાયર વિભાગ દ્વારા કરાયેલા સેવા ભાવનાથી ભરેલા કાર્યોને યાદ કરીને તમામ ફાયર જવાનોને અભિનંદન પાઠવ્યા હતાં.

# ભાણવડ: ફલકુ અને નકટી નદી પાસે ગંદકીના ગંજ



**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

ભાણવડ શહેરની શાનમાં વધારો થાય એ માટે ગામ અને રણજીત પરાની વચ્ચે ફલકુ નદી આવી છે અને બીજી વેરાડ ગેઈટ બહાર નકટીના નામે ઓળખાતી નદી રહી છે. પરંતુ આ બંને નદીઓ લાંબા સમયથી ભયંકર રીતે પ્રદૂષિત બની ગઈ છે. વધારામાં શહેરની ગટરોનાં અતિ દુર્ગંધ મારતા પાણી પણ આ બંને નદીઓમાં ઠલવાઈ રહ્યા છે. જેના કારણે નદીઓની રોનક છીનવાઈ ગઈ છે.

અતિશય ગંદકીના કારણે કાંઠા પર વસવાટ કરતા લોકો સુખચેનથી રહી શકતા નથી. માખી મચ્છર જેવી જીવાતોનો ભારે ઉપદ્રવ રહે છે. જેથી લોકોમાં ભયંકર રોગચાળો ફાટી નિકળવાનો ભય ખડો થયો છે. પ્રદૂષિત બની ગયેલી નદીઓની સાફ સફાઈ કરવા માટે અનેક માંગણી લોકોમાંથી થતી હોય છે પરંતુ સરકારી તંત્ર દરકાર લેતું નથી અને આળસ મરડીને બેઠું હોય તેમ લોકો માની રહ્યાં છે.

# ભૂજના ઠંડાપીણાના ધંધાર્થીઓ પર ગરમાગરમ ચેકીંગ: ભેળસેળીયા તત્વોમાં ફફડાટ

## શહેરમાં આઈસ્ક્રીમ-ઠંડાપીણાના નમુના લઈ લેબોરેટરીમાં મોકલાયા



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

ભૂજમા ભરઉનાળે ઠંડા પીણામાં ભેળસેળનું દુષણ અટકાવવા ઠંડા પીણાના ધંધાર્થીઓ પર ગરમા ગરમ ચેકીંગ શરૂ થતા ભેળસેળીયા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આવનાર ગરમીની સિઝનને ધ્યાને લઈ જિલ્લાના વિવિધ વિસ્તારમાં ઉનાળાના સીઝન પ્રમાણે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ઓચિંતી તપાસ કરવામાં આવી રહેલ છે જેને પગલે ભૂજ તાલુકા માં નંદની આઈસક્રીમ, (રસિકલાલ)ન્યૂ રાવલ વાડી સામે, રઘુવંશી સર્કલ પાસે ભુજ ખાતે ફૂડ સેફટી ઑફિસરો એમ.એમ.પટેલ તથા એસ.બી.પટેલ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવેલ જેમાં તપાસ દરમિયાન શંકા ના આધારે રસિકલાલ આઈસક્રીમ કેસર પીસ્તા તથા રસિકલાલ આઈસક્રીમ બ્લેક કરંટ જેવી આઈસક્રીમ ના નમૂના લેવામાં આવેલ જેને એનાલિસિસ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે જેનો રિપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તથા સ્થળ પર એસેન્સ, ફલેવર, કલર જેવા રોમેટિરિયલ એક્સપાયર્ડ જેવા મળેલ જે પેઢીના માલિકે ખરાઈ કરતા તેઓના દ્વારા ફરી ઉપયોગમાં ન આવે તેમજ જાહેર આરોગ્ય સાથે ચેડાં ના થાય તે રીતે તેનો સ્થળ પર ઉપરોક્ત ફૂડ સેફટી ઓફિસર ની હાજરી જથ્થાનો નાશ કરાયો હતો.

# એસએમસીનો ઈનામી બુટલેગર રાજુરામ રાજસ્થાનીને જામનગર એલસીબીએ દબોચ્યા

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાં પ્રોહિબિશનના બે અલગ અલગ ગુનાઓમાં લાંબા સમયથી નાસતા ફરતા અને રૂ. ૨૫,૦૦૦ના ઈનામી આરોપી રાજુરામ હરીરામ સીયાગ બિશ્નોઈને જામનગર પંચકોશી ‘એ’ ડિવિઝન પોલીસ તથા એલ.સી.બી. શાખાની ટીમે સંયુક્ત કામગીરી કરીને રાજસ્થાનના સાંચોરથી ઝડપી પાડી મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે.



આ આરોપી સામે પંચકોશી ‘એ’ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન અધિનિયમ હેઠળના બે ગુનાઓ નોંધાયેલા હતા, અને તે લાંબા સમયથી ફરાર હતો. રાજ્ય મોનીટરીંગ સેલ દ્વારા તેના પર રૂ. ૨૫ હજારનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

પોલીસ દ્વારા મળેલી બાતમીના આધારે આરોપી રાજસ્થાનમાં સાંચોર પોલીસ સ્ટેશનના એક ગુનામાં જેલમાં હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ ટ્રાન્સફર વોરંટ મેળવી જામનગર એલ.સી.બી. અને પંચકોશી ‘એ’ ડિવિઝનની ટીમ સાંચોર પહોંચી હતી. પરંતુ ત્યાં પહોંચતા આરોપી જામીન પર મુક્ત થઈ ચૂક્યો હોવાની જાણ થઈ હતી.

પોલીસે સતર્કતા દાખવી સાંચોર સબ જેલ બહાર નજર રાખી અને યોગ્ય તક મળતા જ આરોપી રાજુરામ સીયાગ બિશ્નોઈને ઝડપી પાડી તેની ધરપકડ કરી હતી. બાદમાં સાંચોર પોલીસ સ્ટેશનમાં કાયદેસરની નોંધ કરીને આરોપીને જામનગર લાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

(પહેલા પાનાનું ચાલું)

### નેપાળ...

૮૦% સુધીની હોય છે. આ નિર્ણયનો નેપાળમાં પણ ભારે વિરોધ થઈ રહ્યો છે. વિરોધ પક્ષ નેપાળી કોંગ્રેસે આ પગલાંને મોંઘવારી વચ્ચે ’ગરીબ વિરોધી’ ગણાવીને તાત્કાલિક પાછું ખેંચવાની માંગ કરી છે. રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના રાજીવ ઝાએ તેને સંપૂર્ણપણે અવ્યવહારુ ગણાવ્યો છે. જ્યારે રાષ્ટ્રીય એકતા દળના અધ્યક્ષ બિનય યાદવે આ પગલાંને ૧૯૫૦ ની શાંતિ અને મિત્રતા સંધિની વિરુદ્ધ ગણાવીને તેને અઘોષિત નાકાબંધી સમાન ગણાવ્યું છે અને ચેતવણી આપી છે કે જો નિર્ણય પાછો નહીં ખેંચાય તો મોટું આંદોલન થશે. બીજી તરફ કાઠમંડુના અધિકારીઓએ આ ચેકિંગને ગેરકાયદેસર આયાત અને મહેસૂલ લિકેજ રોકવાના પ્રયાસ તરીકે રજૂ કર્યો છે. સ્થાનિક વેપારને નુકસાન થતું હોવાની ફરિયાદો બાદ આ પગલું લેવામાં આવ્યું હોવાનો દાવો છે. નેપાળ કસ્ટમ વિભાગના માહિતી અધિકારી પુણ્ય બિક્રમ ખડકાએ સ્પષ્ટ કર્યું છે કે ભારતીય સરહદી બજારોમાંથી લાવવામાં આવતા ૧૦૦ રૂપિયાથી વધુના સમાન પર ડ્યૂટી વસૂલવામાં આવશે, પછી ભલે તે સમાન અંગત ઉપયોગ માટે કેમ ન લાવવામાં આવ્યો હોય. આ સ્થિતિને કારણે ગ્રાઉન્ડ લેવલ પર વેપારીઓની હાલત કફોડી બની છે. ઉત્તરાખંડના બનબસા વેપારી મંડળના અધ્યક્ષ ભારત સિંહ ભંડારીએ જણાવ્યું હતું કે અગાઉ ૫૦ થી વધુ નેપાળી નાગરિકો દરરોજ સાયકલ દ્વારા ૬૦ લાખ રૂપિયાનો સામાન લઈ જતા હતા, જે હવે બિલકુલ ઘટી ગયું છે. ઉત્તર પ્રદેશના સોનૌલી અને બિહારના જોગબની તેમજ રક્સૌલના વેપારીઓ પણ ચિંતિત છે. જોગબનીના દુકાનદાર રમેશ પોદ્દારે નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે સામાન્ય ઘરવખરી માટે ૧૦૦ રૂપિયાની મર્યાદા અવાસ્તવિક છે, માત્ર ચા કે બિસ્કિટ ખરીદવાથી પણ મર્યાદા વટાવી જવાય છે અને લોકોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે.

### શેરબજાર...

મુંબઈ સબર્બન અને બેંગલુરુ પછી અમદાવાદ રાષ્ટ્રીય સ્તરે ટોપ ૧૦ જિલ્લાઓમાં ૩ જા ક્રમે છે. અમદાવાદમાં નાણાકીય વર્ષ ૨૦૧૬ માં ૧.૩ લાખ કરોડ રૂપિયાનું ઈક્વિટી ટર્નઓવર નોંધાયું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૬ માં વધીને ૬.૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. તેમજ સક્રિય રોકાણકારોની સંખ્યામાં અમદાવાદ ૨ જા ક્રમે છે.

સ્ટોક ટ્રેડિંગ પ્રવૃત્તિમાં દાયકા દરમિયાન સુરતે દેશમાં સૌથી ઝડપી વિકાસ નોંધાવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માં સુરતનું ઈક્વિટી ટર્નઓવર ૩.૩ લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે અને તે ૨૩.૫ ટકાનો ૧૦ વર્ષનો કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ ધરાવે છે, જે ટ્રેક કરાયેલા ટોચના જિલ્લાઓમાં સૌથી વધુ છે. રિપોર્ટ અનુસાર, છેલ્લા દાયકામાં સક્રિય રોકાણકારોની સંખ્યામાં સુરતે ૧૧ ગણો વધારો નોંધાવીને ટોચનું સ્થાન મેળવ્યું છે અને નાણાકીય વર્ષ ૨૦૨૬ માં તેના ૭.૬ લાખ રોકાણકારો હતા. નિષ્ણાતોના મતે, આ ઉછાળો ઘરેલું બચતમાં માળખાકીય પરિવર્તન અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ઈક્વિટી બજારોમાં સરળ પહોંચ દર્શાવે છે. અમદાવાદની એક સ્ટોક બ્રોકિંગ કંપનીના ડિરેક્ટર વનેશ પંચાલના જણાવ્યા અનુસાર, છેલ્લા દાયકામાં ગુજરાતમાં રિટેલ રોકાણકારોની સંખ્યા વિસ્તરી છે. જેમાં હવે પરંપરાગત વેપારી પરિવારો ઉપરાંત નોકરિયાત વર્ગ અને નાના વેપારીઓ પણ શેરબજારમાં પ્રવેશ્યા છે, જેના કારણે ઈક્વિટી રોકાણ વધુ મુખ્ય પ્રવાહ બની ગયું છે. નેશનલ સ્ટોક એક્સચેન્જના આ રિપોર્ટ મુજબ, સક્રિય રોકાણકાર એટલે એવો નોંધાયેલો રોકાણકાર છે જેણે આખા વર્ષ દરમિયાન ઓછામાં ઓછો ૧ વાર ટ્રેડિંગ (ખરીદ-વેચાણ) કર્યું હોય. ગુજરાતમાં સ્માર્ટફોન અને ડિજિટલ પ્લેટફોર્મના વધતા વ્યાપના કારણે હવે નવા અને યુવા રોકાણકારો પણ આસાનીથી શેરબજારમાં પ્રવેશીને સક્રિય રોકાણકાર બની રહ્યા છે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**મોરબી :** લીંબડી નિવાસી ચંદનબેન જેઠાલાલ દવે (ઉ.વ. ૧૦૧) તે શ્રી રવાજીરાજ સંસ્કૃત પાઠશાળા-મોરબીના ભૂતપૂર્વ આચાર્ય સ્વ. જેઠાલાલ પ્રામજીવન દવેના પત્ની તેમજ રામકૃષ્ણભાઈ, સ્વ. ગોપાલકૃષ્ણ, રાધાકૃષ્ણ, રંજનબેન, નલીનીબેન અને ભારતીબેનના માતા અને વાંકાનેર નિવાસી સ્વ. જગન્નાથભાઈ ગોવર્ધનભાઈ ભટ્ટના દિકરીનું તા. ૧૯ના રોજ લીંબડી ખાતે અવસાન થયેલ છે. ટેલિફોનીક બેસણું તા. ૨૧ને મંગળવારે સાંજે ૪થી ૭ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# અમદાવાદમાં મુંબઈ ઈન્ડિયન્સના વાવાઝોડાએ ગુજરાત ટાઇટન્સને છિન્ન-ભિન્ન કરી નાખ્યું

## ધીમા પ્રારંભ છતાં મુંબઈ ઈન્ડિયન્સના ૧૯૯, તિલકની આક્રમક સદી, ગુજરાતના માત્ર ૧૦૦ રનમાં ઓલઆઉટ, ૯૯ રનથી હાર્યું



### વર્માનું વિજય "તિલક": છેલ્લા ૨૩ બોલમાં ૮૨ રન ફટકાર્યા

તિલક વર્માએ અણનમ ૧૦૧ રનની ધમાકેદાર ઈનિંગ રમી. તેને ૧૦૧ રનમાંથી ૭૪ રન છગ્ગા અને ચોગ્ગાની મદદથી કર્યા.તેમાં પણ શરૂઆતમાં ૨૨ બોલમાં ૪૯ રન જો કે ત્યારબાદ ૨૩ બોલમાં ૮૨ રન ફટકાર્યા. આ વિસ્ફોટક ઈનિંગમાં તેને ૮ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા. છેલ્લી ૪ ઓવરમાં તિલકે ગુજરાતના બોલરોને આડે હાથ લીધા. ૧૬ થી ૨૦ ઓવરની વચ્ચે તેને ફક્ત ૧૮ બોલનો સામનો કર્યો અને ૬૫ રન બનાવ્યા.તિલક વર્માનો અણનમ ૧૦૧ રન મુંબઈ ઈન્ડિયન્સનો બીજો બેસ્ટ સ્કોર છે. તે માત્ર થોડા રનથી મુંબઈ માટે સૌથી વધુ વ્યક્તિગત સ્કોર ચૂકી ગયો. સૂર્યકુમાર યાદવ આઈપીએલ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે, તેને ૪૯ બોલમાં અણનમ ૧૦૩ રન બનાવ્યા હતા.

**અબતક, રાજકોટ**

ડાબોડી બેટ્સમેન તિલક વર્માની શાનદાર આક્રમક સદીની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે આખરે ફોર્મ હાંસલ કરીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૬ની ટી૨૦ ક્રિકેટમાં પોતાનું ફોર્મ પરત મેળવ્યું હતું.

અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં મુંબઈ સામે ગુજરાત ટાઈટન્સનો ૯૯ રનથી કારમો પરાજય થયો હતો. મુંબઈ ઈન્ડિયન્સે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૯ રનનો નોંધપાત્ર સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સની બેટિંગનો સંપૂર્ણ ધબડકો થયો હતો. ગુજરાત ટાઈટન્સ માટે કોઈ બેટર લડત આપી શક્યો ન હતો અને ૧૫.૫ ઓવરમાં ૧૦૦ રનમાં ટીમ આઉટ થઈ ગઈ હતી. સમગ્ર મેચનું આકર્ષણ તિલક વર્માની સદી અને સ્થાનિક બોલર જસપ્રિત બુમરાહ રહ્યો હતો. વર્તમાન સિઝનમાં એક પણ લેવામાં નિષ્ફળ રહેલા અમદાવાદના જસપ્રિત બુમરાહે આ મેચમાં ગુજરાતની ઈનિંગ્સના પહેલા જ બોલે વિકેટ લઈને સ્થાનિક પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

તેની સાથે સાથે મુંબઈ ઈન્ડિયન્સના મોટા ભાગના બોલરે કમાલ કરી હતી. ખાસ કરીને અશ્વિની કુમારની બોલિંગ પ્રશંસનીય રહી હતી કેમ કે આ સિઝનની અગાઉની મેચમાંથી નજરઅંદાજ કરાયેલા અશ્વિનીએ તેની પહેલી જ ઓવરમાં વિકેટ લીધી હતી

અને અંતે તેણે ચાર ઓવરમાં ૨૪ રન આપીને ચાર વિકેટ ખેરવી હતી.ગુજરાત ટાઈટન્સ માટે વોશિંગ્ટન સુંદરે ૨૬ રન ફટકાર્યા હતા જે ટીમનો સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો.અગાઉ મુંબઈ ઈન્ડિયન્સે પ્રથમ બેટિંગ કરી હતી પરંતુ કેગિસો રબાડાએ ઘાતક બોલિંગ કરીને તેના ત્રણ મોખરાના બેટરને સસ્તામાં આઉટ કરી દીધા હતા. તિલક વર્માએ શરૂઆતમાં ધીમી બેટિંગ કરી હતી. એક સમયે તો તે એકેય બાઉન્ડ્રી પણ ફટકારી શકતો ન હતો

પરંતુ ૧૫મી ઓવર બાદ તે આક્રમક બન્યો હતો. ૧૫મી ઓવરમાં તેણે પ્રસિદ્ધ ક્રિષ્ણાની બોલિગમાં ૧૭ રન ફટકાર્યા હતા આ સાથે મુંબઈ ઈન્ડિયન્સના વળતા પ્રહારનો પ્રારંભ થયો હતો. અત્યાર સુધી ૨૨ બોલમાં ૧૯ રન ફટકારનારા તિલકે બાકીના ૨૩ બોલમાં ૮૨ રન ફટકારી દીધા હતા.

આમ તેણે છેલ્લી છ ઓવરમાં જ ૮૨ રન ફટકાર્યા હતા. અંતે ઈનિંગ્સના છેલ્લા બોલે તેણે સદી પૂરી કરી હતી. ૪૫ બોલની ઈનિંગ્સમાં તેણે આઠ ચોગ્ગા અને સાત સિક્સર ફટકારી હતી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આઈપીએલમાં આ આઠમી સદી હતી અને શુભમન ગિલની ત્રણ સદી ઉપરાંત આ મેદાન પર અન્ય પાંચ બેટરે સદી ફટકારી છે.આઈપીએલની કારકિર્દીમાં તિલક વર્માની આ પ્રથમ સદી હતી. તેનો અગાઉનો સર્વોચ્ચ સ્કોર ૮૪ રનનો હતો. મુંબઈની ઈનિંગ્સમાં તિલક વર્માને બાદ કરતાં નમન ધીરનું યોગદાન રહ્યું હતું.

### અમારા બોલરો નિશાન ચુક્યા એટલે ખરાબ રીતે હાર્યા: ગીલ

મેચ પછી કેપ્ટન શુભમન ગિલએ પોસ્ટ મેચ પ્રેઝન્ટેશનમાં કહ્યું કે, અમે મિડલ ઓવર્સમાં ઘણા વધુ રન આપી દીધા. આવી વિકેટ પર ૧૬૦-૧૭૦ રન પેર સ્કોર હોવો જોઈએ. આ મેચમાંથી અમારા માટે ઘણા પાઠ છે. આ એક નાની અડચણ છે, હવે અમારે રોડ પર બે મેચ રમવાની છે, આશા છે કે અમે જીતતા પાછા આવીશું.

ગિલે વધુમાં જણાવ્યું કે, વિકેટ થોડી સ્લો હતી. અમે યોગ્ય લેન્થ પર બોલિંગ કરી શક્યા નહીં. કેટલીક બોલ આવી રહી હતી, કેટલીક લો કીપ કરી રહી હતી. મિડલ ઓવર્સમાં અમે તે લેન્થને સતત હિટ કરી શક્યા નહીં.

### બૂમ બૂમ બુમરાહ...પાંચ ઈનિંગના દુકાળ પછી પહેલા બોલે જ વિકેટ ઝડપી

જસપ્રીત બુમરાહની છેલ્લી આઈપીએલ વિકેટ ગયા સિઝનમાં ગુજરાત ટાઈટન્સ સામે આવી હતી. તે મેચમાં તેને વોશિંગ્ટન સુંદરને આઉટ કર્યો હતો. ત્યારથી જસપ્રીત બુમરાહ ૧૫૩ બોલ સુધી વિકેટવિહીન રહ્યો. તેને આખરે તેના ૧૫૪મા બોલ પર વિકેટ લીધી. તેને લાંબા સમય પછી તેની પહેલી ઓવર ફેંકી, અને તેને તેના પહેલા જ બોલ પર વિકેટ લઈને ધૂમ મચાવી.જસપ્રીત બુમરાહ સામે ગુજરાત ટાઈટન્સનો સ્ટાર ઓપનર સાઈ સુદર્શન કવર પર કેચ આઉટ થયો. ફિલ્ડરે કેચ લેતાની સાથે જ સ્ટેડિયમમાં હાજર ફેન્સે જોરદાર સેલિબ્રેશન કર્યું, જ્યારે મુંબઈના બધા ખેલાડીઓ વિકેટના સેલિબ્રેશન કરવા માટે સીધા બુમરાહ તરફ દોડી ગયા.



### અશ્વિની કુમારે ચાર વિકેટ ઝડપી મુંબઈની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી

ડાબોડી ફાસ્ટ બોલર અશ્વિની કુમારે પણ મુંબઈની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ડાબોડી ફાસ્ટ બોલરે ગુજરાત ટાઈટન સામે ૪ ઓવરમાં માત્ર ૨૪ રન આપીને ૪ વિકેટ લીધી હતી. અશ્વિની કુમારે માત્ર ૧૮ બોલમાં મેચનું પરિણામ પલટી નાખ્યું હતું, શુભમન ગિલ, શાહરુખ ખાન, રાહુલ તેવતિયા અને રાશિદ ખાનને આઉટ કરીને ગુજરાતને શરણાગતિ સ્વીકારવા મજબૂર કર્યું હતું.

# અદાણી મેડિકલ કોલેજને કચ્છ યુનિવર્સિટીને એફિલિએશન ફી ચૂકવવાનો હાઈકોર્ટનો આદેશ

## યુનિવર્સિટીએ કોલેજ પાસે કુલ ૨૧ કોર્સ માટે એફિલિએશન ફી , લેટ ફી અને જીએસટી મળીને કુલ રૂ. ૩૪ લાખની માંગણી કરી હતી



**અબતક અમદાવાદ**

અમદાવાદની ગુજરાત હાઈકોર્ટે ભુજની ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સને એક મહત્વનો આદેશ આપ્યો છે. કોલેજે કચ્છની ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટીમાં રૂ. ૧૨ લાખ જમા કરાવવાના રહેશે.યુનિવર્સિટીએ કોલેજ પાસે કુલ ૨૧ કોર્સ માટે એફિલિએશન ફી (જોડાણ ફી), લેટ ફી અને જીએસટી મળીને કુલ રૂ. ૩૪ લાખની માંગણી કરી હતી. મેડિકલ કોલેજે આટલી મોટી પેનલ્ટી સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમનું કહેવું હતું કે નવા 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ' મુજબ આટલી બધી પેનલ્ટી ન હોવી જોઈએ. બીજી તરફ, કોલેજને પીજી બેઠકો વધારવા માટે યુનિવર્સિટીના સહી-સિક્કાવાળા પ્રમાણપત્રોની તાત્કાલિક જરૂર હતી. જો આ ન મળે તો વિદ્યાર્થીઓનું નુકસાન થાય તેમ હતું.કોર્ટે વચગાળાનો રસ્તો કાઢતા કહ્યું કે, કોલેજ અત્યારે યુનિવર્સિટીમાં રૂ.૧૨ લાખ જમા કરાવી દે. તેની સામે યુનિવર્સિટીએ કોલેજના જરૂરી ડોક્યુમેન્ટ્સ પર સહી કરી આપવી પડશે જેથી બેઠકો વધારવાની પ્રક્રિયા અટકે નહીં. આ કેસની વધુ સુનાવણી ૨૫ જૂન પર રાખવામાં આવી છે.

# ઉધમપુરમાં બસ ખીણમાં ખાબકતા ૨૧ મુસાફરોનાં મોત

## મૃતકોના પરિવારો માટે રૂ.૨ લાખ અને ઈજાગ્રસ્તો માટે આર્થિક સહાયની જાહેરાત કરાય



**અબતક રાજકોટ**

જમ્મુના ઉધમપુર જિલ્લાના ખગોટ વિસ્તારમાં સોમવારે સવારે એક મોટી દુર્ઘટના ઘટી હતી. રામનગરથી ઉધમપુર જઈ રહેલી એક મુસાફર બસ ચાલકે કાબૂ ગુમાવતા બસ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૨૧ લોકોના મોત થયા છે અને ૫૧ લોકો ઈજાગ્રસ્ત થયા છે.ત્યાંથી પસાર થતા સેનાના જવાનો, સ્થાનિક પોલીસ અને લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ મૃતકોના પરિવારો માટે રૂ.૨ લાખ અને ઈજાગ્રસ્તો માટે આર્થિક સહાયની જાહેરાત કરી છે.

# દાહોદમાં લગ્નપ્રસંગમાં ભોજન લીધા પછી ૪૦૦ થી વધુ લોકોની તબિયત લથડી

## અમદાવાદની એક ગર્લ્સ હોસ્ટેલમાં ૩૮ જેટલી વિદ્યાર્થિનીઓને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા

**અબતક અમદાવાદ**

ગુજરાતમાં ખોરાકી ઝેર (ફૂડ પોઈઝનિંગ) ની બે મોટી ઘટનાઓ સામે આવી છે. દાહોદ જિલ્લાના એક લગ્નપ્રસંગમાં ભોજન લીધા બાદ ૪૦૦ થી વધુ લોકોની તબિયત લથડી છે, જ્યારે અમદાવાદની એક ગર્લ્સ હોસ્ટેલમાં ૩૮ જેટલી વિદ્યાર્થિનીઓને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવી છે.



અભલોડ ગામમાં એક લગ્ન સમારોહમાં હાજર રહેલા ૪૦૦ થી વધુ લોકોને ખોરાકી ઝેરની અસર થઈ છે. અનેક લોકોને સારવાર માટે હોસ્પિટલ દાખલ કરવા પડ્યા છે. આરોગ્ય વિભાગ હાલમાં તપાસ કરી રહ્યું છે કે કઈ વાનગીને કારણે આ સ્થિતિ સર્જાઈ.

એક પટેલ સમાજ દ્વારા સંચાલિત ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓને ઝાડા-ઊલટી અને ઉબકા જેવી ગંભીર સમસ્યાઓ થતા હોસ્પિટલ ખસેડાઈ હતી. કુલ ૩૮ જેટલી છોકરીઓની હાલત બગડતા તેમને તાત્કાલિક સારવાર હેઠળ રાખવામાં આવી છે.

# રિલાયન્સ ગ્રુપના બે અધિકારીઓને બેંક લોન ફ્રોડ અને મની લોન્ડરિંગના કેસમાં જેલમાં ધકેલાયા

## એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ તેમની ૫ દિવસની પૂછપરછ પૂરી થયા બાદ તેમને સ્પેશિયલ જજ હસન અંઝાર સામે રજૂ કર્યા હતા

**અબતક દિલ્હી**

દિલ્હીની એક કોર્ટે સોમવારે રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપના બે પૂર્વ ઉચ્ચ અધિકારીઓ, અમિતાભ ઝુનઝુનવાલા અને અમિત બાપનાને ૨ મે સુધી ન્યાયિક કસ્ટડીમાં (જેલમાં) મોકલી દીધા છે. આ બંને પર બેંક લોન ફ્રોડ અને મની લોન્ડરિંગ (નાણાકીય હેરાફેરી) ના ગંભીર આરોપો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ તેમની ૫ દિવસની પૂછપરછ પૂરી થયા બાદ તેમને સ્પેશિયલ જજ હસન અંઝાર સામે રજૂ કર્યા હતા. ઈડીએ કોર્ટને જણાવ્યું કે તપાસ અત્યંત મહત્વના તબક્કે છે, તેથી તેમને જેલમાં રાખવા જરૂરી છે.

જજે બંને આરોપીઓને ૨ મે સુધી જેલમાં મોકલવાનો આદેશ આપ્યો. ઈડીએ એવી વિનંતી કરી હતી કે બંનેને જેલમાં અલગ-અલગ સેલમાં રાખવામાં આવે, પણ જજે આ માંગ ફગાવી દીધી. જજે કહ્યું કે આ નિર્ણય જેલ સત્તાધીશોનો છે, કોર્ટનો નહીં. અત્યાર સુધીની પૂછપરછમાં ઘણા ડિજિટલ પુરાવા અને ઈમેલ હાથ લાગ્યા છે.તપાસમાં એવા લોકોના નામ પણ સામે આવ્યા છે જેમને આ કૌભાંડથી ફાયદો થયો હોય. સરકારી વકીલે દલીલ કરી હતી કે આ લોકો વગદાર છે. જો તેમને છોડવામાં આવે તો તેઓ પુરાવા સાથે છેડછાડ કરી શકે છે અથવા દેશ છોડીને ભાગી શકે છે. જોકે, આરોપીઓના વકીલે આ વાતનો ઈન્કાર કર્યો હતો.


# પહેલગામમાં થયેલ આતંકી હુમલામાં શહીદ થયેલ આદિલની કુરબાની ગાથા

## આદિલે પ્રવાસીઓને બચાવવા માટે આતંકીની બંદૂકની નળી પકડી લીધી હતી , તેની બહાદુરીને કારણે અનેક લોકોના જીવ બચ્યા

**અબતક રાજકોટ**

ગત વર્ષે ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ પહેલગામની બૈસરન વેલીમાં થયેલા આતંકી હુમલાએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. આ હુમલામાં કાશ્મીરના એક સામાન્ય ઘોડાવાળા (પોનીવાલા) સૈયદ આદિલ હુસૈન શાહની બહાદુરીની ગાથા આજે એક વર્ષ પછી પણ લોકોના મનમાં જીવંત છે. આદિલે પોતાની જાનની પરવા કર્યા વગર પ્રવાસીઓને બચાવવા માટે આતંકીની બંદૂકની નળી પકડી લીધી હતી. આ સંઘર્ષમાં તે શહીદ થયો, પણ તેની બહાદુરીને કારણે અનેક લોકોના જીવ બચ્યા.

શહીદ આદિલના પિતા સૈયદ હૈદર શાહ કહે છે, ''મારો દીકો ધારે તો પોતાની જાન બચાવી શક્યો હોત, પણ તેના અંતરાત્માએ તે સ્વીકાર્યું નહીં.'' આદિલ તેના પરિવારનો એકમાત્ર કમાનાર સભ્ય હતો. પરિવાર માટે મહારાષ્ટ્રના શિવસેના પક્ષ દ્વારા ૧૦-૧૨ લાખના ખર્ચે નવું પાકું મકાન બનાવી આપવામાં આવ્યું છે. સરકાર



તરફથી ૨૦ લાખની સહાય મળી છે. આદિલની પત્નીને સરકારી નોકરી અને ભાઈઓને પણ રોજગારી મળી છે.

પિતા ગર્વ સાથે કહે છે, ''પૈસાની હવે કમી નથી, પણ આદિલની ખોટ ક્યારેય પુરાશે નહીં.''

ભયાનક યાદો જે આજે પણ ધ્રુજાવી દે છે

એસોસિએશનના પ્રમુખ અબ્દુલ વહીદ વાની આજે પણ એ દિવસને યાદ કરીને ધ્રૂજી ઉઠે છે. તેઓ તે દિવસે સૌથી પહેલા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ચારેબાજુ પ્રવાસીઓની લાશો વિખરાયેલી હતી. નાના બાળકો અને મહિલાઓની ચીસો આખી ખીણમાં ગુંજતી હતી. ઘાયલોને ખભા પર ઉંચકીને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

વાણી કહે છે, ''મેં જે દ્રશ્યો જોયા છે, તે ભગવાન કોઈને ના બતાવે. આજે પણ રાત્રે એ ચીસો મને ઊંઘવા દેતી નથી.''


### સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં

# શનિથી સોમ હિટવેવ : મતદાનના દિવસે સુરજદાદા ધગશે!

## દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનમાં સાયક્લોનીક સરક્યુલેશનના કારણે ગુજરાતમાં મહત્તમ તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના

**અબતક, રાજકોટ**

દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનમાં સર્જાયેલા સાયકલોજીક સરક્યુલેશનની અસરના કારણે આગામી ૨૫થી ૨૭મી એપ્રિલ દરમિયાન રાજ્યભરમાં હીટવેવની આગાહી આપવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટમીના મતદાનના દિવસે સુર્યનારાયણ આગનો ગોળો બની જશે રવિવારે આકાશમાંથી અગનવર્ષા થવાની સંભાવના છે. રાજ્યના મોટા ભાગના શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૨થી ૪૪ ડિગ્રી વચ્ચે રહે તેવી દહેશત કરવામાં આવી છે. કાળઝાળ ગરમીના કારણે આમ પણ મતદાન પર અસર પડશે તેવો ડર રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોને સતાવી રહ્યો છે. આવામાં હીટવેવની આગાહી એ ઉમેદવારોના પરસેવા અત્યારથી છોડાવી દીધા છે. ગઈકાલે સોમવારથી રાજ્યભરમાં ગરમીનું જોર વધ્યું છે.




આગામી ૨૬મી એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. ત્યારે રવિવાર હોવાથી મતદારોને કામ ધંધા બંધ રાખવા પડે તેવી સ્થિતિ નહીં સર્જાય પરંતુ જે રિતે હવામાન વિભાગ દ્વારા આગામી ૨૫થી ૨૭ એપ્રિલ દરમિયાન રાજ્યમાં હિટવેવની આગાહી આપવામાં આવી છે. તેનાથી મતદાનની ટકાવારી પર અસર પડે તેવી દહેશત પણ જણાઈ રહી છે. રાજકોટમાં મતદાનના દિવસે મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીએ જ્યારે અમદાવાદમાં ૪૪ ડિગ્રીએ પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મતદાન મથકો પર પણ હીટવેવથી મતદારોને રક્ષણ આપવા ખાસ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે. રવિવારે સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થઈ જવાનું છે. અને સાંજના ૬ વાગ્યા સુધી મતદાન ચાલવાનું છે. આવામાં આકરા તડકાથી બચવા માટે મતદારો સવારના સમયે વહેલુ મતદાન કરી આવે તે હિતાવહ છે. દરમિયાન ગઈકાલ સોમવારથી ફરી મહત્તમ તાપમાનનો પારો ઉંચકાયો છે. કાલે ૪૧.૧ ડિગ્રી સાથે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમદાવાદનું તાપમાન ૪૦.૨ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૯.૬ ડિગ્રી , ગાંધીનગરનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, વલ્લભવિદ્યાનગરનું તાપમાન ૩૮.૯ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, દમણનું તાપમાન ૩૩.૬ ડિગ્રી, ભૂજનુ તાપમાન ૩૯.૨ ડિગ્રી, નલિયાનું તાપમાન ૩૪.૮ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૫.૭ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૯ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૪૦.૯ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૦.૫ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨.૭ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૪.૪ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૧.૧ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, કેશોદનું તાપમાન ૩૮.૫ ડિગ્રી નોંધાયું હતું. ચાર શહેરોનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું.

### ક્યા શહેરનું કેટલું તાપમાન

| | |
|---|---|
| રાજકોટ | ૪૧.૧ ડિગ્રી |
| અમરેલી | ૪૦.૯ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૦.૩ ડિગ્રી |
| અમદાવાદ | ૪૦.૨ ડિગ્રી |
| ડિસા | ૩૯.૬ ડિગ્રી |
| ગાંધીનગર | ૩૯.૬ ડિગ્રી |
| વડોદરા | ૩૯.૬ ડિગ્રી |
| ભૂજ | ૩૯.૨ ડિગ્રી |
| કંડલા એરપોર્ટ | ૩૯ ડિગ્રી |

# મોટી ખાવડીમાં લેબર કોલોનીમાં ૪૭થી વધુ શ્રમિકોને ફૂડ પોઈઝનિંગ

## વીજળી ગુલ હોવાથી અંધારામાં ખોરાક આરોગવો ભારે પડ્યો: શ્રમિકો જી જી હોસ્પિટલમાં સારવાર હેઠળ: તબીબોની ટીમ ખડેપગે, કેટલાક શ્રમિકોને સારવાર બાદ રજા

**અબતક, જામનગર**

જામનગર શહેર નજીક આવેલ મોટી ખાવડી વિસ્તારમાં આવેલી લેબર કોલોનીમાં રાત્રિના સમયે સામૂહિક ફૂડ પોઈઝનિંગની ઘટના બનતા ભારે દોડધામ મચી ગઈ હતી. કોલોનીમાં રહેતા ૪૭થી વધુ શ્રમિકોને ઝેરી ખોરાકની અસર થતા તમામને તાત્કાલિક જામનગરની જી.જી. સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, લેબર કોલોનીમાં રાત્રિના સમયે શ્રમિકો માટે ભોજન બનાવવામાં આવ્યું હતું. જે સમયે શ્રમિકો ભોજન લઈ રહ્યા હતા ત્યારે વીજ પુરવઠો ખોરવાયેલો હતો. અંધારામાં જ ખોરાક આરોગ્યાના થોડા સમય બાદ એક પછી એક મજૂરોને ઉલટી-ઉબકા અને પેટમાં દુખાવાની ફરિયાદ શરૂ થઈ હતી. જોતજોતામાં ૪૭થી વધુ શ્રમિકોની હાલત બગડતા કોલોનીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતા જ તમામ અસરગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. હોસ્પિટલ





તંત્રએ પણ સ્થિતિની ગંભીરતા જોઈ રાત્રિના સમયે જ તબીબોની ટીમને સ્ટેન્ડ ટુ રહેવા આદેશ આપ્યો હતો અને યુદ્ધના ધોરણે સારવાર શરૂ કરી હતી. હાલ તમામ શ્રમિકોની હાલત સ્થિર છે અને પ્રાથમિક સારવાર બાદ કેટલાકને રજા પણ આપી દેવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં અંધારામાં ભોજન લેતી વખતે કોઈ ઝેરી જીવજંતુ કે બગડેલા ખોરાકને કારણે આ અસર થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે, જે મામલે વધુ તપાસ ચાલુ છે.

# મતદાન જાગૃતિ માટે કલેક્ટરે વિવિધ વિભાગોને સોંપ્યું એક્શન પ્લાનનું ભાથું

- રમત-ગમત, શિક્ષણ અને સહકારી ક્ષેત્રના સહયોગથી જિલ્લામાં મતદાન વધારવા હાથ ધરાશે વિશેષ અભિયાન
- જિલ્લા ચૂંટણી અધિકારી પી.બી. પંડ્યાએ વિવિધ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી

**અબતક, જામનગર**

લોકશાહીના મહાપર્વમાં જામનગર જિલ્લાના મતદારોની સક્રિયતા વધારવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પી.બી. પંડ્યાએ 'સ્વીપ' પ્રવૃત્તિઓ અંતર્ગત વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી જનજાગૃતિ માટેના નવતર પ્રયોગો અમલી બનાવવા સૂચના આપી છે.

આ બેઠકમાં ખાસ કરીને ઘર-ઘર સુધી મતદાનનો સંદેશ પહોંચાડવા માટે પીજીવીસીએલને વીજ બિલ સાથે અને સહકારી દૂધ મંડળીઓને દૂધના બિલ સાથે મતદાન જાગૃતિના સ્લોગન છાપવા જણાવાયું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં યુવાનો અને નવા મતદારોની ભાગીદારી વધે તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓ અને કોલેજોમાં રંગોળી, નિબંધ સ્પર્ધા,






ક્વિઝ તેમજ પ્રતિજ્ઞા લેવાના કાર્યક્રમો યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

કલેક્ટર પી.બી. પંડ્યાએ જણાવ્યું હતું કે, મતદાન એ લોકશાહીનો પાયો છે અને દરેક પાત્ર મતદારે અચૂક મતદાન કરવું જોઈએ. તેમણે એલ.ઈ.ડી. સ્ક્રીન પર જાગૃતિના સ્લોગન લગાવવા, જિંગલ્સ વગાડવા અને રમત-ગમત સાથે જોડાયેલા યુવાનોને આ અભિયાનમાં જોડી શપથ લેવડાવવા પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ.એમ. કાથડ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દીપા કોટક સહિત આરટીઓ અને રમત-ગમત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ વિભાગોના સંકલિત પ્રયાસો દ્વારા જિલ્લામાં મતદાનની ટકાવારી મહત્તમ સ્તરે લઈ જવા વહીવટી તંત્રએ મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે.

# દ્વારકા: શારદાપીઠમાં આદ્ય શંકરાચાર્યજી મહારાજની જન્મ જયંતિની ઉજવણી



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકા શારદાપીઠ ખાતે આજે તા.૨૧-૦૪-૨૦૨૬ વૈશાખ સુદ પાંચમને મંગળવારના રોજ સનાતન ધર્મના પ્રચારક એવા ભગવત્પાદ આદ્ય શંકરાચાર્ય મહારાજનો જન્મ જયંતી મહોત્સવ શારદાપીઠના વર્તમાન શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજના માર્ગદર્શનમાં ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવશે.

આ પ્રસંગે શ્રી શારદાપીઠ શંકરાચાર્ય મઠ, દ્વારકામાં આવેલ ગુરૂગાદી ખાતે આવતીકાલે સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ દરમ્યાન ભગવાન આદ્ય શંકરાચાર્યની પાદુકાનું પૂજન તેમજ ભગવાન શ્રી દ્વારકાધીશજીની ધ્વજાજીનું પૂજન તથા ધ્વજારોહણ કરવામાં આવનાર છે. આ સાથે સંતોના આશિર્વાદ સહ પૂ.આદ્ય શંકરાચાર્યજીની જન્મ જયંતિની ભવ્ય ઊજવણી કરવામાં આવશે. આ પ્રસંગે તમામ સનાતન ધર્માનુરાગીને આ ઉત્સવમાં પધારવા તથા આદ્ય શંકરાચાર્યજીના આશિર્વાદ તથા સંતોના આર્શિવાદ પ્રાપ્ત કરવા શારદાપીઠના બ્રહ્મચારી નારાયણાનંદજી મહારાજ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. આદ્ય શંકરાચાર્યનો જન્મ ઈ.સ.૭૮૮માં વૈશાખ સુદ પંચમીએ દક્ષિણ ભારતના નંબૂદરી વંશમાં થયો હતો. તેમણે ૮ વર્ષની વયે તમામ વેદોનું જ્ઞાન મેળવ લીધું હતું. તેમણે ભારત ભ્રમણ કરી દેશની ચારેય દિશાઓમાં ચાર મઠની સ્થાપના કરી હતી જેમાં ગોવર્ધનપુરી મઠ (જગન્નાથપુરી), શૃંગેરી મઠ (રામેશ્વરમ્), શારદા મઠ (દ્વારિકા) અને જ્યોતિર્મઠ (બદ્રીનાથ ધામ)નો સમાવેશ થાય છે. સાંસ્કૃતિક અને આધ્યાત્મિક એકતા માટે આદિ શંકરાચાર્યજીએ વિશેષ વ્યવસ્થા કરી હતી. એવું મનાય છે કે ઈ.સ.૮૨૦માં માત્ર ૩૨ વર્ષની વયે શંકરાચાર્યજીએ હિમાલય ક્ષેત્રમાં સમાધિ લીધી હતી. જો કે શંકરાચાર્યજીના જન્મ અને સમાધિના વર્ષ વિશે મતમતાંતર પણ છે.

# ફૂડ વિભાગના દરોડા: નિયમોના ઉલ્લંઘન બદલ 'બ્લીન્કીટ'નું લાયસન્સ સસ્પેન્ડ:વેચાણ પર રોક

## અસ્વચ્છતા અને શરતોના ભંગ બદલ મનપાની કડક કાર્યવાહી; જરૂરી દસ્તાવેજો રજૂ ન થાય ત્યાં સુધી પેઢીને તાળા

**અબતક, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા ખાદ્ય પદાર્થોની સુરક્ષા અને સ્વચ્છતા મુદ્દે કડક કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં શરુ સેક્સન રોડ પર આવેલી જાણીતી ઓનલાઇન ડિલિવરી પેઢી 'બ્લીન્કીટ કોમર્શિયલ પ્રાઈવેટ લિમિટેડ' સામે હાઈજીનિક સ્થિતિ અને લાયસન્સની શરતોના ભંગ બદલ પગલાં ભરી તેનું તમામ પ્રકારનું વેચાણ અટકાવી દેવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ફૂડ શાખાની તપાસ દરમિયાન આ પેઢીમાં ભારે અસ્વચ્છતા જોવા મળી હતી. આ ઉપરાંત, ફૂડ સેફ્ટીના જરૂરી માપદંડો અને લાયસન્સની મહત્વની શરતોનું પણ ઉલ્લંઘન થતું હોવાનું સપાટી પર આવ્યું હતું. અગાઉ તંત્ર દ્વારા પેઢીને જરૂરી સુધારા કરવા



સૂચનાઓ અપાઈ હોવા છતાં તેનું પાલન ન થતા અંતે મનપા દ્વારા આ આકરું પગલું લેવામાં આવ્યું છે. તંત્ર દ્વારા હાલ આ પેઢીનું લાયસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે અને તમામ જરૂરી દસ્તાવેજો તથા શરતોનું પાલન થયા બાદ જ ફરીથી મંજૂરી આપવાની સ્પષ્ટતા કરી છે. જામનગર મહાનગરપાલિકાની આ કાર્યવાહીથી શહેરમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા અન્ય એકમોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. અધિકારીઓએ આગામી સમયમાં પણ આવી કડક ઝુંબેશ ચાલુ રાખવાની ખાતરી આપી છે

# કાલાવડ નજીક હીટ એન્ડ રન, સગીર સહિત બેના ભોગ લેવાયા

## શેરડીનો રસ પી રહેલા દંપતી અને પિતા-પુત્રને કારે અડફેટે લીધા

## પિતાની નજર સામે માસુમનું અને મહિલાની નજર સમક્ષ પતિનું મોત: બે ગંભીર

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. કાલાવડના માર્કેટિંગ યાર્ડ રોડ પર ફૂટપાથ નજીક ઉભેલા દંપતિ અને પિતા-પુત્ર શેરડીનો રસ પી રહ્યા હતા, ત્યારે પુરઝડપે આવી રહેલી કારના ચાલકે નિયંત્રણ ગુમાવતા ચારેયને ઠોકર મારી દીધી હતી.

આ બનાવમાં કુલ ૪ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી, જેમાંથી બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ બનતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે ઈજાગ્રસ્તોની સારવાર ચાલુ છે.

પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર કાલાવડમાં રહેતા કેસીબેન હરિભાઈ ચાનપા (ઉંમર વર્ષ ૪૭) અને તેમના પતિ હરિભાઈ ચાનપા (ઉંમર ૫૪) કે જેઓ સોમવારે બપોરે ૨.૦૦ વાગ્યાના અરસામાં કાલાવડ માર્કેટિંગ યાર્ડ રોડ પર આવેલા એક શેરડીના રસના ચિચોડા પાસે ઊભા રહીને શેરડીનો રસ પી રહ્યા હતા.

જે સ્થળે કાલાવડ તાલુકાના ડેરી ગામના વતની આયાન અશરફભાઈ ઠાસરીયા નામનો ૧૩ વર્ષનો બાળક અને તેના પિતા અશરફભાઈ ઠાસરીયા (ઉંમર વર્ષ ૪૫) કે જેઓ પણ શેરડીનો રસ પી રહ્યા હતા, જે દરમિયાન જામનગર થી કાલાવડ તરફ પુર ઝડપે આવી રહેલી જી.જે. ૧૦ ડી.એ. ૨૭૪૫ નંબરની કારના ચાલકે પોતાનો કાબૂ ગુમાવી દીધો હતો, અને માર્ગની નજીક શેરડીનો રસ પી રહેલા ચારેય વ્યક્તિઓને હડફેટમાં લીધા હતા.

જે ચારેયને ઠોકર માર્યા બાદ કારચાલક રોડ થી નીચે ઉતરી ગયો હતો, અને કારમાંથી પોતે ઉતરીને ભાગી છુટ્યો હતો. આ ઘટના ને લઈને અફડાતફડી નો માહોલ સર્જાયો હતો.

ઈજાગ્રત બનેલા ચારેય પૈકી કેશીબેનનું પોતાના પતિ હરિભાઈની નજર સમક્ષ સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે અન્ય ઈજાગ્રસ્ત બનેલા પિતા-પુત્ર પૈકી ૧૩ વર્ષીય પુત્ર અયાનનું પોતાના પિતા અશરફભાઈની નજર સમક્ષ કરૂણ મૃત્યુ નીપજ્યું હતું.

આ ઉપરાંત હરિભાઈ ગંભીર સ્વરૂપે ઘાયલ થયા હોવાથી તેઓને કાલાવડની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, તે જ રીતે અશરફભાઈ ને પણ ગંભીર ઈજા થઈ હોવાથી રાજકોટની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે.


અકસ્માતના બનાવની જાણ થવાથી કાલાવડનો પોલીસ કાફલો કાલાવડની સરકારી હોસ્પિટલમાં અને બનાવના સ્થળે દોડી ગયો છે, અને આ અકસ્માતના મામલે ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરી છે. ઉપરાંત રેઢી પડેલી કાર કબજે કરી લઈ તેના ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# સ્વ.ડો.મહેશભાઈ શુક્લ એજ્યુકેશન એન્ડ ચેરિ. ટ્રસ્ટના સર્વરોગ નિદાન કેમ્પમાં ૧૪૭ લોકોએ લીધો લાભ

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

સેવા ભારતી ગુજરાત પ્રેરિત લક્ષ્મણરાવ ઈનામદાર સ્મૃતિ સમિતિ જામનગર અને સ્વ.ડો.મહેશભાઈ દેવજીભાઈ શુકલ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિતે સરસ્વતી શિશુમંદીર કાલાવડ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ અને રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં જી.જી. હોસ્પિટલ જામનગરના તજજ્ઞ ડોકટરોએ જરૂરિયાતમંદ દર્દીઓને પોતાની સેવાઓ આપેલ. ૧૪૭ લોકોએ નિદાન કેમ્પ અને ૩૦ લોકોએ રકતદાનમા ભાગ લીધો હતો.

આ તકે બીજા વિવિધ ટ્રસ્ટો જેવા કે મોટા વડાળા










પાંજરાપોળ તરફથી માટીના માળા અને પાણી માટે કુંડા પક્ષીઓ માટે આપવામાં આવ્યા હતા. અર્હમ યુવા ગ્રુપ - રાજકોટ તરફથી પુઠાના પક્ષી ઘર (ચકલીઓ માટે) આપવામાં આવ્યા હતા અને ઓનીકસ ગ્રુપ - રાજકોટ તરફથી બ્લડ ડોનરોને મોબાઈલ સ્ટેન્ડ આપવામાં આવ્યા હતા.

# દ્વારકા : રાજાધિરાજને ચંદન વાઘાનો શૃંગાર શ્રીજીને બે માસ સુધી પૂષ્પ શૃંગાર થશે

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ વૈશાખ સુદ ત્રીજને અક્ષય તૃતીયા નિમિત્તે ભગવાન દ્વારકાધીશને ઋતુ અનુસાર ચંદન વાઘાનો વિશેષ શૃંગાર કરવામાં આવ્યો હતો. આજથી સતત બે માસ સુધી શ્રીજીને ગરમીની ઋતુ અનુસાર ચંદનના લેપ સાથે દરરોજ વિશિષ્ટ પુષ્પ શૃંગાર યોજવામાં આવશે. આજથી બે માસ સુધી ઠાકોરજીને રાજાધિરાજ સ્વરૂપને બદલે ઠંડક આપતા વસ્ત્રો પરિધાન કરાવવામાં આવશે. બપોરે ૧૨:૦૦ કલાકે શ્રીજીની વિશેષ ચંદનવાઘા શૃંગાર સાથે ઉત્સવ આરતી યોજવામાં આવી હતી. આજથી બે માસ સુધી ગરમીની ઋતુથી બચવા અને શીતળતા પ્રદાન કરવા શ્રીજીને ઠંડા ભોગ એટલે કે મુરબ્બાનું અથાણું, કેરી તથા અન્ય સામગ્રીથી બનાવેલ ગરમાળું, શીખંડ, ખારી મગની દાળ, ચણાની મીઠી દાળ - આ પ્રકારના ઠંડા ભોગ અર્પણ કરવામાં આવશે.

# દ્વારકા : ગોમતી ઘાટ પર મહિલાઓના ચેન્જીંગ રૂમોને અલીગઢના તાળા

## મહિલાઓની સગવડતા કાજે મુકાયેલા ચેન્જીંગરૂમ શોભાના ગાંઠિયા સમાન

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં દર વર્ષે લાખો દર્શનાર્થીઓ દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીના દર્શનની સાથે સાથે પવિત્ર ગોમતી સ્નાનનો લાભ લે છે. વહીવટી તંત્ર દ્વારા થોડા સમય પૂર્વે જ ગોમતી ઘાટ પાસે મહિલાઓ માટે લાખો રૂપિયાના ખર્ચે અદ્યતન ચેન્જંગ રૂમો વસાવ્યા છે. હાલમાં શાળાઓમાં વાર્ષિક પરીક્ષા પૂર્ણ થઈ હોય ઉનાળુ વેકેશન અનઓફીશીયલી ચાલુ થઈ ગયું હોય પ્રવાસીઓનો પ્રવાહ દિન પ્રતિદિન વધી રહયો છે ત્યારે દરરોજ હજારો દર્શનાર્થીઓ ગોમતી સ્નાન કરી રહયા છે ત્યારે મહિલાઓના ચેજીંગ રૂમને તાળા લગાવી દીધા હોય મહિલાઓ ગોમતી સ્નાન બાદ જાહેરમાં કપડા બદલવા મજબૂર બન્યા હોય ક્ષોભજનક સ્થિતિમાં મૂકાય છે. મહિલાઓની સગવડતા કાજે મૂકાયેલ ચેન્જીગ રૂમ તંત્રની ઉદાસિનતાને લીધે મહિલાઓ માટે જ ઉપલબ્ધ ન રહેતાં લાખો રૂપિયાના ખર્ચે વસાવેલ સુવિધા શોભાના ગાંઠીયા સમાન બની રહી છે.





# પેનલ તુટી તો "પદ" ભૂલી જજો: ભાજપના ઉમેદવારો માટે એક લીટીનો સંદેશ

## જે વોર્ડમાં આખી પેનલ વિજેતા નહીં બને તે વોર્ડને પાંચ વર્ષ સુધી સ્થાનીક સ્વરાજ્યની સંસ્થામાં કોઇ જ પદ નહીં અપાય

## ભાજપના ઉમેદવારો છેલ્લા થોડા દિવસથી વ્યક્તિગત પ્રચારના રવાડે ચડ્યા હોય હાઇકમાન્ડે આકરા સંકેતો આપી દીધા

## પેનલ જ્ઞાતિ–જાતિ સહિતના સમીકરણોને ધ્યાનમાં રાખી બનાવાય છે વ્યક્તિગત હિત માટે પક્ષને નુકશાન કોઇ કાળે ચલાવી નહી લેવાય

**અબતક, રાજકોટ**

જીત સામે જોખમ દેખાતા રાજકોટ સહિતની મહાપાલિકાઓમાં ભાજપના ઉમેદવારોએ આખી પેનલને મત આપવાની અપીલ કરવાના બદલે વ્યક્તિગત પ્રચાર શરૂ કર્યા છે. પોતાના સમાજના બળે પોતે જીતી જાય તેવા પ્રયાસો થઇ રહ્યા હોવાના રિપોર્ટ મોવડી મંડળ સુધી પહોંચ્યા છે. જેના આધારે હાઇકમાન્ડ દ્વારા એક લીટીમાં આદેશ આવ્યો છે કે પેનલ તુટી તો પદ ભૂલી જજો. જે વોર્ડમાં આખી પેનલ ચૂંટાશે નહીં તે વોર્ડને પાંચ વર્ષ દરમિયાન કોઇ મહત્વપૂર્ણ પદ આપવામાં આવશે નહીં. મુખ્ય પદ તો દૂરની વાત સમિતિનું ચેરમેન પદ આપતા પહેલા પક્ષ વિચાર કરશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામત બાદ રાજ્યની ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાઇ રહી છે. જેમાં તમામ રાજકીય પક્ષો દ્વારા જ્ઞાતિ-જાતિના સમિકરણોના આધારે પેનલો બનાવવામાં આવી છે. સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ૩૦ ટકા ઉમેદવારોને રિપીટ કરવામાં આવ્યા છે. જ્યારે ૭૦ ટકા ઉમેદવારો નવા છે. આવામાં પાયાના કાર્યકરોમાં ભારોભાર નારાજગી જોવા મળી રહી છે. બીજી તરફ જે આગેવાને સતત ત્રણ ટર્મ જીતી વોર્ડમાં પોતાની ઓળખ ઉભી કરી છે. તેઓને ટિકિટ ફાળવણી માટે નક્કી કરાયેલા માપદંડના કારણે પડતા મૂકવામાં આવ્યા છે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના કાર્યકરોને ટિકિટ નહીં આપવાના પક્ષના નિર્ણયની પણ આકરી આલોચના થઇ રહી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં દાવેદારોની સંખ્યા પણ વધુ હોય ટિકિટ ફાળવણી બાદ કાર્યકરોમાં રોષ અને નારાજગી જોવા મળતી હોય છે. આ વખતે ભાજપ જેવા શિસ્તબધ્ધ પક્ષમાં પણ અસંતોષની આગ શાંત થવાનું નામ લેતી નથી. પ્રચાર દરમિયાન માહોલ બનતો નથી. મતદારોનો પણ ફિક્કો પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. એક ઉમેદવાર સામેની નારાજગી પેનલના અન્ય ત્રણ ઉમેદવારોએ વેઠવી પડે છે.

આવામાં ઉમેદવારોએ પોતાની જીત પાકી કરવા માટે હવે વ્યક્તિગત પ્રચાર શરૂ કર્યો છે. વોર્ડ કે વિસ્તારમાં આવી પેનલને મત આપી વિજેતા બનાવવાના બદલે "આપડું" જોઇ લેજો તેવા પ્રચાર શરૂ થવા માંડ્યા છે. આ પ્રકારનો પ્રચાર ખૂબ જ ગુપ્ત રાહે થતો હોય છે. પરંતુ ભાજપના ઉમેદવારો સોશિયલ મીડિયા પર પોતાના એકના ફોટા સાથે મતદાનની અપીલ કરી રહ્યા છે. રાજકોટ સહિતની મહાપાલિકામાં આ રીતે પ્રચાર શરૂ થઇ ગયો હોવાની વાત મોવડી મંડળના કાને પડી છે. જેના કારણે પ્રદેશ હાઇકમાન્ડ દ્વારા ભાજપના ઉમેદવારો માટે એક લીટીનો સંદેશો આપવામાં આવ્યો છે કે પેનલ તુટી તો "પદ" ભૂલી જજો. જે વોર્ડમાં પેનલ તુટી તેને પાંચ વર્ષ સુધી કોઇ જ મહત્વપૂર્ણ પદ આપવામાં આવશે નહીં. મુખ્ય હોદ્દાઓની વાત તો દુર રહી ખાસ સમિતિમાં સભ્ય તરીકે પણ સ્થાન આપવું કે કેમ? તે અંગે પક્ષ દ્વારા વિચારણા કરવામાં આવશે.

પક્ષ દ્વારા અનામતના આધારે જ્ઞાતિ અને જાતિ સહિતના સમિકરણોના આધારે મહા મહેનતે પેનલો બનાવી છે. બની શકે કે પેનલના ચાર ઉમેદવારો સામાજીક કે આર્થિક રીતે સક્ષમ ન પણ હોય એકાદ ઉમેદવાર થોડો નબળો હોય તો અન્ય ત્રણ ઉમેદવારો તેને સાથે રાખી વિજેતા બનાવવો જોઇએ નહીં કે એક ઉમેદવારની નબળાઇને આખી પેનલની નબળાઇ તરીકે દેખાડવામાં આવે.

આખી પેનલના નામે પ્રચાર કરવાના બદલે વ્યક્તિગત પ્રચારથી પક્ષને પારાવાર નુકશાની થઇ રહી છે. ઉમેદવારોની વ્યક્તિગત તાકાતના આધારે ક્યારેય ચૂંટણી જીતી શકાતી નથી. પક્ષની સંગઠન શક્તિના આધારે ચૂંટણી જંગમાં ફતેહ મેળવી શકાય છે.

ભાજપના ઉમેદવારોને વ્યક્તિગત પ્રચાર બંધ કરી દેવા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા છે. આખી પેનલ માટે મત માંગવા આદેશ આપી દેવામાં આવ્યો છે. પક્ષે જે પેનલો બનાવી છે. તેમાં ઘણી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવી છે. કોઇપણ વ્યક્તિ કે સમાજ પક્ષથી મોટો નથી તે વાત યાદ રાખવા દરેક ઉમેદવારને સુચના આપી દેવામાં આવી છે. વ્યક્તિગત પ્રચાર અભિયાન તાકીદે બંધ કરી દેવાના આદેશ આપવામાં આવ્યા છે. જે વોર્ડમાં પેનલ તુટી તે વોર્ડના વિજેતા બનેલા ઉમેદવારોએ પાંચ વર્ષ માટે પદને ભૂલી જવાનું રહેશે ભલે પછી તે વિજેતા ઉમેદવાર ગમે તેટલો શક્તિશાળી હોય તેને મહત્વપૂર્ણ હોદ્દો આપવામાં આવશે નહીં.

હવે મતદાનના આડે હવે માત્ર પાંચ દિવસ બાકી રહ્યા છે ત્યારે બધુ ભૂલી માત્રને માત્ર કમળ જ ઉમેદવાર છે તે વાતને ધ્યાનમાં રાખી પ્રચારમાં જોડાઇ જવા તમામ કાર્યકરો અને આગેવાનોને પણ સંદેશો મોકલવામાં આવ્યો છે. જે વ્યક્તિ માત્રને માત્ર કમળને કેન્દ્રમાં રાખી ચૂંટણીલક્ષી કામ કરે છે. તેના કામની પક્ષ દ્વારા ચોક્કસ કદર કરવામાં આવશે તેવું પણ વચન આપવામાં આવ્યું છે. ટિકિટમાં કપાયેલા કે ટિકિટ ન મળતા દુભાયેલાઓને હવે શાનમાં સમજી જવા સુચના મોકલી દેવામાં આવી છે. હાઇકમાન્ડના આકરા આદેશ બાદ હવે તમામ આગેવાનો પાર્ટીલાઇનમાં આવી જાય તેવું દેખાય રહ્યું છે.

### ચૂંટણી પરિણામ બાદ અનેક સ્થળોએ સંગઠન માળખામાં ફેરફારની શક્યતા


સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો બાદ રાજ્યના કેટલાક મહાનગર - જિલ્લા કે પછી મંડળોમાં સંગઠન માળખામાં મોટા ફેરફારની શક્યતા હાલ દેખાય રહી છે. જે વ્યક્તિ સંગઠનમાં હોદ્દો ધરાવતા હોવા છતા જેમને ટિકિટ આપવામાં આવી છે. તેવા કાર્યકરો કે આગેવાનો ચૂંટણીમાં વિજેતા બનશે તો તેઓને સંગઠનની કામગીરીમાંથી મુક્ત કરવામાં આવશે. ભાજપ દ્વારા છેલ્લા ઘણા સમયથી એક વ્યક્તિ એક હોદ્દાને વધુ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. આવામાં ચૂંટણી જીતેલા પાસેથી સંગઠનના હોદ્દેદાર પદેથી રાજીનામું લઇ લેવામાં આવશે. જેના કારણે ચૂંટણી પરિણામ બાદ રાજ્યના મોટાભાગના જિલ્લા અને મહાનગરોમાં સંગઠન માળખામાં મોટાપાયે ફેરફાર થઇ શકે છે. જો ધાર્યા પરિણામ નહીં મળે તો આખી ટીમને નિવૃત્ત કરી તેના સ્થાને નવી ટીમ બનાવવામાં આવશે.

---

ગુજરાત બનશે 'બિગ કેટ' સ્ટેટ

# કચ્છનું બન્ની બનશે ચિત્તાનું નવુ સરનામું: વાઘના ડેરા પણ ગુજરાતમાં

## બન્ની વિસ્તારના માલધારીઓ અને સ્થાનિક યુવાનો માટે ગાઇડ, હોસ્પિટાલિટી અને પ્રવાસન ક્ષેત્રે નવી તકો ઊભી થશે



**અબતક, ગાંધીનગર**

ગુજરાત સરકારના વન વિભાગે રાજ્યમાં વન્યજીવોના સંરક્ષણ માટે એક અત્યંત મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જેનો મુખ્ય હેતુ ગુજરાતને વિશ્વનું એકમાત્ર એવું રાજ્ય બનાવવાનો છેજ્યાં સિંહ, વાઘ, ચિત્તા અને દીપડા – આ ચારેય મુખ્ય શિકારી પ્રાણીઓ એકસાથે જોવા મળે.

ચિત્તા દુનિયાનું સૌથી ઝડપી પ્રાણી છે, તેને દોડવા માટે વિશાળ અને ખુલ્લી જમીનની જરૂર હોય છે. બન્નીનું ઘાસનું મેદાન ચિત્તાની આ જરૂરિયાત પૂરી કરવા માટે ભૌગોલિક રીતે સર્વોત્તમ છે. શરૂઆતમાં ચિત્તાઓને સીધા જંગલમાં છોડવાને બદલે ચોક્કસ સુરક્ષિત વિસ્તારમાં રાખવામાં આવશે, જેથી તેઓ કચ્છના વાતાવરણ અને હવામાન સાથે અનુકૂલન સાધી શકે.

અત્યાર સુધી પ્રવાસીઓ માત્ર 'સફેદ રણ' જોવા આવતા હતા, હવે તેઓ 'ચિત્તા સફારી'નો આનંદ પણ માણી શકશે. બન્ની વિસ્તારના માલધારીઓ અને સ્થાનિક યુવાનો માટે ગાઇડ, હોસ્પિટાલિટી અને પ્રવાસન ક્ષેત્રે નવી તકો ઊભી થશે. આ પ્રોજેક્ટ સફળ થતા કચ્છ વિશ્વના નકશા પર વન્યજીવ સંરક્ષણના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવશે.

સરકારે ૪ નવા શાકાહારી પ્રાણી બ્રીડિંગ સેન્ટર નક્કી કર્યા છે. અહીં કુદરતી વાતાવરણમાં હરણ, સાબર, કાળિયાર અને ચિન્કારાનો ઉછેર કરવામાં આવશે. જ્યારે આ પ્રાણીઓની સંખ્યા વધી જશે, ત્યારે તેમને ટ્રકમાં ભરીને વાઘ અને ચિત્તાના વિસ્તારોમાં મુક્ત કરવામાં આવશે.

### બિગ કેટ માટે પ્લાન શું છે ?

ઉત્તર ગુજરાતના અરવલ્લીથી લઈને છેક દક્ષિણ ગુજરાતના ડાંગ સુધીના જંગલ વિસ્તારને જોડતો ખાસ રસ્તો (કોરિડોર) બનાવવામાં આવશે. જેમાં મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર અને નર્મદા જેવા જિલ્લાઓનો સમાવેશ થશે. આગામી ૩ વર્ષમાં કચ્છના બન્ની ઘાસના મેદાનમાં ૫૦ ચિત્તા લાવવાનું આયોજન છે. હિંસક પ્રાણીઓ ભૂખ્યા ન રહે અને માનવ વસ્તીમાં ન આવે તે માટે ૪૫,000 હરણ અને ૩,000 સાબર જેવા શાકાહારી પ્રાણીઓ જંગલમાં છોડવામાં આવશે. બન્નીમાં ચિત્તા માટે ૨૮,૬૭૫ કાળિયાર અને ચિન્કારાની વ્યવસ્થા કરાશે. શાકાહારી પ્રાણીઓની સંખ્યા વધારવા માટે નવા ૪ સંવર્ધન કેન્દ્રો પણ ખોલવામાં આવશે.

---


પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક® સાંધ્ય દૈનિક
વાર્ષિક લવાજમ યોજના
૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

યોજના નં. ૧
લવાજમ
રૂ.૧૧૧૧/-
બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ




યોજના નં. ૨
લવાજમ
રૂ.૧૨૨૫/-
પ્રીમીયમ ૧ કિલો ચા




વિશેષ નોંધ:
(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.
આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234